વર્ષ : 9 ◆ અંક : 1
જાન્યુઆરી-ફેબ્રુઆરી 2019
સળંગ અંક : 49

कर भला होगा भला
- છગનભા



# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે



'પદ્મશ્રી'થી અલંકૃત
**શ્રી ગણપતભાઈ પટેલ**
પ્રેસિડેન્ટ, ગણપત યુનિવર્સિટી, ખેરવા (મહેસાણા)

1. રાષ્ટ્રના 70મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી પ્રસંગે સર્વ વિદ્યાલય, કડીમાં મંડળના મંત્રીશ્રી ડૉ. મણિભાઈ એસ. પટેલ ધ્વજવંદન કરાવી રહ્યા છે તે પ્રસંગની તસવીર.
2. ... દાતાશ્રી ભગુભાઈ પટેલ ગાંધીનગર કેમ્પસમાં ધ્વજવંદન કરાવી રહયા છે તેનું દ્રશ્ય.
3. ... મંડળની ગાંધીનગર શાખાના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ ઉદ્‌બોધન કરી રહયા છે તે પ્રસંગની તસવીર.
4-8. પ્રજાસત્તાક પર્વની ઉજવણી પ્રસંગે પ્રસ્તુત કરવામાં આવેલ સાંસ્કૃતિક કાર્યક્રમનાં દ્રશ્યો.



1



2



3




4



5



6



7



8

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

**कर भला होगा भला**

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

**કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર**

વર્ષ : ૯, અંક : ૧, જાન્યુઆરી-ફેબ્રુઆરી, ૨૦૧૯; સળંગ અંક : ૪૯

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

## અનુક્રમ

● સંપાદકીય : ગુજરાતમાં સર્વોપયોગી એવું એક ગ્રંથાલય હોય... મણિભાઈ પ્રજાપતિ ૧

● શ્રદ્ધાંજલિ : પ્રગતિશીલ શિક્ષણના દ્રષ્ટા આચાર્યશ્રી ડૉ. પી. જી. પટેલની ચિરવિદાય.... ૮

● પ્રાસંગિક : ૧૦

– ઇન્ટરનેશનલ ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ

– શ્રી માણેકલાલ એમ. પટેલ મેમોરિઅલ મેરિટ સ્કૉલરશિપ

– સદ્‌ગત માણેકલાલ એમ. પટેલસાહેબની સ્મૃતિમાં આયોજિત રક્તદાન શિબિર

– ડૉ. સોમભાઈ પટેલને 'શિક્ષણવિદ્ પુરસ્કાર'

૧. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ઇતિહાસની અટારીએથી : તપોભૂમિ – વિદ્યાધામ ડૉ. પ્રહ્લાદ કસ્વેકર ૧૪

૨. 'પદ્મશ્રી'થી વિભૂષિત આપણા સર્વેના ગણપતભાઈ પટેલ વિઠ્ઠલભાઈ અં. પટેલ અને વિષ્ણુભાઈ આ. પટેલ ૧૯

૩. ઊજળા ઇતિહાસની કરુણાન્ત કથા – 'લાંછન' દ'નહરવાલા ૨૪

૪. ગ્રંથસૌરભ મણિભાઈ પ્રજાપતિ ૩૦

– નેતૃત્વનો શ્રેષ્ઠ આદર્શ : પ્રમુખ સ્વામી મહારાજ / ડૉ. એ. સી. બ્રહ્મભટ્ટ

– જૈન વિશ્વકોશ : જૈન ધર્મનો પ્રથમ એન્સાઈક્લોપીડિયા સંપા. પદ્મશ્રી કુમારપાળ દેસાઈ અને ગુણવંત બરવાળિયા

૫. સંસ્થા સમાચાર

– યુનિવર્સિટી / કૉલેજ વિભાગ ૩૬

– શાળા વિભાગ ૪૨

**પત્રવ્યવહારનું સરનામું :**

**મણિભાઈ પ્રજાપતિ :** ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ,

**કડી સર્વ વિશ્વવિદ્યાલય,**

એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કૅમ્પસ,

સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬

e-mail : manibhaiprajapati@gmail.com

ફોન : મો. ૯૬૦૧૨૭૩૮૩૬, ૦૭૯-૨૩૨૪૪૬૯૦

**સંપાદકીય**

## ગુજરાતમાં સર્વોપયોગી એવું એક ગ્રંથાલય હોય...

આજે મારે થોડીક વાત કરવાની છે 'ગુજરાતમાં સર્વોપયોગી એવું એક ગ્રંથાલય હોય.' તેના વિશે. પરંતુ વિનમ્રભાવે જણાવું છું કે આપ સૌ વિદગ્ધ સાહિત્ય-સર્જકો તથા ભાવકો કે જેમની રગેરગમાં ગ્રંથ / ગ્રંથાલયનું માહાત્મ્ય પ્રસરી ગયું હોય અથવા કહીશું કે જેમના લોહીનો લય બની ગયું હોય તેમને આ વાત કરવી એટલે **'मोहादुडुपेनास्मि सागरम्'** જેવી મનોદશા અનુભવું છું. આમ છતાં એક ગ્રંથાલયી તરીકેના અનુભવોના આધારે વાત કરવા પ્રેરાયો છું. અને આ સાથે જ વંદન કરું છું આ પવિત્ર ભૂમિ સુરતના તેમ જ ગુજરાતી ભાષા-સાહિત્યના પ્રબુદ્ધ સર્જક સદ્‌ગત ભગવતીકુમાર શર્માને કે જેમણે ગુજરાતી ભાષામાં ગ્રંથ – ગ્રંથાલય અને ગ્રંથપાલનું – અર્થાત્ જ્ઞાનનું મહિમાગાન કરતા વિષયવસ્તુ આધારિત સંભવતઃ પ્રથમ નવલકથા આપી છે. ગ્રંથાલયની પાર્શ્વભૂ ઉપર રચાયેલી આ યશોજ્વી કૃતિ છે **'અસૂર્યલોક'** કે જેનું પ્રકાશન ગુજરાતી સાહિત્યની પ્રથિતયશ નવલકથા 'સરસ્વતીચંદ્ર'ના પ્રકાશનની શતાબ્દીના વર્ષમાં અર્થાત્ ૧૯૮૭માં એક શકવર્તી ઐતિહાસિક ઘટના સમાન થયું છે. આ કૃતિમાં સર્જક ભગવતીકુમાર શર્માએ નવલકથાનો નાયક તિલક કે જેનું લેખક સ્વયં પ્રતિનિધિત્વ કરે છે, તેના પ્રજ્ઞાચક્ષુ પિતા નિગમશંકર કે જે પંડિત સુખલાલજીનું પ્રતિનિધિત્વ કરે છે તે અને ગ્રંથાલયપ્રેમી ઉદારદિલ દાતા શ્રી ગોરધન શેઠના ચરિત્રના માધ્યમથી એક આદર્શ ગ્રંથાલય – જ્ઞાનતીર્થ – ની જે પરિકલ્પના રજૂ કરી છે તે દૂરંદેશિતાપૂર્ણ હોઈ આપણાં સાર્વજનિક ગ્રંથાલયોનાં નીતિનિર્ધારકોએ અમલીકૃત કરવા જેવી છે.

આ એક એવું ગ્રંથાલય છે કે જેનો ગ્રંથપાલ એક સારો વાચક, પ્રતિભાસંપન્ન અને ઉત્સાહી યુવક છે, અને આ ગ્રંથાલય નગરના તમામ સ્તરના વાચકો – પ્રૌઢો, દિવ્યાંગો મહિલાઓ, બાળકો સહિતનાની રસ-રુચિ તથા જરૂરિયાતોની સંતર્પક પરિપૂર્તિ કરવાની સાથેસાથે બહુવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના ધબકતા કેન્દ્ર તરીકે કાર્યરત છે. આ ગ્રંથાલય-ભવનનું સ્થાપત્ય અને તેનો ગ્રંથપાલ કેવાં સક્ષમ હોવાં જોઈએ તે સૂચવવાની સાથે ગ્રંથપાલ વિશે સમાજમાં પ્રચલિત ખ્યાલો – તેજસ્વી વિદ્યાર્થી હોય તેણે અધ્યાપક... વગેરે થવું જોઈએ નહીં કે ગ્રંથપાલ વગેરે. અર્થાત્ ગ્રંથપાલ સામાન્ય સ્તરનો હોય – ની ચર્ચાને વણી લઈને પ્રજ્ઞાવાન ગ્રંથપાલ સમાજ માટે કેટલો ઉપકારક છે તે પ્રસ્થાપિત કરી આપ્યું છે. આ સાથે જ એક ગ્રંથાલયી તરીકે દુઃખ એ અનુભવું છું કે વ્યવહાર જગતમાં જેમ ગ્રંથાલય અને ગ્રંથપાલ પ્રાયઃ ઉપેક્ષિત છે તેમ મારી જાણ મુજબ ગુજરાતી નવલકથામાં ગ્રંથાલય અને ગ્રંથપાલ મુખ્ય વિષયવસ્તુ તરીકે પ્રથમ વખત રજૂ થયેલ હોવા છતાં કોઈ વિવેચકે આ નવતર વિષય હોવાનો અંગુલિનિર્દેશ કર્યો નથી, અલબત્ત, તેના કળાસૌંદર્ય, રચનાવિધાન વગેરે સંદર્ભે સુરેખ વિવેચના કરવામાં આવી છે. આ સંબંધી એક અપવાદ તરીકે બિલિમોરાની એજ્યુકેશન કૉલેજના પ્રિ. જે. એમ. નાયકે આ બાબતની સ્પષ્ટ નોંધ લીધી છે. વધુમાં, તેમણે નોંધ્યું છે કે આ નવલકથામાંથી પ્રેરણા મેળવીને મહાદેવ દેસાઈ, જયપ્રકાશ મહેતા વગેરેએ નવસારીના 'શ્રી સયાજી વૈભવ ગ્રંથાલય'નો બહુઆયામી રીતે જીર્ણોદ્ધાર કરીને તેને ખરા અર્થમાં 'ગ્રંથતીર્થ'માં પરિવર્તિત કરી દીધું, જેની પ્રવૃત્તિઓ અને સેવાઓથી પ્રભાવિત થતાં અનેક સારસ્વતોએ નવસારીને 'ગ્રંથતીર્થ', 'ગુજરાતના વાચન પાટનગર', 'ગ્રંથનગરી' વગેરે અભિધાનો આપી મુક્તકંઠે વખાણ્યું છે. આજે જરૂર છે ગુજરાતનાં ગામે ગામે, નગરે નગરે આવાં ક્રિયાશીલ જ્ઞાનતીર્થોની અને શ્રી મહાદેવ દેસાઈ જેવા પ્રતિબદ્ધ કર્મશીલોની. સર્જનાત્મક સાહિત્યનો સમાજ ઉપર કેવો પ્રભાવ પડે છે તેનું આ એક ઉત્તમ ઉદાહરણ છે.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણીના વર્ષમાં આપણું આ ૩૦મું જ્ઞાનસત્ર આયોજિત થઈ રહ્યું છે અને આ પ્રસંગે સર્વોપયોગી ગ્રંથાલય વિશે વાત કરતા હોઈએ ત્યારે પૂ. બાપુના ગ્રંથાલય વિશેના વિચારો જાણવા પ્રસંગોચિત બની રહે છે. તેમણે ૧૯૩૩માં અમદાવાદમાં 'માણેકલાલ જેઠાભાઈ પુસ્તકાલય'ની શિલારોપણ વિધિ પ્રસંગે ઉદ્‌બોધન કરતાં જણાવ્યું હતું કે –

"મેં આશા રાખેલી છે કે અમદાવાદ રળિયામણું થાય... અહીં રહ્યો ત્યારથી મારું એ સ્વપ્નું રહ્યું જ છે કે અમદાવાદમાં સારામાં સારું પુસ્તકાલય હોય, બીજી સંસ્થાઓ પણ એવી હોય કે જેથી અનેક માણસોને આવવાનું મન થાય... પુસ્તકાલય વિશે કેટલાક આદર્શો હું સેવી રહ્યો છું ને તમારી આગળ મૂકી જાઉં. પુસ્તકાલયનું મકાન એવી રીતે બાંધજો કે એ જેમજેમ વધતું જાય તેમતેમ તેની શાખા વધે ને મકાનમાં વધારો થઈ શકે, છતાં વધારો કર્યો છે એવી ખબર ન પડે ને મકાન કૂબડું ન લાગે. એ પુસ્તકાલયમાં ભાષણો અપાય, વિદ્યાર્થીઓ આવીને શાંતિથી વાંચી શકે ને અભ્યાસ કરી શકે, કેટલાક કેવળ શોધખોળ કરનારા વિદ્વાનો આવીને અભ્યાસ કરી શકે, એ સગવડનો વિચાર કરીને મકાન બાંધજો. આપણો આદર્શ તો એ હોય કે આજે દુનિયામાં મોટામાં મોટું ને સારામાં સારું પુસ્તકાલય બનાવી શકીએ... પુસ્તકાલયનો દિવસે દિવસે વિકાસ થતો જાય એવું કરજો. ગ્રંથપાલ કોઈ વેપારીને ન રાખજો કે ફક્ત પુસ્તકોને સાચવી શકે. પણ એવો રાખજો કે જે પુસ્તકોને સમજે, તેની પસંદગી કરી શકે. એવો કોઈ સ્વયં-સેવક ન મળે તો વધારે રૂપિયા આપજો... પુસ્તકો બગડે કે ચોરાઈ જાય તો સહન કરજો... પુસ્તકાલયની સમિતિ બરાબર કરજો, એમાં વિદ્વાનોને રાખજો, તો પુસ્તકાલયને જીવતું રાખવામાં મદદ થશે." (ગાંધીજીનો અક્ષરદેહ ભાગ-૫૬, પૃ. ૧૫-૧૬) આજે પણ પ્રસ્તુત બની રહે છે.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી તથા ભગવતીકુમાર શર્માનાં આ સ્વપ્નો અને એક ગ્રંથાલયી તરીકેના અનુભવોના આધારે ગુજરાતનાં ગ્રંથાલયો તરફ દૃષ્ટિપાત કરું છું ત્યારે મનમાં સહજ રીતે વિષાદ ઊભરાઈ આવે છે. આપ સૌ વિચારી જુઓ કે આજે ગુજરાતના કોઈ એક નગરમાં સર્વોપયોગી સાર્વજનિક ગ્રંથાલય અસ્તિત્વમાં છે ખરું ? કે જે સમાજના વિવિધ સ્તરના વાચકોની ઇચ્છિત ભાષાઓ અને વિષયોમાં જરૂરિયાતોની પૂર્તિ કરતું હોય ! સ્વાભાવિક રીતે જ આપણી દૃષ્ટિ રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, વડોદરા અને ગાંધીનગર તરફ જાય. આ બંને ગ્રંથાલયોની

રૂબરૂ મુલાકાત લેતાં સ્પષ્ટ માલુમ પડ્યું છે કે આ બંને સાર્વજનિક ગ્રંથાલયો ઘણીબધી મર્યાદાઓ અને ઊણપોથી ગ્રસ્ત હોવાની સાથે રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલયની પાયાની વિભાવના, અપેક્ષિત ગ્રંથસમૃદ્ધિ અને સેવાઓના વ્યાપથી પણ બહુ દૂર છે. આ સાથે જ આપણી માતૃભાષાના ગ્રંથાલય વિશે વિચારીએ તો ગુજરાતમાં આજે એવું કોઈ એક ગ્રંથાલય અસ્તિત્વમાં છે કે જ્યાં ગુજરાતી ભાષા-સાહિત્યમાં પ્રગટ થયેલું સઘળું સાહિત્ય ઉપલબ્ધ હોય, એટલે કે ઈ. સ. ૧૭૯૮માં પ્રગટ થયેલા ગુજરાતી ભાષાના પ્રથમ પુસ્તક **મોબેદ બહેરામ** કૃત **'ખુરદે અવસતા** (૮ + [૧૦] + ૨૯૪ પૃ.)થી શરૂ કરીને (અત્રે ઉલ્લેખ કરવો રહ્યો કે ઈ. સ. ૧૮૦૮માં પ્રગટ થયેલ પુસ્તક ડૉ. રોબર્ડ ડ્રમંડ કૃત 'Illustrations of the Grammatical Parts of the Guzerattee, Maharatt and English Languages'ને ગુજરાતી ભાષામાં મુદ્રિત થયેલ પ્રથમ પુસ્તકનું શ્રેય આપવામાં આવતું હતું. પરંતુ **મેહલી ભાંડૂપવાલા**એ 'ગુજરાતી છાપાકામની સાલવારી ટીપ : જૂન ૧૮૨૨ સુધી' (ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક ૮૦.૨-૩-૪ : ૨૮૩-૨૯૩) ખંતથી સંશોધન કરીને ગુજરાતીમાં પ્રથમ મુદ્રિત પુસ્તકનું શ્રેય **'ખુરદે અવસ્તા'** (૧૭૯૮)ને પ્રસ્થાપિત કરી આપ્યું છે, જે ધ્યાને લેવું રહ્યું.) અથવા અદ્યાવધિ પ્રગટ થયેલાં સઘળાં નહીં તો કમ સે કમ ઉચ્ચ ગુણવત્તાવાળાં બધાં જ પુસ્તકો ગુજરાતના કોઈ એક ગ્રંથાલયમાં સંગૃહીત છે ખરાં ? ઉત્તર સ્પષ્ટ છે 'ના.' આમ છતાં કદાચ, કોઈ આંગળી ચીંધે કે ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય, મધ્યસ્થ ગ્રંથાલય (વડોદરા), ગુજરાતી સાહિત્ય પરિષદનું ગ્રંથાલય, હંસા મહેતા લાઇબ્રેરી (વડોદરા), ફાર્બસ ગુજરાતી સભા (મુંબઈ) વગેરે ગ્રંથાલયો છે. હા, આ બધાં મહત્ત્વપૂર્ણ ગ્રંથાલયો ખરાં, પરંતુ આ બધાં જ ગ્રંથાલયોમાં કલ્પનાતીત ખૂટતી કળીઓ તરી આવે છે. હકીકત તો એ છે કે ગુજરાતી ભાષામાં પ્રગટ થયેલાં પુસ્તકો પૈકી ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલયમાં સંભવતઃ ૬૦% – ૭૦% જેટલાં પુસ્તકો સંગૃહીત હશે, અને અહીં સંગૃહીત પુસ્તકો પૈકી જૂનાં પુસ્તકોની વપરાશ ક્ષમતા કેટલી ? આ ઉપરાંત ગુજરાતનાં બધાં જ ગ્રંથાલયોમાં સંગૃહીત ગુજરાતી પુસ્તકોને ધ્યાને લઈએ તો પણ બધાં જ મુદ્રિત પુસ્તકો મળવાની કોઈ સંભાવના નથી. વળી, આ બધાં ગ્રંથાલયોના ઉદ્દેશો ભિન્નભિન્ન હોવાથી ગુજરાતી ભાષામાં પ્રગટ થતાં બધાં ઉત્તમ પુસ્તકો હોવાં જ જોઈએ કે વસાવવાં જોઈએ તેવી ગ્રંથસંગ્રહ વિકાસનીતિ સુધ્ધાં ધરાવતાં નથી કે નથી તેમની પાસે પર્યાપ્ત બજેટ અને માનવબળ.

આપણાં આ બધાં ગ્રંથાલયો પૈકી આજે કોઈ એક ગ્રંથાલય દાવો કરી શકશે કે અમારી પાસે લબ્ધપ્રતિષ્ઠ લેખકોનાં બધાં જ પુસ્તકો પ્રાપ્ય છે ? જો કોઈ ગ્રંથાલય પાસે વર્તમાનકાલીન સર્જકોનાં પુસ્તકો ન હોય તો થોડાક દૂરના ભૂતકાળના સર્જકો જેમકે ઠક્કુર નારાયણ વિસનજીની ઐતિહાસિક નવલકથાઓ, નારાયણ હેમચંદ્રનું વિપુલ સાહિત્ય, પારસીઓનું ગુજરાતી સાહિત્ય (પારસી ગ્રંથાલયો સિવાય સંગ્રહાયું છે ખરું ?), ગુજરાતી પ્રિન્ટિંગ કળાના પ્રારંભથી આજ દિન સુધી વખતોવખત પ્રગટ થતાં રહેલાં સામયિકો (વર્તમાનપત્રો, સાપ્તાહિકો, માસિકો વગેરે) પૈકી કમ સે કમ ગુજરાતી ભાષા-સાહિત્યની દૃષ્ટિએ કે અન્ય વિવિધ વિષયોની દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ એવાં સામયિકો ક્યાંય સંગૃહીત છે ખરાં ? જૈનાચાર્યોનાં મૌલિક, સંપાદિત અને અનુવાદિત પુસ્તકો (હસ્તપ્રતો નહીં) / સામયિકો જૈન જ્ઞાનભંડારો સિવાય જૂજ અપવાદો બાદ કરતાં કોઈ ગ્રંથાલયમાં વસાવવામાં આવે છે ખરાં ?, એકથી અધિક આવૃત્તિવાળાં પુસ્તકો પૈકી કેટલાંક મહત્ત્વપૂર્ણ પુસ્તકોની પ્રથમ આવૃત્તિઓ અથવા જે-તે પુસ્તકની બધી જ આવૃત્તિઓ ક્યાંથી શોધીશું ?, ઉદા. તરીકે 'સરસ્વતીચંદ્ર'ની બધી જ આવૃત્તિઓ અને કોપીરાઈટનો હક્ક નાબૂદ થયા પછી વિવિધ પ્રકાશકો દ્વારા મુદ્રિત કરવામાં આવેલાં સંસ્કરણો કોઈ એક ગ્રંથાલયમાં મળશે ખરાં ? થિયોડોર હોપ કે જર્વિસ દ્વારા સંપાદિત પાઠ્યપુસ્તકો ક્યાંથી શોધીશું ? ગણિત-વિજ્ઞાનનાં પુસ્તકો (પાઠ્યપુસ્તકો બાદ કરતાં) ક્યાં ઉપલબ્ધ થશે ? આ પ્રશ્નોનો આપણી પાસે કોઈ જ ઉત્તર નથી અર્થાત્ એવું કોઈ ગ્રંથાલય અસ્તિત્વમાં નથી કે જે ગુજરાતી ભાષા-સાહિત્યના સંશોધકોની જરૂરિયાતો સંતોષી શકે.

આ સાથે એ પણ સ્મૃતિ અપાવવી રહી કે ગુજરાતી ભાષામાં વર્ષ ૧૭૯૮માં પ્રથમ પ્રગટ થયેલ પુસ્તકથી શરૂ કરીને આજસુધી ગુજરાતી ભાષા-સાહિત્યમાં કયાં કયાં પુસ્તકો મુદ્રિત થયાં તેની કડીબદ્ધ વિગતો દર્શાવતી એક સૂચિ તથા કમ સે કમ ૨૦મી સદી પૂર્વે પ્રકાશિત થયેલાં પુસ્તકો કયાં કયાં ગ્રંથાલયો / અંગત ગ્રંથસંગ્રહોમાં

સંગૃહીત છે તેની સંઘસૂચિ પણ આપણી પાસે નથી. આ સંદર્ભે ખાસ ઉલ્લેખ કરવો રહ્યો કે આ સંબંધી પ્રકાશ વેગડ, કિરીટ ભાવસાર – અચ્યુત યાજ્ઞિક, સાહિત્ય અકાદેમી (નવી દિલ્હી), સેન્ટ્રલ રેફરન્સ લાઇબ્રેરી (કોલકતા), ડૉ. રમણ સોની વગેરે દ્વારા પ્રયાસો કરવામાં આવ્યા છે, જે આવકાર્ય છે. આમ છતાં, આ ક્ષેત્રે ઘણો જ લાંબો પંથ કાપવાનો છે. શ્રી કિરીટ ભાવસાર – અચ્યુત યાજ્ઞિક દ્વારા સંપાદિત 'આદિમુદ્રિત ગ્રંથોની સૂચિ' (૨૦૦૪)માં વર્ષ ૧૮૦૮થી ૧૮૬૬ સુધી પ્રકાશિત થયેલાં પુસ્તકો પૈકી ૧૧૪૯+૨૯ પુસ્તકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. પરંતુ આ સૂચિ પ્રત્યક્ષ પુસ્તકોના આધારે નહીં પરંતુ પ્રાયઃ Secondary Sourcesના આધારે તૈયાર કરવામાં આવી છે, તેથી અપેક્ષિત બધી જ વિગતોનો ચોકસાઈથી સમાવેશ થઈ શક્યો નથી. આજે આપણે જરૂર છે – આ સૂચિમાં સમાવિષ્ટ પુસ્તકો કયાં સંગૃહીત છે તે જાણવાની કે જેથી તેનો સંશોધકો ઉપયોગ કરી શકે. તેમ જ આ સમયગાળા દરમિયાન આ સિવાય અન્ય કોઈ પુસ્તકો મુદ્રિત થયાં હતાં કે કેમ ? તે પણ જાણવું જરૂરી બની રહે છે.

આ હેતુસર બહુઆયામી સમૃદ્ધ સાહિત્ય સંગ્રહ કે જેમાં મુદ્રિતસામગ્રી – પુસ્તકો, સામયિકો વગેરે ઉપરાંત હસ્તપ્રતો, શોધપ્રબંધો, વિજાણુકીય માધ્યમોમાં ઉપલબ્ધ સામગ્રી સંગૃહીત હોય, અદ્યતન ઇન્ફર્મેશન કોમ્યુનિકેશન ટૅક્નૉલૉજીનો સુચારુ રીતે વિનિયોગ કરીને 'Virtual Library'ની પ્રસ્થાપના કરીને સઘળી સેવાઓ ઓનલાઈનથી સક્ષમ રીતે ૨૪ કલાક અને ૩૬૫ દિવસ પૂરી પાડતા તથા તેના ઉપક્રમે વૈવિધ્યશીલ સાહિત્યસૂચિઓ, અનેકવિધ સાહિત્યિક તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વગેરેનું નિરંતર આયોજન કરતા ગ્રંથાલયની જરૂરિયાત બની રહે છે. આજે, અંગ્રેજી ભાષાના વધતાજતા પ્રભાવના કારણે સમગ્ર દેશમાં ભારતીય ભાષાઓના અસ્તિત્વ સામે ખતરાની ઘંટડીનો રણકાર શરૂ થઈ ગયો છે તેવા સમયે માતૃભાષાના સંવર્ધન માટે આજે પર્યાપ્ત ગણી શકાય એવા માતૃભાષા ગુજરાતી ભાષા-સાહિત્યનાં ગ્રંથાલયનો અભાવ જોતાં તેની અનિવાર્ય આવશ્યકતા સામે નજરઅંદાજ કરે પાલવશે નહીં.

ગુજરાતી ભાષા-સાહિત્યના સમૃદ્ધ ગ્રંથાલયના અભાવની સાથે જ આપણી માતૃભાષા ગુજરાતીમાં પ્રગટ થતી સાહિત્ય-સંપદા ઉપર દૃષ્ટિપાત કરતાં જોઈ શકીએ છીએ કે ભાષા-સાહિત્ય બાદ કરતાં અનેક વિષયોમાં ખેડાણ અપર્યાપ્ત છે. 'ગ્રંથ' અને 'પ્રત્યક્ષ' બંધ થયા પછી માત્ર ગ્રંથાવલોકનોને વરેલું બહુવિધ દૃષ્ટિકોણથી ઉપયોગી એવું એક સામયિક પણ આજે આપણી પાસે નથી કે નથી બાળકો માટે એકાદ સક્ષમ સામયિક, આ એક વિડમ્બના જ ગણવી રહી. અહીં ઉપસ્થિત આપ સૌ પ્રબુદ્ધસર્જકોને આ અભાવની પૂર્તિ માટે ચિંતનશીલ અને પ્રયત્નશીલ બની રહેવા સાદર પ્રાર્થના.

આ સાથે એ પણ ધ્યાનાર્હ બની રહે છે કે માનવજીવનમાં પુસ્તકોનું અને તેના વાચનનું મહત્ત્વપૂર્ણ સ્થાન રહ્યું છે. કવિ ન્હાનાલાલે આજના માનવીની સંકુલ મનોદશા દર્શાવતું આબેહૂબ ચિત્રણ પોતાના નાટક, 'ઇન્દુકુમાર'ની નાયિકા કાન્તિના મુખે મૂકેલા શબ્દોમાં : 'અરેરે ! હૃદયની આજ્ઞા એક / અને ચરણનાં ચાલવાં બીજાં / આશાઓ અમૃત ભરી / અને અનુભવો લીલા ઝેરના'માં કર્યું છે, જેનું મૂળ કારણ વાચનવૃત્તિનો અભાવ છે. વળી, આપણું વાચન પણ આપણી ચેતનાને સંકોરે તેવું સત્ત્વશીલ અને સમજણપૂર્વકનું હોવું જોઈએ. સંસ્કૃત સૂકિત 'જ્ઞાનાયપેત્ય યા વૃત્તિઃ સા વિનાશયતિ પ્રજાઃ' અર્થાત્ જ્ઞાનથી વિમુખ વૃત્તિ પ્રજાનો વિનાશ નોતરે છે – ની શીખ પણ અસ્થાને નથી જ. કારણ કે આપણે સૌ અનુભવીએ છીએ કે વાચન એ માત્ર શોખનો વિષય નથી, પરંતુ આપણી કેળવાયેલી નાગરિકતા માટેની અનિવાર્ય શરત છે. અને આ હેતુની પરિપૂર્તિ અર્થે સમાજના હરકોઈ સ્તરના નાગરિકની જરૂરિયાતને પોષે તેવું સંતર્પક સાહિત્ય અને પ્રાપ્ત સાહિત્યની ઉપલબ્ધિનાં સ્રોત એવાં ખરા અર્થમાં જનસમાજની વિશ્વવિદ્યાપીઠ બની રહે તેવાં સાર્વજનિક ગ્રંથાલયોની સુચારુ વ્યવસ્થા પણ જરૂરી બની રહે છે.

આ સાથે પ્રશ્ન એ ઉદ્ભવે છે કે જ્ઞાનનો ભારે મોટો વિસ્તાર અને મહિમા હોવા છતાં તેનો લાભ સૌને સરળતાથી મળી રહે તે માટે સંગીન વ્યવસ્થાઓનો અભાવ, તેમ જ ગ્રંથાલય સેવાઓમાં શાસ્ત્રીયતા અને આત્મરસ ભળવાના સ્થાને ક્વચિત્ અપવાદ બાદ કરતાં ગ્રંથાલય વ્યવસાયિકોમાં ઉદાસિન વલણ પણ જોવા મળી રહે છે. એવું પણ નથી કે ભૂતકાળમાં કોઈ રોલ મોડલ

ગ્રંથાલયીઓ કે ગ્રંથાલયો ન હતાં ? આપણી નજર સમક્ષ નજીકના જ ભૂતકાળમાં ભાવનગરના ગાંધી સ્મૃતિ ગ્રંથાલયના દીપસ્તંભ સમાન ગ્રંથપાલ શ્રી જયંત મેઘાણીએ તથા ગુજરાતી સૂચિકાર તરીકે સ્વ. પ્રકાશ વેગડે ઉદાહરણસ્વરૂપ સેવાઓ આપી હતી, જ્યારે નવસારીનું 'શ્રી સયાજી વૈભવ ગ્રંથાલય' એક ક્રિયાશીલ ગ્રંથાલય તરીકે આજે કાર્યરત છે. ગ્રંથાલય વ્યવસાયિકોની ઉદાસિનતા આત્મઘાતી પુરવાર થઈ રહી છે, જે ધ્યાને લેવું રહ્યું. આજે જરૂર છે ગ્રંથાલય વ્યવસાયિકે એક સારા વાચક બનવાની. ગ્રંથાલય જે વિદ્યાક્ષેત્રનું હોય તેના સાહિત્ય અને પ્રકાશન / સંશોધન પ્રવૃત્તિના પ્રવાહોથી તરોતાજા રહેવાની, તેમાં ઊંડા ઊતરવાની – રસનિમજ્જ થવાની અને તેના થકી પ્રાપ્ત ઊર્જાથી – જ્ઞાનથી આપણા સમાજને / ઉપભોક્તાઓને સસ્મિત વદને ગ્રંથાલય સેવાઓ પૂરી પાડવાની અને તે પણ ગ્રંથાલયિત્વનાં ઓજસ પથરાય તે રીતે. માત્ર ટૅક્નૉક્રેટ ગ્રંથાલયી કે કસ્ટોડિઅન બની રહેવાથી કામ ચાલશે નહીં. આજે સમાજમાં ગ્રંથાલય વ્યવસાયિકો પ્રતિ પ્રચલિત ખ્યાલોને ધરમૂળથી ઉવેખવા માટે પ્રત્યેક ગ્રંથાલય વ્યવસાયિકે કર્મશીલ બની રહેવું જ રહ્યું.

આમ છતાં, આથી વિશેષ દુ:ખ તો એ છે કે સુદૃઢ ગ્રંથાલય સેવાઓ માટે તેના ઉપભોક્તાવર્ગ કે અભ્યાસીવર્ગની કોઈ બુલંદ માંગની ગુંજ કે આહટ પણ દૂર સુધી ઊઠતી સંભળાતી નથી. આ ઉપરાંત આપણા સર્જકો, કુલપતિશ્રીઓ, રાજદ્વારીઓ વગેરે અમેરિકા – યુરોપના પ્રવાસ દરમિયાન ત્યાંનાં ગ્રંથાલયની મુલાકાત લઈ તેની સંગીન સેવાઓથી પ્રભાવિત થતાં પોતાની પ્રસન્નતા વ્યક્ત કરતા જોવા મળે છે. પરંતુ ઘરઆંગણે તેવી સેવાઓ ઊભી કરવા માટે સંબંધિત સત્તામંડળ સમક્ષ રજૂઆત કરવામાં કોઈ સક્રિયતા દાખવતા જોવા મળતા નથી. વધુમાં, આપણા પ્રકાશકો ભારત સરકારના 'ડિલિવરિ ઑફ બુક્સ ઍન્ડ ન્યુઝપેપર્સ ઍક્ટ' અને ગુજરાત સરકારના 'કોપીરાઈટ ઍક્ટ' અન્વયે નિર્ધારિત ગ્રંથાલયોને પુસ્તકોની નકલો મોકલવાનો વિવેક પણ ચૂકતા જાય છે.

આ બધી આપણી વિડમ્બનાઓનો અંત ક્યારે ?

અસ્તુ.

(સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી, સુરતના નિમંત્રણથી એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજ કૅમ્પસમાં આયોજિત ગુજરાતી સાહિત્ય પરિષદના 30મા જ્ઞાનસત્રમાં તા. 11 જાન્યુઆરી, 2019ના રોજ 'પરિષદ પુસ્તક-પ્રદર્શન' પ્રસંગે રજૂ કરેલ વક્તવ્ય)

## પરિશિષ્ટ
## ગુજરાતી ભાષા-સાહિત્યના ગ્રંથાલયની કાર્યયોજના

ગુજરાત સરકાર ખરા અર્થમાં સાર્વત્રિક વિકાસ સાધવા સંકલ્પબદ્ધ હોય અને દેશ અને દુનિયા સમક્ષ 'ગુજરાત મોડલ' રજૂ કરવા ઇચ્છતી હોય તો સૌપ્રથમ માતૃભાષા ગુજરાતીના સંવર્ધન માટે 'ગુજરાતી ભાષા – સાહિત્યનું ગ્રંથાલય' એક સ્વાયત્ત સંસ્થા તરીકે સ્થાપવું જોઈએ. ગુજરાત સરકાર દ્વારા હમણાં હમણાંથી અવનવી યુનિવર્સિટીઓ સ્થાપવામાં આવી રહી છે ત્યારે જનસમાજના વાસ્તવિક વિશ્વવિદ્યાલય જેવા ગ્રંથાલયની સ્થાપના માટે રાજ્ય સરકારે અનુદાનિત યુનિવર્સિટીઓને ફાળવવામાં આવતા સરેરાશ એક યુનિવર્સિટીના બજેટથી એક રૂપિયો પણ વધુ ફાળવવાની જરૂરિયાત રહેશે નહીં. અને વળી, આ ગ્રંથાલય બહુવિધ રીતે ઉપયોગી પુરવાર થશે. સવાઈ યુનિવર્સિટીની ગરજ સારશે. આ સૂચિત ગ્રંથાલયનું સ્વરૂપ અને કાર્યો નીચે મુજબનાં હોઈ શકે :

**૧. સાહિત્ય સંગ્રહ :**

* ઈ. સ. ૧૭૯૮થી શરૂ કરીને ગુજરાતી ભાષા – સાહિત્યમાં પ્રગટ થયેલું સઘળું સાહિત્ય – પુસ્તકો, સામયિકો, સાપ્તાહિકો, દૈનિકો, વાર્ષિકીઓ, અહેવાલો વગેરે પૈકી સાવ સામાન્ય સ્તરનાં પુસ્તકો / સામયિકો, માર્ગદર્શિકાઓ, ચોપાનિયાં વગેરે બાદ કરતાં પસંદગીનું સાહિત્ય ધ્યેયનિષ્ઠ શોધયાત્રા હાથ ધરીને પ્રાપ્ત કરવું. દેશ-વિદેશનાં વ્યક્તિગત તથા સંસ્થાગત ગ્રંથાલયોમાં સંગૃહીત ગુજરાતી પુસ્તકો પૈકી આપણી પાસે અનુપલબ્ધ પુસ્તકોની ડિજિટલાઈઝ નકલ મેળવવી.

* ઉપલબ્ધ તમામ આનુસંગિક સાહિત્યસૂચિઓની સહાયથી ઇન્વેન્ટરી લિસ્ટ તૈયાર કરીને સાહિત્ય પ્રાપ્તિ માટે પદ્ધતિસર કાર્ય આરંભી શકાય.

* ગ્રે લિટરેચરની પ્રાપ્તિ અને સંગ્રહ માટે ખાસ ધ્યાન આપવું.

* પીએચ.ડી.ની ડિગ્રી માટે ગુજરાતી ભાષા-સાહિત્યમાં કે ગુજરાતી ભાષા-સાહિત્ય વિશે અન્ય ભાષાઓમાં ગુજરાત કે દેશ-વિદેશની યુનિવર્સિટીઓમાં રજૂ

થયેલા શોધપ્રબંધો એકઠા કરવા.

* ગુજરાત બહાર ભારતનાં અન્ય રાજ્યોમાં અને વિદેશોમાં ગુજરાતી ભાષા-સાહિત્યમાં કે ગુજરાતી ભાષા-સાહિત્ય વિશે અન્ય ભાષાઓમાં પ્રગટ થયેલું તથા પ્રગટ થતું સાહિત્ય ખાસ વ્યવસ્થાતંત્ર ગોઠવીને મેળવવું.

* અપ્રાપ્ય પુસ્તકોની પ્રાપ્તિ અર્થે વડોદરા રાજ્યનાં ગ્રામ્ય ગ્રંથાલયોનું સર્વેક્ષણ કરવામાં આવે તો ઘણાં પુસ્તકો મળવાની સંભાવના છે.

* દેશ-વિદેશમાં ગ્રંથાલયો કે વ્યક્તિગત સંગ્રહોમાં સંગૃહીત ગુજરાતી ભાષા-સાહિત્યની તમામ હસ્તપ્રતોની ડિજિટલાઈઝડ નકલ પ્રાપ્ત કરવી.

* લબ્ધપ્રતિષ્ઠ સર્જકોના સ્વમુખે તેમની કૃતિઓના પાઠોનું દશ્ય-શ્રાવ્ય સ્વરૂપે ધ્વનિઅંકન કરી તેનો સંગ્રહ કરવો જોઈએ.

* ગુજરાતમાં બોલાતી બોલીઓનાં ધ્વનિઅંકન અને સંગ્રહ.

* કંઠસ્થ પરંપરામાં સચવાયેલા સાહિત્યનું ધ્વનિઅંકન અને સંગ્રહ.

* ગુજરાતી ભાષા-સાહિત્યનાં પુસ્તકો ઉપરાંત ગુજરાત અને ગુજરાતના ઇતિહાસ અને સંસ્કૃતિ વિષયક વિશ્વની કોઈ પણ ભાષામાં પ્રગટ થયેલ સાહિત્ય.

* વિશ્વસાહિત્યની પ્રશિષ્ટ (ઉત્તમ) કૃતિઓ મૂળ ભાષામાં તથા અંગ્રેજી/હિન્દીમાં અનુવાદિત.

* વિશ્વની ભાષા-સાહિત્યના જ્ઞાનકોશો અને શબ્દકોશો.

* ભારતીય ભાષા-સાહિત્યની પ્રશિષ્ટ (ઉત્તમ) કૃતિઓ મૂળ ભાષા ઉપરાંત અંગ્રેજી / હિંદી અનુવાદો સાથે.

* ભારતીય ભાષાઓના શબ્દકોશો.

* અનુવાદિત સાહિત્ય : ગુજરાતી ભાષા-સાહિત્યની અન્ય ભાષામાં અને અન્ય ભાષા-સાહિત્યમાંથી ગુજરાતીમાં અનુવાદિત થયેલ કૃતિઓના સંગ્રહનો ખાસ વિભાગ ઊભો કરવો તેમજ આ ગ્રંથાલયના ઉપક્રમે ખાસ અનુવાદ વિભાગ ઊભો કરવો કે જેમાં ગુજરાતીની ઉત્તમ કૃતિઓના ભારતની અને વિશ્વની ભાષાઓમાં અનુવાદિત કરાવવાની કામગીરી કરવામાં આવે.

* બાળવિભાગ : ગુજરાતી બાળસાહિત્યના સંશોધકની જરૂરિયાતો સંતોષી શકે તેવું કોઈ ગ્રંથાલય અસ્તિત્વમાં નથી, તેથી સૂચિત ગ્રંથાલય સાથે બાળવિભાગ શરૂ કરીને ગુજરાતી ભાષામાં પ્રકાશિત બધું જ બાળસાહિત્ય સંગૃહીત કરવું જોઈએ.

**૨. વાઙ્મયસૂચિઓ**

* સૂચિત ગ્રંથાલયની મુખ્ય જવાબદારી ગ્રંથસંગ્રહની સાથેસાથે તેની વાઙ્મયસૂચિ તૈયાર કરવાની રહેશે.

* આ વિભાગ દ્વારા વૈવિધ્યપૂર્ણ સૂચિઓ જેમ કે લેખકસૂચિ (સામયિકો, પુસ્તકો, અભિનંદનગ્રંથો વગેરેમાં પ્રકાશિત લેખો), સામયિકસૂચિ, વિષયસૂચિઓ, અનુવાદિત સાહિત્યસૂચિ, અભિનંદનગ્રંથોની સૂચિ વગેરેનું સંપાદન – પ્રકાશનકાર્ય સતત ચાલુ રાખવું.

* આ સૂચિત ગ્રંથાલય દ્વારા ત્રિમાસિક અને વાર્ષિકસૂચિ નિયમિત ધોરણે પ્રકાશિત કરવામાં આવે. હાલમાં એવી કોઈ વ્યવસ્થા નથી કે ગુજરાતી ભાષા-સાહિત્યમાં કોઈ એક વર્ષમાં કેટલાં પુસ્તકો પ્રકાશિત થયાં તેની માહિતી પૂરી પાડે. આ માહિતીની અનેકવિધ પ્રસંગોએ આપણે જરૂરિયાત અનુભવીએ છીએ, છતાં કશું નક્કર કરી શકતા નથી. આ સ્થિતિમાં આ પ્રકારની સૂચિની અનિવાર્ય આવશ્યકતા બની રહે છે. અહીં નોંધવું રહ્યું કે સેન્ટ્રલ રેફરન્સ લાઇબ્રેરી, કોલકતા દ્વારા ભારતમાં પ્રગટ થતાં અને ડિલેવરી ઑફ બુક્સ ઍક્ટ અન્વયે પ્રાપ્ત થતાં પુસ્તકોની માસિક અને વાર્ષિક સૂચિઓ પ્રગટ કરવામાં આવે છે, પરંતુ ઘણા જ લાંબા સમયના અંતરાલ બાદ પ્રગટ કરવામાં આવે છે, પરિણામે તાકીદના કામે ખપ લાગતી નથી.

**૩. ડિજિટલાઈઝેશન / યાંત્રિકીકરણ**

* ગ્રંથાલયમાં અદ્યતન ઇન્ફર્મેશન કોમ્યુનિકેશન ટૅક્નૉલૉજીનો સુચારુ રીતે વિનિયોગ કરીને 'Virtual Library'ની પ્રસ્થાપના કરીને સઘળી સેવાઓ ઓન-લાઈનથી સક્ષમ રીતે પૂરી પાડવી.

**૪. સેવાઓ**

* ઘેર વાંચવા માટે પુસ્તકોનું આપ-લે કાર્ય ન કરતાં એક સંદર્ભ ગ્રંથાલય તરીકે વાચકને ગ્રંથાલયમાં બેસીને તમામ સેવાઓ પૂરી પાડવી. આમ છતાં ડિજિટલાઈઝડ સામગ્રીનો ઉપયોગ ઉપભોક્તાઓ યથેચ્છ સ્થળે અને સમયે કરી શકે તેવી વ્યવસ્થા ગોઠવવી.

* આ ગ્રંથાલય ૨૪ કલાક અને ૩૬૫ દિવસ ખુલ્લું રહેવું જોઈએ.

* ગ્રંથાલયના ઉપક્રમે અનેકવિધ સાહિત્યિક તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું આયોજન કરવું જોઈએ.

**૫. કર્મચારીઓ**

* ગ્રંથાલયના ચેરમૅન / ડાયરેક્ટર ગુજરાતી ભાષા-સાહિત્યના પ્રતિભાસંપન્ન વિદ્વાન હોવા જોઈએ. વળી તેમનો હોદ્દો યુનિવર્સિટીના કુલપતિ સમકક્ષ હોવો જોઈએ.

* મુખ્ય લાઇબ્રેરિયન / ડાયરેક્ટર ગ્રંથાલય વિજ્ઞાનમાં ઉચ્ચ પ્રશિક્ષિત હોવા ઉપરાંત સાહિત્ય અને સવિશેષતઃ ગુજરાતી ભાષા-સાહિત્યના વિદ્વાન હોવા જોઈએ અને તેનો હોદ્દો યુનિવર્સિટીના ઉપકુલપતિ સમકક્ષ હોવો જોઈએ.

* પુસ્તક પસંદગી માટે ગુજરાતી ભાષા-સાહિત્યના વિદ્વાનોના સલાહકાર મંડળની રચના કરવી જોઈએ.

**૬. ગ્રંથાલય ભવન અને રિસર્ચ હૉસ્ટેલ**

* રાજ્યના ભાષા-સાહિત્યના ગ્રંથાલયને શોભે તેવું શિલ્પ-સ્થાપત્યથી સુંદર વિશાળ ગ્રંથાલય-ભવન અને આ હેતુ નિમ્નતમ ૧૦ એકર જમીનની ફાળવણી.

* અદ્યતન ટૅક્નોલૉજી અને સુયોગ્ય ફર્નિચરથી સજ્જ.

* સંશોધકોના નિવાસ માટે રિસર્ચ હૉસ્ટેલ.

* કર્મચારી આવાસોનું નિર્માણ અને ફરજિયાત નિવાસ.

**૭. ગ્રંથાલયનું સ્થળ**

* અમદાવાદ અને ગાંધીનગર ગુજરાતના પ્રાયઃ મધ્યમાં હોવાથી તેમજ વાહનવ્યવહારની દૃષ્ટિએ સૌથી વધુ અનુકૂળ હોવાથી સંશોધકો સરળતાથી અહીં આવી શકે તેથી આ બે પૈકી કોઈ એક સ્થળે ગ્રંથાલય સ્થાપવું.

**૮. ડિલિવરી ઑફ બુક્સ ઍક્ટ અને કોપીરાઈટ એક્ટ**

* રાષ્ટ્રીય સ્તરે 'ડિલિવરી ઑફ બુક્સ એક્ટ' અને ગુજરાત સ્તરે 'કોપીરાઈટ' ઍક્ટ અસ્તિત્વમાં છે પરંતુ તેનો ભાગ્યે જ ૫૦% જેટલો અમલ થતો હશે અર્થાત્ મોટા ભાગના પ્રકાશકો / મુદ્રકો પોતાનાં પુસ્તકો મોકલી આપતા નથી. પરિણામે રાષ્ટ્રીય સ્તરે કે રાજ્ય સ્તરે પોતાનાં પ્રકાશનોનો સંગ્રહ થઈ શકતો નથી અને તેનો રેકર્ડ પણ તૈયાર થઈ શકતો નથી. આજે જરૂર છે આ ઍક્ટને સુધારીને તેનો કડકાઈપૂર્વક અમલ કરાવવાની. સૂચિત ગ્રંથાલય માટે કોપીરાઈટ ઍક્ટ અન્વયે ગુજરાતમાં પ્રકાશિત થતાં પ્રકાશનોની ૧-૧ નકલ વિનામૂલ્યે મળી રહી તેવી કાનૂની જોગવાઈ કરવી જોઈએ. આ શક્ય બનાવવામાં આવે તો ગુજરાતમાંથી પ્રકાશિત થતાં તમામ પુસ્તકો અહીં સંગૃહીત થાય અને તેના ઉપયોગ અર્થે સરળતાથી સુલભ થઈ શકે.

* આ સંદર્ભે એક કડવી વાસ્તવિકતા એ છે કે ભારતમાં પ્રગટ થયેલાં પુસ્તકો પૈકી ઘણાંખરાં પુસ્તકો નૅશનલ લાઇબ્રેરી, કોલકતામાં ઉપલબ્ધ નથી હોતાં, જ્યારે આ પુસ્તકો ભારતમાં પ્રગટ થયાના થોડાક જ માસમાં લાઇબ્રેરી ઑફ કાંગ્રેસ, વાંશિંગ્ટનમાં પ્રાપ્ય બને છે.

**૯. નાણાકીય બાબત**

* Indian National Trust for Art and Cultural Heritage, Indira Gandhi National Centre for Arts, National Mission for Manuscripts વગેરે જેવી સંસ્થાઓની સ્થાપના માટે કેન્દ્ર સરકાર દ્વારા પ્રથમ તબક્કે જ પર્યાપ્ત સ્થાયી ભંડોળ આપવા ઉપરાંત પ્રતિવર્ષ ઉદારતાપર્વક આવશ્યક બજેટની ફાળવણી કરવામાં આવી છે, તે ધોરણે રાજ્ય સરકારે સૂચિત ગ્રંથાલય માટે નાણાકીય વ્યવસ્થા કરવી આવશ્યક બની રહે છે.

અત્રે ઉલ્લેખ કરવો રહ્યો કે અમેરિકન સરકાર પોતાના સંસદના ગ્રંથાલય – લાઇબ્રેરી ઑફ કાંગ્રેસ, વૉશિંગ્ટન – માટે વિશ્વમાં પ્રગટ થતું સઘળું ઉત્તમ સાહિત્ય જે-તે દેશમાં પ્રગટ થયાના ગણતરીના માસમાં ઉપલબ્ધ કરાવતી હોય તો આપણે આપણી માતૃભાષાનાં પુસ્તકોના સંગ્રહ માટે કૃતસંકલ્પ ન બની શકીએ ? આજે જરૂર છે માત્ર પ્રતિબદ્ધતા (Commitment)ની. આ પડકાર અને તક નીતિનિર્ધારકોએ ઝીલવાં રહ્યાં ! ભારતની સંસદ દ્વારા ખાસ ધારો પસાર કરીને એશિયાટિક સોસાયટી, કોલકતા, ખુદાબક્ષ ઓરિએન્ટલ પબ્લિક લાઇબ્રેરી, પટના વગેરે જેવી ઇન્સ્ટિટ્યૂટ ઑફ નૅશનલ ઇમ્પોરટન્સ સ્થાપવામાં આવી છે **તે જ ધોરણે ગુજરાત સરકાર દ્વારા ગુજરાત વિધાનસભામાં ખાસ ઠરાવ પસાર કરીને ઇન્સ્ટિટ્યૂટ ઑફ સ્ટેટ ઇમ્પોરટન્સ તરીકે આ સૂચિત ગ્રંથાલયની ખાસ દરજ્જા સાથે સ્થાપના કરવી જોઈએ.**

**મણિભાઈ પ્રજાપતિ**

# શ્રદ્ધાંજલિ

**પ્રગતિશીલ શિક્ષણના દ્રષ્ટા આચાર્યશ્રી ડૉ. પી. જી. પટેલની ચિરવિદાય....**



ગુજરાતના જાણીતા શિક્ષણવિદ્દ, ગાંધીજીવન-દર્શનથી પ્રભાવિત અને માતૃભાષા સંવર્ધનના એક અદના સ્તંભ પ્રો. ડૉ. પુરુષોત્તમભાઈ જી. પટેલ (પી. જી. પટેલ)નું તા. ૨૧ ફેબ્રુઆરી, ૨૦૧૯એ અવસાન થતાં શિક્ષણ જગતે ઘેરા શોકની લાગણી અનુભવી. કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલ અને સમગ્ર સર્વ વિદ્યાલય પરિવારની સદ્‌ગતના આત્માને પરમકૃપાળુ પરમાત્મા ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના અને ભાવભરી શ્રદ્ધાંજલિ.

*

પ્રગતિશીલ શિક્ષણના પર્યાય અને માનવીય ગૌરવના ઉપાસક આચાર્યશ્રી ડૉ. પુરુષોત્તમભાઈ જી. પટેલ લોકહૈયે પીજીના વહાલસોયા નામથી સુખ્યાત હતા. તેમણે પોતાની કારકિર્દીનો પ્રારંભ માધ્યમિક શાળાના શિક્ષકથી શરૂ કરીને ક્રમશઃ શિક્ષણશાત્રની કૉલેજમાં અધ્યાપક, આચાર્ય, વિશ્વવિદ્યાલયના શિક્ષણશાત્ર વિભાગના પ્રોફેસર અને અધ્યક્ષ, શિક્ષણશાત્રની વિદ્યાશાખાના ડીન, શૈક્ષણિક સંસ્થાઓમાં નિયામક વગેરે અનેકવિધ હોદ્દાઓ દીપાવ્યા હતા અને સાથે સાથે જે તે સંસ્થાઓ પણ તેમની ઉપસ્થિતિથી રળિયાત - ચેતનવંતી બની હતી. ઉદાહરણ તરીકે તેમના આચાર્યત્વના કાર્યકાળ દરમ્યાન પાલનપુરની ડી.ડી. ચોકસી કૉલેજ ઑફ સેકન્ડરી એજ્યુકેશન ગુજરાત સરકારના 'બેસ્ટ કોલેજ' ના એવોર્ડથી અને ગૂજરાત વિદ્યાપીઠની 'શિક્ષણ વિદ્યાશાખા' તેમના નિયામક તરીકેના કાર્યકાળ દરમ્યાન 'ઈન્સ્ટિટયૂટ ઓફ એડવાન્સ સ્ટડીઝ ઈન એજ્યુકેશન' (IASE)ના દરજ્જાથી વિભૂષિત થઈ હતી. આ ઉદાહરણો તેમનાં ધ્યેયનિષ્ઠ કાર્યશીલતા, છલકતા શિક્ષકત્વ, આચાર્યત્વ, સંશોધકત્વ અને કુશળ પ્રબંધકત્વનાં પ્રતીતિકારક બની રહે છે. આ બધી ગુણરાશીને વળોટી જાય તેવી તેમની વિદગ્ધ વાક્‌છટાની સાથે નિર્દોષ સ્મિતથી સદાય છલકતું રહેતું તેમનું મુખારવિંદ અને શુભ્ર ખાદીના પરિધાનથી શોભાયમાન થતી અને યોગાભ્યાસથી કસાયેલ દેહયષ્ટિ, તેમ જ તેમનાં સ્નિગ્ધ સ્નેહ-નિર્ઝર વાણી અને વ્યવહારથી સૌ કોઈ પ્રથમદર્શને જ અભિભૂત થઈ જતું. પીજી એટલે નખશીખ શિક્ષક - હાડે શિક્ષકનો જીવ - શિક્ષકસમાજનું રોલ મોડેલ ઉદાહરણ.

શિક્ષણશાત્રના એક વરિષ્ઠ વિદ્વાન અધ્યાપક - સંશોધક - ચિંતક તરીકેની પ્રતીતિ તેમનાં બહુશ્રુત અને બહુઆયામી સંશોધન - અભ્યાસ લેખો અને અન્ય વાચનસામગ્રી ઉપરાંત તેમના માર્ગદર્શન હેઠળ રજૂ થયેલા પીએચ.ડી. ની ડિગ્રી માટેના શોધપ્રબંધોના માધ્યમથી થાય છે. આ સાથે વર્ગખંડોમાં તેમનું ખીલતું અધ્યયન - અધ્યાપનનું ઓજસ આજે પણ તેમના વિદ્યાર્થીઓ હરખઘેલા થઈને વર્ણવતા જોવા મળે છે. એક અધ્યાપક માટે આથી વિશેષ કઈ સ્મૃતિભેટ હોઈ શકે ? શિક્ષણને સમાજજીવનના નવનિર્માણ માટેના માધ્યમ તરીકે આત્મસાત કરીને તેમણે ગુજરાતના શિક્ષણજગતને ન્યાલ કર્યું છે પ્રગતિશીલ શિક્ષણ થકી. 'પ્રગતિશીલ શિક્ષણ'ના માધ્યમથી ગુજરાતના સવિશેષતઃ પ્રાથમિક અને માધ્યમિક - ઉચ્ચમાધ્યમિક શિક્ષણ ક્ષેત્રે તેમણે કરેલ પ્રદાન યશોદાયી રહયું છે. આ સામયિકના માધ્યમથી તેમણે અનેકને લખવા પ્રેર્યા-વાચા આપી અને શિક્ષણ ક્ષેત્રના તેમના અવનવા અનુભવોને ઉજાગર કરીને શિક્ષણની સમસ્યાઓનાં સમાધાન શોધી આપ્યાં. પરિણામસ્વરૂપે આ સામયિક 'શિક્ષણની પ્રયોગશાળા' તરીકે ઓળખાયું - શિક્ષણ ક્ષેત્રની હરકોઈ સ્તરની વ્યકિતનું પાથેય બની ગયું. આ ઉપરાંત

તેમના 'તંત્રીલેખો'માં પ્રસ્ફૂટિત થતું તેમનું અધીત સુચિંતનીય છે. શિક્ષણની સમસ્યાઓના મૂળ સુધી જવું અને નીરક્ષીર ભાવે તેનું વિશ્લેષણ કરીને નિર્ભિકપણે યથાયોગ્ય દિશાસૂચન કરવું એ તેમની પ્રકૃતિ રહી છે. તંત્રીલેખો / લેખોનું વિષય વૈવિધ્ય તેમના વ્યાપક વાંચન - ચિંતન - રસક્ષેત્રનું દ્યોતક છે. આ બધા વિષયો પૈકી શિક્ષણ શિક્ષકની વિભાવના, અભ્યાસક્રમ, પરીક્ષા, ટયુશનબદી, ભાષાશિક્ષણ નીતિ, અંગ્રેજી માધ્યમનો મોહ, માતૃભાષા ગુજરાતીની અવગણના, શિક્ષણસંસ્થાઓમાં શોષણ, શિક્ષણ સંશોધન, વર્ગ વ્યવસ્થાપન, શાળા શિક્ષણપંચ, નઈ તાલીમ વગેરે શિક્ષણ વિષયક વિષયો ઉપરાંત અનેકવિધ સંસ્થાઓ, પ્રતિભાસંપન્ન વ્યકિતત્વો જેમકે ઉમાશંકર જોશી, એચ.એમ.પટેલ વગેરે, ધ્યાનાકર્ષક સાંપ્રત ઘટનાઓ જેમકે 'વાંચે ગુજરાત', 'પ્રવાસ વર્ષ' વગેરે વિશેષ ઉલ્લેખનીય છે. આ બધા લેખોમાં તેમના અનુભવજગતનો અને ગહન વાંચન - ચિંતનનો અર્ક પ્રસ્ફૂટિત થયેલો જોવા મળે છે. પરિણામે તેમનું ચિંતન વાચક માટે માર્ગસૂચકસ્તંભ બની મહોરી ઉઠયું છે.

આચાર્ય ર્ડા. પી. જી. પટેલનું ગુજરાતમાં પૂર્વ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણક્ષેત્રે સુધારણા ક્ષેત્રે એક ઔર યશોદાયી પ્રદાન એટલે શિક્ષણક્ષેત્રના આપણા પ્રબુદ્ધ ચિંતકો ર્ડા. રવીન્દ્ર વર્મા, ર્ડા. ગુણવંત શાહ વગેરેના માનાર્હ સંવાહકપદે અને ર્ડા. રવીન્દ્ર દવેના માનાર્હ પરામર્શકપદે રચવામાં આવેલ શાળા શિક્ષણપંચ - Peoples Commissin on School Educationના સભ્ય સચિવપદે આપેલ કર્મઠ અને ધ્યેયનિષ્ઠ સેવાઓ. શિક્ષણ ઉપરાંત સમાજસેવા ક્ષેત્રની અનેકવિધ પ્રવૃત્તિઓ જેમકે અંધજન મંડળ, વિકલાંગ (અંધજન) આર્થિક પુનર્વસન, રોટરી ઈન્ટરનેશનલના માધ્યમથી સંપન્ન કરેલ એકાધિક પ્રોજેકટસ, માતૃભાષા સંવર્ધન, સાક્ષરતા અભિયાન વગેરે અને સવિશેષતઃ વિપશ્યનાના આચાર્ય તરીકે યોગ અને ધ્યાનશિબિરોનું સંચાલન કરીને પ્રજાને આધ્યત્મિક માર્ગે વાળવા વગેરે ક્ષેત્રોમાં તેમનું પ્રદાન મહિમાસંપન્ન રહયું છે.

આવા ગરવા આચાર્ય - ખરાઅર્થમાં - વિદ્યાર્થી વત્સલ અધ્યાપકે તેમના આયખાનાં ૭૫ પૂર્ણ કરતાં તેમને **'પ્રગતિશીલ શિક્ષણના દ્રષ્ટા ડૉ. પી. જી. પટેલ અમૃતપર્વ અભિવાદન ગ્રંથ'** (૨૦૧૫) અર્પણ કરવામાં આવ્યો હતો, જેમાં ગુજરાતના અગ્રણી શિક્ષણવિદો, વિદ્યાર્થીઓ અને તેમના સ્નેહીજનો કૃત ડો. પી. જી. પટેલના વ્યક્તિત્વ અને પ્રદાનને ઉજાગર કરતા લેખો / સંસ્મરણો ગ્રંથસ્થ છે. આ બધા લેખોમાં પી.જી.ની પોતીકી આંતરસમૃદ્ધિનાં સુપેરે દર્શન થાય છે. આ પૈકી ગુજરાત અને દેશનું ગૌરવ એવા આપણા પ્રતિભાસંપન્ન શિક્ષણવિદો સર્વશ્રી રવીન્દ્ર દવે અને પદ્મશ્રી ગુણવંત શાહે પી.જી.ના વ્યક્તિત્વને ઉજાગર કરતાં નોંધેલ શબ્દો પી. જી.ને ઓળખવા માટે / પામવા માટે પર્યાપ્ત બની રહે છે. ડૉ. રવીન્દ્ર દવે નોંધે છે કે : પી.જી.ભાઈ મારા મિત્ર છે. નાનાભાઈ કરતાં પણ અદકેરા છે અને વ્યાવસાયિક સહકાર્યકર છે. મારાં કેળવણીવિષયક કાર્યો અને કાર્યક્રમો અંગે અંગત સલાહકાર છે. એટલે તેમના અમૃત મહોત્સવ નિમિત્તે બે શબ્દો કહેવા કે લખવા એ એક અનેરો લહાવો છે. એમની બહુ આયામી પ્રતિભાનો મને વર્ષોથી અનુભવ થયો છે. જ્યારે ક્ષમતાકેન્દ્રી શિક્ષણનું રાષ્ટ્રવ્યાપી આંદોલન શરૂ થયું ત્યારે તેના પ્રથમ વૉલન્ટિયર તરીકે પી.જી.ભાઈએ કામ કર્યું. માતૃભાષા સંવર્ધન અભિયાનના એ મહારથી બન્યા. આવું તો ઘણું ઘણું કર્યું છે. આ ઉપરાંત ગુણવંત શાહે પીજીને દિલદાર મિત્ર ઓળખાવીને પીજી સાથેના સ્નિગ્ધ સ્નેહનિર્ઝર સંબંધોને વાચા આપવાની સાથે મિત્ર પીજીની ગુણરાશીને ઉજાગર કરતાં નોંધેલ શબ્દો : પીજી પાલનપુર ગયો ત્યારે તે મૈત્રીમાં અંગત સ્નેહનો રંગ પુરાયો. મને બરાબર યાદ છે કે તે વખતે પી.જી.ના વ્યકિતત્વમાં ત્રણ લક્ષણો દેખાયાં હતાં : (૧) શુદ્ધ ગુજરાતી ઉચ્ચારમાં બોલાતી વાણી, (૨) રજૂઆતમાં પ્રગટ થતું વૈચારિક ઊંડાણ, (૩) અંગત પ્રગટ કરવાની મધુર કુશળતા. આચાર્ય તરીકે તેનાં બે લક્ષણ ધ્યાનમાં આવેલાં : (૧) આળસ વગરની કર્તવ્ય તત્પરતા (૨) વિદ્યાર્થીઓને વધારે ને વધારે લાભ થાય તેવા કાર્યક્રમ યોજવાની ત્રેવડ. હું વહેલો નિવૃત્ત થયો અને શિક્ષણક્ષેત્ર ઉપરાંત સાહિત્યના ક્ષેત્રની ખેડ કરતો થયો. મારે કહેવું જોઈએ કે શિક્ષણકાર પી.જી.ને મારી સાહિત્યિક ખેડમાં પણ એટલો જ રસ પેદા થયો. મારા મનમાં પ્રતીતિ પેદા થઈ છે કે પી.જી. મને સૌથી વધારે સમજનારા મિત્રોની ટૂંકી યાદીમાં અગત્યનું સ્થાન ધરાવે છે. પાછલાં વર્ષોમાં પી.જી.એ પ્રગતિશીલ શિક્ષણની જે માવજત કરી છે તેનો હું સાક્ષી છું. પી.જી.ની જીવનયાત્રા સાર્થક થાય તેવી માવજતયાત્રા રહી છે. મને પી.જી. પ્રત્યે કેવળ સ્નેહ નથી, પરંતુ રૂડો આદર છે.' આપણા માટે સુચિંતનીય બની રહે છે.

---

**અનુસંધાન પૃ. ૩૫**

# પ્રાસંગિક

**ઇન્ટરનેશનલ ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ**

કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા 'ગ્લોબલ ટ્રેનિંગ એજ્યુકેશન પ્રોગ્રામ' (GTEP, UK)ના સહયોગથી પોતાના અધ્યાપકો માટે ઇન્ટરનેશનલ ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ (IFDP) શરૂ કરવામાં આવતાં તેને ચાર તબક્કાઓમાં વિભાજિત કરવામાં આવ્યો છે. આ અન્વયે પ્રથમ બે તબક્કાઓમાં અંદાજે ૪૦૦ જેટલા અધ્યાપકોને તાલીમ આપવામાં આવી હતી. પ્રથમ તબક્કામાં ૨૧મી સદીની શિક્ષણ પ્રણાલી અંતર્ગત કઈ રીતે શિક્ષણકાર્યને રસપ્રદ બનાવી શકાય તે અંગે યુનિવર્સિટી સ્તરે તાલીમ આપવામાં આવી હતી. દ્વિતીય તબક્કામાં 'Preparing Students for 21st Century World of Work' પ્રશિક્ષણ માટે UKથી આવેલા તજજ્ઞો દ્વારા તાલીમ આપવામાં આવી હતી. તૃતીય તબક્કા અંતર્ગત આ વિશ્વવિદ્યાલયની અંગભૂતો કૉલેજોના ૭ અધ્યાપકો ૧. ડૉ. જિનલ જોષી, (હેડ, કોમ્યુનિકેશન ઍન્ડ સ્કિલ ડિપાર્ટમેન્ટ), ૨. ડૉ. બુસરા જરૂલ્લાહ (સિનિયર લેક્ચરર, બાયોટૅક્નૉલૉજી ડિપાર્ટમેન્ટ), ૩. ડૉ. નીરવ જોષી (લેક્ચરર, બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન), ૪. શ્રીમતી હેમાલી બ્રોકર (લેક્ચરર, એમ.બી.એ. ડિપાર્ટમેન્ટ, એલડીઆરપી – આઈટીઆર), ૫. શ્રી સોનાજી રાજપૂત (આસિસ્ટન્ટ પ્રોફેસર, એમ.પી.પી.સી.સી., કડી), ૬. શ્રીમતી રીયા ગોહિલ (લેક્ચરર, કમ્પ્યૂટર એન્જિનિયરિંગ ડિપાર્ટમેન્ટ, એલડીઆરપી – આઈટીઆર) અને ૭. શ્રી પાવિત શાહ (લેક્ચરર, મિકેનિકલ એન્જિનિયરિંગ ડિપાર્ટમેન્ટ, એલડીઆરપી – આઈટીઆર)ને યુકે મોકલવામાં આવ્યા હતા, જેનો વ્યક્તિદીઠ ૨૨૦૦ પાઉન્ડ જેટલો ખર્ચ કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા વહન કરવામાં આવ્યો હતો. આ સંદર્ભે ખાસ નોંધપાત્ર બાબત એ છે કે આ યોજના હેઠળ ગુજરાતની અન્ય ૧૧ યુનિવર્સિટીઓના ૨૩ અધ્યાપકો સ્વખર્ચે જોડાયા હતા.

International Faculty Development Program (IFDP) કે જે UK Immersion & Exposure Program તરીકે ઓળખાય છે તેનો મુખ્ય ઉદ્દેશ્ય અધ્યાપકોને આંતરરાષ્ટ્રીય કક્ષાની તાલીમ આપવાનો રહ્યો છે, જેનું Vision 4E's – Exchange, Exposure, Exursion Exploration તથા 4C's : Communication, Collaboration, Critical Thinking & Creativity રહ્યું છે. આ પ્રોગ્રામ દરમિયાન Academia, Business & Culture ને ધ્યાને લઈ પાંચ યુનિવર્સિટીઓ / કૉલેજો, ત્રણ કંપનીઓ અને સાંસ્કૃતિક વિરાસતનાં મ્યુઝિયમોની મુલાકાતોનું આયોજન તા. ૨૮ નવેમ્બરથી ૮ ડિસેમ્બર, ૨૦૧૮ સુધી કરવામાં આવતાં ગુજરાતની ૧૨ યુનિવર્સિટીઓનાં કુલ ૩૦ અધ્યાપકો જોડાયા હતા. આ પ્રોગ્રામ અન્વયે De Montfort University (Leicester), Nottingham Trent Unversity (Nottingham), Solen University (Southampton), Waltham Forest College (London) અને University of Bedfordshire (Luton) દ્વારા એક-એક દિવસીય Internationalisation of the Curriculum, Bringing Industries into the Classroom, How to Maintain Interest of Students, How to Assess Students During Lecture, Mentorship Programme, Flexible Learning Resources, Enterprise and Employability, Importance of Research, Quality Teaching વગેરે જેવા વિષયો પર માહિતીસભર અને જ્ઞાનવર્ધક કાર્યશિબિરો યોજવામાં આવી હતી. વધુમાં, Campus Tour અંતર્ગત ગ્રંથાલય, પ્રયોગશાળાઓ, વર્ગખંડો વગેરેની ખાસ મુલાકાત કરાવવામાં આવી હતી.

આ ઉપરાંત ઉદ્યોગગૃહોને જાણવા માટે ત્યાંના Work Culture અને Start Ups વિશે માહિતીગાર થવા Learning Walks પણ યોજાયાં હતાં જેમાં Londonનું King Cross Railway Stationનું Regeneration વિશેષ સમજવા લાયક રહ્યું હતું. આ સ્ટેશનના Victorian સમયના બાહ્ય સ્થાપત્યને જાળવીને અંદરથી ૨૧મી સદી સાથે કદમ મિલાવવા કઈ રીતે જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે તેની જાણકારી ખૂબ રસપ્રદ રહી હતી. આપણા દેશમાં

આવાં અનેક સાંસ્કૃતિક સ્મારકો છે તેને King Cross Regenerationની પદ્ધતિએ નવપલ્લવિત કરી શકાય. આ ઉપરાંત Verb Company અને Innovation Warehouse Companyની પણ મુલાકાત લેવામાં આવી હતી. યુ.કે.ની સંસ્કૃતિને સમજવા લંડનમાં વિખ્યાત Natural History Museum, Science Museum, Victoria and Albert Museum વગેરેની મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાતથી પોતાના સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસાને કેવી ભવ્યતાથી જાળવી શકાય એ શીખવા મળ્યું હતું. આ મુલાકાત ખરા અર્થમાં જ્ઞાન સંવર્ધક બની રહી હતી. આ ઉપરાંત ગ્રેટબ્રિટનનાં અન્ય પ્રવાસન સ્થળોની પણ મુલાકાત લેવામાં આવી હતી, જેમાં Buckingham Palace, Madam Tussauds Museum, BAPS Temple વગેરેનો સમાવેશ થાય છે.

આ ટ્રેનિંગ લઈને સ્વદેશમાં પરત થયા બાદ માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે તેમના નિવાસસ્થાને (૭, લોક કલ્યાણ માર્ગ, જૂનું નામ ૭, રેસ કોર્સ રોડ, નવી દિલ્હી) તા. ૯-૧૨-૧૮ના રોજ રૂબરૂ મુલાકાત એ આ પ્રોગ્રામની એક નોંધપાત્ર ઘટના છે. જેમાં પ્રધાનમંત્રીશ્રીએ લગભગ ૩૫ મિનિટ સુધી અધ્યાપકો સાથે વાર્તાલાપ કરી લંડનની મુલાકાતના અનુભવો જાણ્યા અને આ સાથે ભારતીય મૂલ્ય – પરંપરાઓનું મહત્ત્વ પણ તેમણે ઉજાગર કર્યું હતું. તેમણે આપણી સંયુક્ત પરિવાર વ્યવસ્થાને વિશ્વની સર્વશ્રેષ્ઠ વ્યવસ્થા ગણાવીને કહ્યું હતું કે સંયુક્ત કુટુંબમાં દરેક સભ્ય એ પરિવારના બાળક માટે હરતી-ફરતી યુનિવર્સિટી જ છે. આ મુલાકાત ઉપરાંત ગુજરાત પરત ફર્યા બાદ ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ સાથે પણ તમામ ફેકલ્ટી મેમ્બર્સે શુભેચ્છા મુલાકાત લીધી હતી, જે સુખદ રહી હતી.

આ સંદર્ભે ખાસ ઉલ્લેખનીય બાબત એ છે કે કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલ પણ આ ટ્રેનિંગ પ્રોગ્રામમાં અધ્યાપકો સાથે એક Mission સાથે જોડાયા હતા અને તેમણે પ્રશિક્ષણ સંદર્ભે ઊંડો રસ લઈ ભવિષ્યમાં આ વિશ્વવિદ્યાલયના અધ્યાપકો અને વિદ્યાર્થીઓ માટે Exchange Program સંદર્ભે કેટલીક યુનિવર્સિટીઓ સાથે M.O.U. પણ કર્યાં હતાં, જે આ પ્રોગ્રામની વિશેષ ઉપલબ્ધિ ગણવી રહી, જેમાં પ્રેસિડન્ટશ્રીની દૂરંદેશિતાનાં દર્શન થાય છે. તેઓશ્રી માનનીય વડાપ્રધાનશ્રી, રાજ્યના મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી સાથેની મુલાકાતોમાં પણ સાથે જ રહ્યા હતા અને તેમણે પોતાના અનુભવો જણાવ્યા હતા.

## શ્રી માણેકલાલ એમ. પટેલ મેમોરિઅલ મેરિટ સ્કૉલરશિપ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર દ્વારા સદ્‌ગત ચેરમૅન માણેકલાલ એમ. પટેલસાહેબની પુણ્ય સ્મૃતિમાં પ્રસ્થાપિત 'શ્રી માણેકલાલ એમ. પટેલ મેમોરિઅલ મેરિટ સ્કૉલરશિપ' એનાયત કરવાનો સમારોહ તેમની ૭મી પુણ્યતિથિ તા. ૧૨ જાન્યુઆરી, ૨૦૧૯ના રોજ મંડળની ગાંધીનગર શાખાના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમના પ્રારંભમાં કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનાં કાર્યકારી ડાયરેક્ટર અને એલ.ડી.આર.પી. ઍન્ડ આઈ.ટી.આર.નાં પ્રિન્સિપાલ ડૉ. ગાર્ગી રાજપરાએ સૌ આમંત્રિત મહેમાનશ્રીઓ, દાતાશ્રીઓ, વાલીશ્રીઓ, વિદ્યાર્થીઓ અને સર્વ વિદ્યાલયના સૌ પરિવારજનોનું હૃદયોલ્લાસ સાથે સ્વાગત કરીને મંડળના ઉદારચેતા દાનવીરો અને દીર્ઘદૃષ્ટિસંપન્ન કર્ણધારોની વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાની પરંપરાની મુક્તકંઠે સરાહના કરી હતી. પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલે આજના ગૌરવપૂર્ણ પ્રસંગનો મહિમા વર્ણવીને મંચસ્થ દાતાશ્રીઓ અને મહેમાનશ્રીઓનો મુઠ્ઠીભર શબ્દોમાં છતાં પ્રભાવક પરિચય કરાવતાં ગુજરાતમાં તેમના વતનનું ગામ, ધંધા-ઉદ્યોગ, અમેરિકામાં જ્યાં સ્થાયી થયા હોય તે સ્થળ અને તેમની દાનભાવના તથા સત્કાર્યો, આ મંડળને આ પૂર્વે આપેલ દાન વગેરે બાબતોની સાથે ઑગસ્ટ, ૨૦૧૮માં સંસ્થાના વિકાસ માટે દાન મેળવવા માટે તેઓશ્રી ઉપરાંત ચેરમૅન શ્રી વલ્લભભાઈ પટેલ અને કુલસચિવશ્રી એસ. કે. મંત્રાલા અમેરિકા ગયા હતા તે સમયે અમેરિકા સ્થિત દાતાશ્રીઓએ આપેલ સ્નેહભર્યો સહકારનો ઋણસ્વીકાર સાથે ઉલ્લેખ કરીને દાનયાત્રાના હૃદયસ્પર્શી અનુભવો પણ વણી લીધા હતા. આ ગરવા પ્રસંગે શ્રી ભગુભાઈ પટેલ (નારદીપુર), શ્રી વિષ્ણુભાઈ પી. પટેલ (નારદીપુર), ડૉ. વિઠ્ઠલભાઈ પટેલ (શેરથા), શ્રી જયંતીભાઈ – જોસેફ (આખજ), શ્રી ભરતકુમાર પટેલ અને શ્રીમતી પ્રભાવતીબહેન પટેલ, શ્રી રસિકભાઈ પટેલ અને શ્રીમતી તારાબહેન પટેલ, ડૉ. ચિત્તરંજનભાઈ પટેલ (વામજ), શ્રી ગૌતમભાઈ પટેલ (વામજ), શ્રી ચીમનભાઈ પટેલ – સી. પી. પટેલ (નારદીપુર), શ્રી નારણભાઈ ભગત (કોઠા), શ્રી રમેશભાઈ પટેલ (ન્યૂયૉર્ક), શ્રી પ્રવીણભાઈ પટેલ અને શ્રીમતી નીતુબહેન પટેલ, શ્રી ત્રિભુવનભાઈ પટેલ (રાજપુર),

શ્રી વસંતભાઈ ખમાર (કડી) વગેરે દાતાશ્રીઓનું સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું.

પ્રસ્તુત સમારોહમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત વિવિધ શાળાઓ, કૉલેજો, યુનિવર્સિટી અને હૉસ્ટેલમાં નિવાસ કરતા વિદ્યાર્થીઓને કુલ રૂ. ૧,૨૬,૫૨,૦૫૩/- મેરિટ સ્કૉલરશિપ / ફી પેટે ચૂકવવામાં આવ્યા. આ પૈકી વિવિધ કૉલેજો અને યુનિવર્સિટીના ૪૭૦ વિદ્યાર્થીઓ (૧૮૧ વિદ્યાર્થીઓ + ૨૮૯ વિદ્યાર્થિનીઓ)ને રૂ. ૭૨,૧૦,૩૦૦/- મેરિટ સ્કૉલરશિપ અને ૨૫૮ વિદ્યાર્થીઓ (૧૦૮ વિદ્યાર્થીઓ + ૧૫૦ વિદ્યાર્થિનીઓ)ને રૂ. ૨૯,૩૫,૩૫૦/- ફી માફી પેટે, જ્યારે શાળાઓના વિદ્યાર્થીઓ પૈકી ૩૭૪ વિદ્યાર્થીઓ (૨૦૪ વિદ્યાર્થીઓ + ૧૭૦ વિદ્યાર્થિનીઓ)ને રૂ. ૪,૯૨,૩૬૯/- સ્કૉલરશિપ પેટે અને ૨૯૬ વિદ્યાર્થીઓ (૧૮૨ વિદ્યાર્થીઓ અને ૧૧૪ વિદ્યાર્થિનીઓ)ને રૂ. ૧૩,૨૭,૩૭૯/- ફી માફી પેટે તથા મંડળ સંચાલિત હૉસ્ટેલોમાં નિવાસ કરતા વિદ્યાર્થીઓ પૈકી ૬૦ વિદ્યાર્થીઓ (૪૨ વિદ્યાર્થીઓ + ૧૮ વિદ્યાર્થિનીઓ)ને રૂ. ૬,૮૬,૬૫૫/- હૉસ્ટેલ ફી માફી પેટે ચુકવવામાં આવ્યા હતા.

પ્રાસંગિક ઉદ્‌બોધનમાં વીપીએમપીના દાતા શ્રી વિષ્ણુભાઈ પટેલે સ્વ. માણેકલાલ સાહેબ સાથેનાં સંસ્મરણો તાજાં કરીને ચેરમૅન શ્રી વલ્લભભાઈ પટેલ, પ્રમુખશ્રી ડૉ. કનુભાઈ પટેલ વગેરે કર્ણધારોની સંસ્થા – ભક્તિની સરાહના કરતાં જણાવ્યું હતું કે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ પ્રત્યે તેમની કાર્યનિષ્ઠા અનન્ય રહી છે. તેઓશ્રી જ્યારે દાન માટે અમેરિકા આવ્યા હતા ત્યારે પોતાના સ્વાસ્થ્યની પરવા કર્યા સિવાય રાત-દિવસ સતત કાર્યરત રહી દાન મેળવવાનો લક્ષ્યાંક હાંસલ કર્યો હતો. મારે ખાસ કહેવું જોઈએ કે ડૉ. કનુભાઈ સાહેબ કરોડરજ્જુના મણકાની વ્યાધિથી પીડાતા હોઈ વ્હીલચેરનો સહારો લઈને અને કેટલાક દિવસો પ્રતિદિન ૧૨૦૦ કિલમીટર જેટલા લાંબા પ્રવાસો કાર દ્વારા કર્યા હતા, જેનું કુશળતાપૂર્વક ડ્રાઇવિંગ શ્રી નયનભાઈએ કર્યું હતું. સ્કૉલરશિપ મેળવનાર વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવતાં તેમણે વિદ્યાર્થીઓને સતત અધ્યયનશીલ બની રહેવા તેમજ શિક્ષણ વિના કોઈ પરિવર્તન શક્ય નથી તેવી ભારપૂર્વક શીખ આપી હતી.

દાતાશ્રી ભગુભાઈ પટેલે જણાવ્યું હતું કે સર્વ વિદ્યાલયનું નામ જાણીતું અને માનીતું છે. સર્વ વિદ્યાલયના દીર્ઘદ્રષ્ટા ચેરમૅનશ્રી માણેકલાલ સાહેબે પોતાની જિંદગી ખપાવી દઈ એસવીને એક મહા-વટવૃક્ષમાં પરિવર્તિત કરી દીધું છે. જે ભૂમિમાં આવા દષ્ટિવંત સપૂતો હોય અને તેમનાં પવિત્ર મન હોય તેનો વિકાસ થાય જ. આ સંસ્થા માટે પ્રચલિત સૂત્ર 'No Study Without Kadi' આજે પણ તેને યથાર્થમાં લાગુ પડી રહ્યું છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમૅનશ્રી અને કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં જણાવ્યું હતું કે સામાન્ય રીતે શિષ્યવૃત્તિ મળે ત્યારે તેની સાથે તે જવાબદારી પણ લાવે છે. તમે આ પૈસા, કપડાં, મોબાઇલ કે મોજશોખમાં ન વાપરતાં પરિવારમાં કોઈને મદદ માટે – સદુપયોગમાં વાપરશો. આર્થિક પરિસ્થિતિના કારણે કોઈ ભણવામાં વંચિત રહેતું હોય તેને આપીને મદદરૂપ નીવડશો. વધુમાં, તેમણે જણાવ્યું કે મંડળ આ શિષ્યવૃત્તિ આપી શક્યું છે તેનું મુખ્ય કારણ સંસ્થાના દાતાશ્રીઓ અને કર્ણધારોનાં ધ્યેયનિષ્ઠા અને સંસ્થાભક્તિ છે. ગુજરાતની કોઈ સંસ્થા ભાગ્યે જ આટલી મોટી રકમ શિષ્યવૃત્તિ પેટે આપતી હશે. વળી, દાતાશ્રીઓના ઉમદા દાનના કારણે અમે પણ ઉચ્ચ ગુણવત્તાશીલ શિક્ષણ પૂરું પાડવા માટે શિક્ષકોને સારો પગાર આપી શકતા હોઈએ છીએ ત્યારે વિદ્યાર્થીઓની પણ જવાબદારી બની રહે છે કે ખંતપૂર્વક શિક્ષણ મેળવે અને ઉમદા ચારિત્ર્યનું ઘડતર કરે. સદ્‌ગત ચેરમૅન અને મારા પિતાશ્રી માણેકલાલ સાહેબ કહેતા કે સંસ્થાનાં મૂળ એટલાં ઊંડાં પહોંચ્યાં છે કે તે પાતાળમાંથી પાણી ખેંચી લાવી શકે તેમ છે. આ સંસ્થાને દાન આપનાર દાતાશ્રીઓએ કાળી મજૂરી કરીને પરસેવો પાડીને એકઠા કરેલા રૂપિયામાંથી પર સેવા કાજે દાન આપ્યું છે. આ સંસ્થાએ પ્રારંભિક સમયમાં રૂપિયા અઢીથી પાંચનું દાન પણ સ્વીકાર્યું છે. રૂપિયા ૨૫૦માં તો દાનની તક્તી લાગતી હતી. આ સંસ્થાના આચાર્યો, શિક્ષકો, ગૃહપતિઓ વગેરેએ વિદ્યાર્થીઓના ગુરુ ઉપરાંત ખરા અર્થમાં માતા-પિતા બની રહીને વિદ્યાર્થીઓને પોષ્યા છે – ભણાવ્યા છે. આ બધા કર્મનિષ્ઠ ઋષિઓએ આ શાળાને તપોવન જેવી બનાવી છે. શરૂઆતના સમયમાં મૅટ્રિકની પરીક્ષામાં કોઈ વિદ્યાર્થીને ગણિતમાં ૧૦૦માંથી ૧૦૦ ગુણ આવ્યા હોય ત્યારે શિક્ષકવર્ગમાં માન્યતા રહેતી કે આ વિદ્યાર્થી એસવીનો જ હશે. આવી ઉમદા શાખ આ શાળા માટે પ્રસ્થાપિત થઈ હતી તે પાછળ ઋષિસ્વરૂપ આચાર્યો / શિક્ષકોની તપઃપૂત સાધના કારણભૂત રહી છે.

તેમણે અમેરિકાની દાનયાત્રાનાં સંસ્મરણો વર્ણવતાં દાન મેળવવામાં શ્રી વિષ્ણુભાઈ પટેલ, શ્રી ભગુભાઈ પટેલ

વગેરેના હૂંફાળા સહકાર અને સહયોગની ઋણસ્વીકારની ભાવના સાથે નોંધ લઈને આ સર્વેનો આભાર માનતા જણાવ્યું હતું કે અમે જેમને જેમને મળ્યા તે સૌએ અમને ઉદારતાથી દાન આપ્યું છે. અને તેમના સહકારના કારણે અમે અમારો ટાર્ગેટ રૂપિયા ૨૫ થી ઊંચો લઈ જઈ ૩૫ કરોડ મેળવવાનો પૂરો કરી શક્યા છીએ. આ સંસ્થાનું ધ્યેય રહ્યું છે કે કોઈ વિદ્યાર્થીનું ભણતર નબળી આર્થિક સ્થિતિના કારણે અટકી પડવું ન જોઈએ. અને તેથી કોઈ વિદ્યાર્થી પ્રવેશ સીધો જ રદ કરાવવા માટે આવે ત્યારે અમે આચાર્યશ્રીને ખાસ જણાવ્યું છે કે આવા વિદ્યાર્થીઓનો પ્રવેશ રદ ન કરતાં વિદ્યાર્થી અને તેના વાલીને અમારી પાસે મોકલશો કે અમે તેમને રૂબરૂમાં મળીને તેની વાસ્તવિક સ્થિતિ જાણી શકીએ. અમે જરૂરિયાતવાળા કિસ્સાઓમાં અમે ફી માફી ઉપરાંત ઘર ચલાવવા માટે તેના શિક્ષણના સમય બાદ અંશતઃકાલીન નોકરી આપીને તેનો પ્રવેશ ચાલુ રાખવા માટે મદદરૂપ નીવડીએ છીએ. આ ઉપરાંત ચાલુ વર્ષમાં વરસાદના અભાવે કોઈ ઊપજ ન થતાં આર્થિક સંકડામણ અનુભવતા કૃષક પરિવારોના વિદ્યાર્થીઓને પણ અમે ફી ભરવામાં રાહત આપી છે, જેનું શ્રેય આપણા દાતાશ્રીઓના શિરે રહે છે.

એક હકીકત છે કે સમાજ મજબૂત સ્તંભ ઉપર વિશેષ આધાર રાખે છે. બધા જ વિદ્યાર્થીઓ ડૉક્ટર કે એન્જિનિઅર નથી બનતા. આમ છતાં વિવિધ વિદ્યાશાખાઓના તેજસ્વી વિદ્યાર્થીઓ આગળ વધી શકે તેવી શક્તિઓ ધરાવતા હોય છે. આવા વિદ્યાર્થીઓ અન્યોને પણ મદદરૂપ નીવડી શકે છે. આપ સૌ પાસે અપેક્ષા બની રહે છે કે તમે શિક્ષણ મેળવીને આ સંસ્થાનું નામ રોશન કરશો તેમજ સમાજ માટે મદદરૂપ બની રહેશો. આર્થિક રીતે સમૃદ્ધ થાઓ ત્યારે તમારા – કુટુંબ, જ્ઞાતિ, ગામ, ગોળ કે જિલ્લા માટે કંઈક કરી છૂટશો. અને આમ કરતાં કોઈ રકમ વધે તો તમારી આ માતૃસંસ્થાને યાદ કરશો તો અમે આપ સૌએ આપેલા પૈસા વિદ્યાર્થીઓ માટેના આ જ્ઞાનયજ્ઞમાં વાપરીશું. પોતાના ઉદ્‌બોધનનું સમાપન કરતાં આ મંડળના આર્ષદ્રષ્ટા સદ્‌ગત ચેરમૅન શ્રી માણેકલાલ પટેલસાહેબની સંસ્થાભક્તિને ઋણસ્વીકારની ભાવના સાથે યાદ કરતાં જણાવ્યું હતું કે તેમના વિચારોને ચરિતાર્થ કરવા એ જ તેમને સાચી શ્રદ્ધાંજલિ છે.

સમારોહના અંતમાં પ્રમુખસ્વામી સાયન્સ અને એચ.ડી. પટેલ આર્ટ્સ કૉલેજ, કડીના પ્રિન્સિપાલ અને કૅમ્પસ ડાયરેક્ટર ડૉ. અજય ગોરે દાતાશ્રીઓ, મંડળના કર્ણધારો, સભ્યશ્રીઓ વગેરેનો આભાર માનીને પૂ. છગનભા, પૂ. માણેકલાલ સાહેબ વગેરેનાં સપનાં સાકાર કરવા – ઊર્ધ્વતર વિકાસ કરવા કર્મનિષ્ઠ બની રહેવા અપીલ કરી હતી.

### સદ્‌ગત માણેકલાલ એમ. પટેલસાહેબની સ્મૃતિમાં રક્તદાન શિબિર

કડી સર્વ વિશ્વવિદ્યાલય અને કાલુપુર કો-ઓપરેટિવ બૅંકના સંયુક્ત ઉપક્રમે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના સદ્‌ગત ચેરમૅન શ્રી માણેકલાલ એમ. પટેલસાહેબની સ્મૃતિમાં આયોજિત રક્તદાન શિબિરના ઉદ્‌ઘાટન પ્રસંગે મંડળની ગાંધીનગર શાખાના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ, ચેરમૅન શ્રી વલ્લભભાઈ પટેલ, કાલુપુર કો.ઓપ. બૅંકના ડિરેક્ટર શ્રી હસમુખભાઈ પટેલ, બૅંકના બ્રાન્ચ મૅનેજર શ્રી હિતેન્દ્રભાઈ પટેલ, કો-ઑર્ડિનેટર શ્રી સી. એમ. શુક્લ, રજિસ્ટ્રાર ડૉ. એસ. કે. મંત્રાલા સહિત કે. એસ. વી. સંલગ્ન વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના આચાર્યો તથા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ગાંધીનગરના સેક્ટર-૨૩માં સ્થિત ફાર્મસી કૉલેજ સંકુલમાં અને સેક્ટર-૧૫માં એલડીઆરપી કૉલેજ કૅમ્પસમાં યોજાયેલ રક્તદાનમાં કુલ ૬૦૫ યુનિટ તથા સર્વ વિદ્યાલય કૅમ્પસ, કડી મુકામે યોજાયેલ રક્તદાનમાં ૫૧૯ યુનિટ રક્ત કુલ મળીને ૧૧૨૪ યુનિટ રક્ત કર્ણાવતી લાયન્સ ક્લબ, રેડ ક્રોસ અને ગુજરાત કૅન્સર રિસર્ચ સોસાયટી દ્વારા એકત્રિત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શિબિર દરમિયાન વિના મૂલ્યે હિમોગ્લોબીન તપાસની સેવા પૂરી પાડવામાં આવી હતી, તેમ જ રક્તદાતાઓને શુભેચ્છા ભેટ તથા પ્રમાણપત્ર આપી સન્માનવામાં આવ્યાં હતાં. ઉલ્લેખનીય છે કે સર્વ વિદ્યાલય દ્વારા સ્વ. માણેકલાલ પટેલસાહેબની પ્રત્યેક જન્મજયંતીએ તેમને શ્રદ્ધાંજલિ સ્વરૂપે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવે છે, જેમાં મંડળ સંચાલિત તમામ કૉલેજોના વિદ્યાર્થી – વિદ્યાર્થિનીઓ, પ્રાધ્યાપકો, સંસ્થાના હોદ્દેદારો, કર્મચારીઓ વગેરે આ મહારક્તદાન શિબિરમાં ઉત્સાહપૂર્વક જોડાય છે.

### ડૉ. સોમભાઈ પટેલને 'શિક્ષણવિદ્ પુરસ્કાર'

સેક્ટર-૨૩ના સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગરના કૅમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમાભાઈ પટેલને અમદાવાદની 'ધ ઓપન પેજ' (ડીવાઈન ચાઈલ્ડ સ્કૂલ) તરફથી તેમની શૈક્ષણિક સેવાઓને અનુલક્ષીને 'વેટરન' કેટેગરીનો 'શિક્ષણવિદ્ પુરસ્કાર' એનાયત કરવામાં આવ્યો છે. અભિનંદન.

## સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર

## ઇતિહાસની અટારીએથી

# તપોભૂમિ – વિદ્યાધામ

ડૉ. પ્રહ્લાદ કસ્વેકર

મારે મન ૧૧ વર્ષની ઉંમર સુધી મારું ઘર કડી તાલુકાના કાસ્વા ગામમાં આવેલું હતું; પણ ૧૨મા વર્ષથી કડીની સંસ્થા તપોભૂમિ વિદ્યાધામ મારું ઘર બની ગઈ છે.

હમણાં હમણાં અવારનવાર મારે આચાર્યશ્રી મોહનભાઈ, મૂર્તિમંત મહાદેવભાઈ જેવા શ્રી ભાઈલાલભાઈ અને જરૂર ના હોય ત્યાં સુધી શોધ્યા પણ ના જડે અને અનંત શય્યા ઉપર ક્ષિરસાગરમાં બેઠા રહી સર્વમાં વ્યાપી રહે તેવા શ્રી દાસકાકાને મળવાનું થતાં દરેકે ઉત્સાહપૂર્વક 'સુવર્ણ જયંતી' માટે વિદ્યાર્થી તરીકે શિક્ષક તરીકે, ગૃહપતિ તરીકે અને સ્વતંત્ર વિચારક તરીકે, આર્ષદષ્ટિથી લખવા જણાવ્યું.

મારી એક મુસીબત છે; જે બીજા કરતા હોય તેમાં હું મારી જાતને જોઉં છું. મારા ગુરુબંધુ, મારા ગુરુ અને મારા મિત્ર એવા શ્રી અનામીના લેખો વાંચ્યા પછી મને થયું કે ''સુવર્ણ જયંતી'' આદર્શ રીતે પોષાઈ રહ્યું છે. તેથી આનંદ પામતો રહ્યો, પણ છેલ્લે છેલ્લે કૉંગ્રેસ ગાંધીનગર અધિવેશનના પાંચ લાખના માનવમહેરામણમાં, ૧૯૬૮ના મેની ૮મી તારીખથી છેલ્લી મુલાકાત પછી જ્યારે ત્યાં તેમને (દાસકાકાને) ભેટી ગયો ત્યારે પણ તેઓશ્રીએ મારા વ્યક્તિત્વમાં રસ લેતાં 'સુવર્ણ જયંતી'ને માટે લખવાનું કહેતાં મારે કલમ પકડવી રહી.

હિંદુ સંસ્કૃતિ પ્રમાણે દરેક વ્યક્તિ અને દરેક વસ્તુનો ભોક્તા નક્કી થયેલ હોય છે. દક્ષિણેશ્વરના શ્રી રામકૃષ્ણ પરમહંસને પહેલેથી ખબર પડી ગઈ હતી કે શ્રી શ્રી મા કાલીએ જે જ્યોત તેના હૃદયમંદિરમાં પ્રગટાવી છે તેનો પ્રકાશ પામવા માટે કલકત્તાના કુમારો ઘરબાર છોડીને 'અલખ' જગાવવા તેમની પાસે દોડી આવશે શબરીને શ્રદ્ધા હતી કે શ્રીરામ એક દિવસ તેની ઝૂંપડીએ આવશે. આ ઘટના સતત ચાલતી રહે છે.

દરેક 'જાગેલો આત્મા' આવો આર્ષનાદ સાંભળતો હોય છે; અને તેને માટે તપોનિષ્ટ બની કર્મયોગ કરે છે. ૧૯૨૬થી શરૂ થયેલી દેશવ્યાપી કર્મયોગની સાધનામાં કડીની સંસ્થાનો ફાળો પણ નોંધપાત્ર રહેશે રાષ્ટ્રપિતા ગાંધીજીએ સંસ્થાની લીધેલી મુલાકાત સંસ્થાની તપસ્વી વ્યક્તિના આત્માની ફોરમના કારણે હતી. એ તપોમૂર્તિ પૂજ્ય ભાને હું કદાપી વિસરી શકું તેમ નથી.

''સુવર્ણ જયંતી''ના બારમા અંકમાં શ્રી દાસકાકાએ નોંધ્યું છે કે ''સરઢવ મુકામે સૌથી પ્રથમ આગેવાનોની સભા તા. ૮-૬-૧૯૧૯ના રોજ થઈ તેમાં કેળવણી મંડળની સ્થાપનાનો ઠરાવ થયો. તેમજ બોર્ડિંગ શરૂ કરવાનો નિર્ણય કર્યો.'' ..... ''અને સંવત ૧૯૭૬ના ચૈત્ર સુદ-૨ (તા. ૨૨-૩-૧૯૨૦)નો શુકનવંતો દિવસ ઊગ્યો અને તે દિવસે કડીમાં બોર્ડિંગની શરૂઆત કરી.''

દીવો પ્રકાશવા લાગે, એટલે તેના તરફથી આજુબાજુથી 'પતંગિયાં' ઊમટે. કમળ વિકસે અને પરિમલની શોધમાં ભ્રમરો દૂર દૂરથી આવે. તપોમૂર્તિ ભાની સાધનાએ સાથીઓને આકર્ષ્યા. દેશભક્તિના રંગે રંગાયેલા એ જ્ઞાનમૂર્તિઓના સાન્નિધ્યમાં રહેવા માટે અમારા જેવા 'બટુકો' આવ્યા.

સંસ્થાના જન્મના વર્ષમાં આ શરીર પણ પેદા થયું. (૧૭-૮-૧૯૨૦) અને ૧૯૩૨ના જૂન માસમાં 'તીર્થભૂમિ'નાં દર્શન કર્યાં. સંસ્થાના આ અગિયાર વર્ષના ગાળામાં ૯૦૯ સપુતો સંસ્થામાને ભાએ મેળવી આપ્યા હતા. ૯૧૦મો બટુક સંસ્થામાં દાખલ થતી વખતે ૪'-૨॥''ની ઊંચાઈવાળો અને ૫૧ રતલનો હતો. ૧૯૩૨થી ૧૯૩૯નાં પૂરાં સાત વર્ષ તીર્થભૂમિમાં રહી આશ્રમી કેળવણી લઈ જ્ઞાનમૂર્તિઓનાં ચરણકમળ સેવ્યાં. આ સમય દરમિયાન પ્રભુઆશિષથી હું એકેએક ગુરુની કૃપાદષ્ટિમાં

રહેલો એ આજે પણ સંભાર્યા વગર રહી શકતો નથી. મારા દરેક ગુરુએ પોતાના પુત્રને પણ ના ચાહ્યો હોય તેટલો સ્નેહ મારા પર રેલાવ્યો છે. જાણે મૂર્તિમંત 'પ્રહ્‌લાદ' જ હું ન હોઉં તેમ દરેક ગુરુએ મારામાં શક્તિ ભરી છે, જેમ દેવોએ પોતપોતાની શક્તિનું શ્રીયોગમાયામાં મહિષાસુરના નાશને માટે સમર્પણ કરેલું.

હવે હું વિદ્યાર્થી તરીકેની મારા હૃદયમાં સંઘરાયેલી અનુભૂતિઓનો આવિર્ભાવ કરીશ.

કિશોરાવસ્થામાં પૂ. રતિભાઈ અમીને જે સંસ્કાર અને પ્રેમ આપ્યાં છે તે સાંદીપનિ ઋષિની યાદ અપાવે તેવાં છે. તેમનું ઋજુ હૃદય આજે પણ તેમને 'સાધના'ના પથમાં ઊંચે અને ઊંચે લઈ જઈ રહ્યું છે. શ્રી અરવિંદની સાધનામાં તેમને હું લીન થયેલા જોઉં છું. ૧૯૩૨માં અમારા ગૃહપતિ તરીકે પૂ. રતિભાઈ અમીન હતા. મારે મન તે 'મા' હતા – નરી વાત્સલ્ય મૂર્તિ. ''ગુરુકુલમાં કેમ જાશો બ્રહ્મચારી, તમારી માતા તમને રોકશે !'' આ ગીત તે વખતે અમે બહુ ગાતા. પણ કડી ગુરુકુલમાં મને પૂ. રતિભાઈ અમીનમાં આદર્શ વાત્સલ્યમૂર્તિનાં દર્શન થતાં ઘર ભુલાઈ ગયું. તીર્થભૂમિની જ્ઞાનગંગાનો આ પ્રથમ ઓવારો. તેમની પાસેથી રામાયણ અને મહાભારતની કથાઓ સાંભળી અને રામાયણ અને મહાભારત ધો. ૧ અને ધો. ૨માં ભણ્યા. સોલંકી યુગની કીર્તિ કથાઓની વાતો તેમની લાક્ષણિક શૈલીમાં ટગર ટગર નયને તેમના ચહેરાને વાંચતાં સાંભળી અને અંબાલાલ મિસ્ત્રી કૃત પુસ્તક વાંચ્યું. ''કુમાર વીરસેન''ની રસભરી સાહસકથાઓ દ્વારા વીરતા પોષી. નિશાનિવાસો, પ્રવાસો અને રંગભૂમિ ઉપર હળવી રજૂઆતો દ્વારા શક્તિને જગાડી 'આશ્રમ જીવન' જીવવાનો આનંદ હંમેશને માટે હૃદયમાં વહેતો રાખ્યો. ૧૨ વર્ષની ઉંમરે પણ જે આશ્રમ જીવન જીવતો તે આજે પણ જીવવાની બાદશાહી આદત રહી છે. શ્રી કુબેરભાઈ અને શ્રી રતિભાઈની સાથે 'સુરપાણેશ્વરનો ધોધ'નો પ્રવાસ યાદ આવે છે. 'દલપતનું કોટિયું' જ્યારે નર્મદાનાં ઊંડાં નીર પર વહેતું હતું અને નર્મદાનાં નીરને હોડીમાં દાખલ થવાની ઇચ્છા થઈ ત્યારે પણ શ્રી રતિભાઈનું માતૃહૃદય અમે દરેક યાત્રી અનુભવી શક્યા હતા. ભોજનમાં, વ્યાયામમાં, સ્વાધ્યાયમાં દરેક ઠેકાણે તેમની બાલમાનસના અભ્યાસીની દૃષ્ટિ કામ કરતી હતી. પ્રાતઃ ઉત્થાનમાં પણ વિનોબાજીની 'ગીતા પ્રવચનો'માંની નોંધને અમીનસાહેબે ખોટી પાડી છે. ''છાત્રાલયનો ગૃહપતિ કર્કશ અવાજે બૂમ પાડીને ઉઠાડે છે તેવું વિનોબાજીએ લખ્યું છે. પણ મારા કોઈ ગૃહપતિએ મને સાત વર્ષમાં ''કોમળ મધુ નાદ'' વગર જગાડ્યો નથી. શ્રીરામને જગાડવા ''હરિ જાગો રે'' એમ કહેવાતું તેમ અમને તેમના આત્મજ હોઈએ તે રીતે પ્રસન્નતાપૂર્વક જગાડતા; પણ હું ફિલસૂફની અદાથી ''જાગીને જોઉં તો જગત દીસે નહિ'' એમ સમજી ફરી ઊંઘી જતો અને ફરી અમીનસાહેબ જગાડી જાય. પણ હું પથારીમાંથી ઊઠ્યા પછી કદી નિષ્ક્રિય, કે બેદરકાર રહ્યો નહોતો તેનો આનંદ તેમણે અનુભવેલો. આ સ્પર્ધા એકાદ બે વર્ષ નહિ પણ પૂરાં સાત વર્ષ ચાલી. જગાડવામાં ન અમીનસાહેબ કે છગનભાઈ સાહેબ હાર્યા કે ફરી સૂઈ જવામાં ન હું હાર્યો. આવી વાત્સલ્યમૂર્તિને આજે પણ હું એ જ પ્રેમભક્તિથી નિહાળું છું.

કાપડના વણાટમાં ઊભા અને આડા તાણા રહેલા હોય છે. આશ્રમજીવનના આ ઘડતરની સાથેસાથે સર્વ વિદ્યાલયના ગુરુઓ પણ ભાગ ભજવતા. તેમાં ધોરણવાર અકેક ગુરુની મારી પર ઘેરી અસર રહી છે. અને તે વર્ષમાં હું તે ગુરુનો 'પ્રિયદર્શન' બની રહ્યો છું. આશ્રમજીવન અને વિદ્યાલયજીવન જુદાં વરતાતાં જ નહિ. શ્રી ભાઈલાલભાઈ એ વખતે સુઘડતાની મૂર્તિ જેવા પૂજ્ય બાપુભાઈની અને પૂજ્ય છગનભાઈની બાજુમાં કામ કરતા બેઠેલા જોવા મળતા તે દિવસોમાં સાયંપ્રાર્થનામાં હાજરી લેતી વખતે અને દિવસે પુસ્તકાલયમાં અને પ્રસંગોપાત્ત મંડળ કાર્યાલયમાં વસ્તુ ભંડારના હિસાબની લેવડદેવડમાં તેમને મળવાનું થતું. ગુરુજનોએ આપેલી પુસ્તકોની યાદી લઈને જઉં તો હર્ષભેર યાદી લઈને પુસ્તકો કાઢી આપે. તેમણે મને કદી વર્ગમાં આવી ભણાવ્યો નથી; પણ વિદ્યાર્થીજીવનમાં તેમ જ સંસ્થામાં જ્યારે શિક્ષક તરીકે હતો ત્યારે તેમના સહજીવનમાંથી મને ઘણું શીખવા મળ્યું છે. તેમની આયોજનશક્તિ, વ્યવસ્થાશક્તિ અને ગુણગ્રહણ કરવાની શક્તિઓથી તે પૂજ્ય બાપુભાઈના પ્રિય બની ગયેલા તે હું જોતો. સાચે જ બાપુના મહાદેવ.

જ્ઞાનમંદિરમાં આશ્રમના દરવાજામાં પેસતાં ડાબા હાથની બે રૂમોની વચ્ચે બારણું પાડી બનાવેલ પુસ્તકાલયમાં પ્રવેશ કરતાં તેની અંદરની વ્યવસ્થા, શાંતિ અને પવિત્રતાનો લાભ મને ઘણીવાર મળ્યો છે. પૂજ્ય બાપુભાઈના અનુગ્રહને કારણે તેમના સ્વયંસેવક તરીકે

કામગીરી બજાવતો; અને મારી જ્ઞાનપિપાસા તૃપ્ત કરવા મને પણ એક આસને બેસાડતા. જુદાજુદા વિષયોમાં પારંગત વિદ્વાનો મારફત 'જ્ઞાનસત્રો' યોજ્યા પછી વક્તૃત્વ સભામાં મારી તરફ નજર કરતાં હું સહજ રીતે 'પ્રેમ અને શ્રેય'ની દૃષ્ટિથી ઉપનિષદ્‌ની નચિકેતાની કથાની રજૂઆત કરતો. આ વખતે દરેક સાહેબ એકબીજાની સામે જોતા અને માંહેમાંહે બોલતાં આ તો કોઈ 'સાહેબ' લાગે છે અને સાતે વર્ષ માટે સંસ્થામાં મારું નામ બધાને માટે 'સાહેબ' બની રહ્યું. આ વર્ષોમાં મારા મિત્રોમાં સર્વશ્રી હૃષિકેશ ઠાકર, ધનાભાઈ વકીલ, હરગોવિંદભાઈ મહેસાણાવાળા, ઈશ્વરભાઈ ખારાઘોડાવાળા, આત્મારામભાઈ, ખોડાભાઈ માજી ધારાસભ્ય, અંબાલાલભાઈ, રતિભાઈ ગામી વગેરે હતા. તેઓ અને અન્ય તે દિવસોમાં સાથે રહેલા મિત્રોનાં ગમે ત્યાં દર્શન થતાં સંસ્થાદર્શન અનુભવું છું. જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં સદાકાળ ગુજરાત એ કવિવચન સાર્થક થયેલું જોઉં છું.

વડોદરા, ઇંદોર, અમદાવાદ, બનારસ આમ જુદેજુદે ઠેકાણે છાત્રાલયજીવન મળ્યું છે; પણ 'તીર્થભૂમિ' તો કડીની સંસ્થા જ બની રહી છે. તેની પાછળ તે વખતના આજીવન સંસ્થાના સેવકોનું આત્મસમર્પણ છે. તેમાંના કોઈએ પોતાના શિક્ષણકાર્ય સિવાય બીજી કોઈ સિદ્ધિની ચાહના કરી જ નહોતી. શિલ્પકારની અદાથી સતત ચીવટભરી નજરથી મૂર્તિને કંડારવાનું જ કામ કરતા હતા. અને તેમને ફાળે આવેલું કામ કરી બીજાના હાથમાં સોંપતા જતા હતા.

આમ શ્રી રતિભાઈ અને શ્રી ભાઈલાલભાઈની અસરો ઝીલ્યા પછી શ્રી (ભાણેકલાલ) રાવલસાહેબની પાસે આવ્યો. લોકકથાઓ, લોકગીતો, લોકસાહિત્ય અને મીઠી વાણીનું અમૃત તેમણે મારા જીવનમાં સીંચ્યું. સદા યુવાની ટકાવનાર સ્કાઉટવીર તરીકે આજે પણ હું તેમના પર વારી જઉં છું. ''ગણપતિ બાપા ભોળિયા રે'' અને ''શિવાજીને નિંદરું ના આવે રે'' ગીતોના સૂર આજે પણ આંખો મીંચતાં કાન પર સંભળાય છે. તેમના કંઠની મધુરતા અને જુદાંજુદાં પાત્રો દ્વારા ભજવેલ સંવાદોમાં કરેલો અભિનય તેમની યાદ અમર બનાવે છે.

બીજા ધોરણમાંથી ત્રીજા ધોરણમાં આવતાંની સાથે જ ગણિતશાસ્ત્ર અને અંગ્રેજીનો રસ વધારનાર તરીકે પૂ. વાલજીભાઈનો ફાળો અનેરો છે. સરળ રીતે શબ્દોના અર્થ સમજાવી ગોખણપટ્ટીને તે દૂર કરાવતા. Con together અને jungo – I join દ્વારા Conjunctionનો અર્થ ત્રીજા ધોરણમાં શીખવાડતા. 'ટટાર બેસો'નો આગ્રહ તેમણે જે સેવેલો તેનો ફાયદો મને જે મળ્યો છે તે હું કદી નહિ ભૂલું. મારા લેખનકાર્યમાં કે પરમાત્માના ધ્યાનમાં કલાકો સુધી આસનબદ્ધ બેસવામાં જે સરળતા અને સ્વાભાવિકતા આવ્યાં છે તેનું બધું શ્રેય પૂ. વાલજીભાઈના આગ્રહી સ્વભાવને ફાળે જાય છે. શ્રી રામકૃષ્ણ પરમહંસ પ્રથમ, દ્વિતીય અને તૃતીય શ્રેણીના ગુરુની વ્યાખ્યા આપતાં કહે છે કે પ્રથમ શ્રેણીનો ગુરુ પોતાના વિચાર પ્રમાણે આચરણ કરાવીને રહે છે; બીજી શ્રેણીનો ગુરુ બોલીને રહે છે; અને ત્રીજી શ્રેણીનો ગુરુ ''મારે શું કહીને રહે છે.'' પૂ. વાલજીભાઈ આ દૃષ્ટિએ પ્રથમ શ્રેણીના ગુરુ ગણી શકાય. મૌખિક કાર્ય કરાવ્યા વગર કદી દાખલા ગણાવ્યા નથી. સ્મૃતિનો શિક્ષણમાં જરૂરી સમન્વય તે કરાવતા. તેઓ સદા નીરોગી અને કામગરા રહેલા. મને તેમની અંદર વાલીની અપાર શક્તિ નજરે પડતી.

આશ્રમજીવનનો મોટો લાભ એ હતો કે વર્ગમાં ગુરુજનોના જીવનની એક આભા મળતી અને આશ્રમમાં તેમના જીવનની બીજી ઝલકનાં દર્શન થતાં. પૂજ્ય છગનભાઈના જીવનને હું પ્રમાણમાં વધારે જાણી અને માણી શક્યો હતો. તેમના અંગે ષષ્ટિપૂર્તિમાં મેં પ્રેમપૂર્વક લંબાણથી લખ્યું છે. અહીં તેમની શ્રીકૃષ્ણના મહાન ભક્ત જાંબુવાન સાથે તુલના કરી વિરમું છું.

પૂજ્ય ઉમેદભાઈને હું ફક્ત વર્ગોમાં જ માણી શક્યો; પણ તેમનો વર્ગ મારે મન સ્વર્ગ હતો. ગુજરાતી, સંસ્કૃત, ઇતિહાસ, રાજ્યબંધારણના મહાન ઉસ્તાદ હતા. અભ્યાસની ગહનતા, ભાષાનું લાલિત્ય અને સ્વતંત્ર વિચારદૃષ્ટિનું અમીસિંચન તેમણે એક કલાકારની અદાથી કર્યું છે. ૧૯૩૯માં હરિપુરા કૉંગ્રેસનું અધિવેશન પૂરું થયા પછી ''સુભાષચંદ્ર બોઝની સરાણ પર મહાત્મા ગાંધી''નું પ્રેરક પ્રવચન જ્યારે તેમણે કરેલું ત્યારે તેઓ 'વીરમૂર્તિ' બની ગયેલ. આવી જ રીતે તેમના સાથીદારો બાબતમાં વ્યંગ્યાર્થ વાણી કલાત્મક રીતે રજૂ કરતા જે સાંભળનારને સ્મિત કરાવતી. મુંબઈ યુનિવર્સિટીની મૅટ્રિકની પરીક્ષામાં ૧૯૩૫ના કાયદા પ્રમાણેનું પ્રાંતિક સ્વરાજ્ય (Provincial Autonomy) તેમની પાસેથી ભણ્યા પછી આગ્રા યુનિવર્સિટીના પ્રોફેસર ચેટરજી પાસે B.A.માં રાજનીતિશાસ્ત્રમાં તે બાબત ભણવાની આવી ત્યારે તેમાં

'પરિમલ'ની ફોરમ નહોતી. ભાષાઓ અને ઇતિહાસ શીખવતી વખતે સામાન્ય જ્ઞાનનો અને દર્શનશાસ્ત્રનો જે આડપ્રવાહ તે વહેવડાવતા તેથી વિષય ઘણો રસિક બનતો. કાન્તનાં ખંડકાવ્યો તેમની પાસે વિદ્યાર્થી તરીકે ભણ્યા પછી તેમની સાથે શિક્ષક તરીકે કામ કરતાં પણ ફરી સાંભળતો ત્યારે તેમની રસિકતા અને સાહિત્ય પ્રેમનો અનુભવ કરતો. સુંદરજી ગો. બેટાઈના 'સુલોચનાનું લોચનદાન' કાવ્ય જેવું તેમનું એક ખંડકાવ્ય 'પૂજારિણી' આજે પણ મને આપણી ગુજરાતી ભાષાનાં ઉત્તમ ખંડકાવ્યોમાં વસંતવિજય, ચિત્રવિલોપન વગેરેની સાથે બેસી શકે તેવું લાગ્યું છે. તે કાવ્યમાં ગુજરાતી ભાષાની શક્તિ અને માનવજાતમાં રહેલો અહમ્ એકીસાથે આલેખાયેલાં માલૂમ પડ્યાં છે.

ખૂબીની વાત તો એ છે કે આ બધા ગુરુજીઓની સાથે શિક્ષક તરીકે સર્વ વિદ્યાલયમાં કામ કરવા છતાં પણ મારે મન તેઓ (આજે મારી સુવર્ણ જયંતીના ટાણે – સંસ્થાનો અને મારો જન્મ એક જ વર્ષમાં છે અને સંસ્થા સાથે હું એકરૂપ છું) વિદ્યાભ્યાસ વખતના પૂજ્ય અને શ્રદ્ધેય ગુરુજીઓ બની રહ્યા છે.

જે પ્રમાણે જે ગુરુજનો મારા ઘડતરમાં ભાગ ભજવતા ગયા તેમ તેમનો ઉલ્લેખ કરતો જઉં છું. ધોરણ ૫થી ૭ (હાલના ધોરણ ૯થી ૧૧)માં પૂજ્ય પોપટભાઈ ગણિતશાસ્ત્ર ભણાવતા. આશ્રમજીવનમાં તેમના દર્શન માત્રથી હું ૧૯૩૨થી ૧૯૩૫ સુધી મુગ્ધ રહીને ફરતો; તેમની નજીકમાં જવાનું બન્યું જ નહિ; કારણ કે તેઓ નહોતા મારા પ્રત્યક્ષ શિક્ષક કે ગૃહપતિ; છતાં તે આશ્રમમાં રહેતા અને જ્યારે આશ્રમમાં હોય ત્યારે પ્રાર્થનામાં ભાગ લેતા. સંસ્થામાં દાખલ થયેલો ત્યારે તેમના માટેની એક સુવાસ આશ્રમમાં ફેલાયેલી હતી. ગાંધીજીની માફક બ્રહ્મચારી રહી ગૃહસ્થ જીવન જીવે છે અને યોગ કરે છે. ૧૯૩૬થી ૧૯૩૯નાં વર્ષોમાં તો હું ગણિતશાસ્ત્રના વિદ્યાર્થી તરીકે તેમનો પ્રિય શિષ્ય બની રહ્યો. દાખલો ગણતાં પોતે ક્યાંય ગૂંચવાયા હોય તો ''પ્રહ્‌લાદ પૂરો કર જોય'' એમ કહીને આંખથી આંખ પરોવી શક્તિ ભરતા હાથમાં ચોક આપીને પોતે બાજુમાં ખુરશી લઈ મને આગળ વધતો જોઈ રહેતા અને પ્રસન્નતા અનુભવતા. આવી હતી તેમની વિદ્યાર્થીમાં અપૂર્વ શ્રદ્ધા. આ શ્રદ્ધાને કારણે જ, જ્યારે પૂજ્ય આચાર્ય બાપુભાઈ ગામી સ્વર્ગસ્થ થયા ત્યારે તેમણે આચાર્યપદ ૧૯૪૩માં સંભાળ્યું. અને તે વખતે તેમણે મને શિક્ષક તરીકે અને કિશોરકુંજના ગૃહપતિ તરીકે પસંદ કર્યો. તેમની સાથે સમાજ સુધારણાનાં કાર્યોમાં સાણંદ, ઊંઝા વગેરે ઠેકાણે ફરવાનું મળ્યું. તે વખતે તેમની અંદર રહેલી ચોકસાઈ, એકાગ્રતા અને શ્રીમદ્ રાજચંદ્રની યોગનિષ્ઠાનાં દર્શન થયાં. તેમની પાસે વિશદ વિચારસરણી હતી. સામાને સમજીને જરૂર પડે તો જ પ્રત્યુત્તર વાળવાની ધીરજ હતી. તેમની અંદર ગાંધીઅર્થશાસ્ત્રની ઊંડી સમજ અને આચરણ સહજ રીતે પળાતાં હતાં. Jesco Industryમાં મુંબઈમાં પણ તેમની એ સાદાઈ અને ઉપયોગિતાવાદ રોજિંદા જીવનમાં જણાય છે. ગાંધીજીની ગૃહઉદ્યોગની આવશ્યકતા તેઓ સમજેલા અને સુથારી, વણાટ અને દરજીકામ અને ખેતીકામમાં વિદ્યાર્થી ગૌરવ અનુભવે તે જોતા. તેમણે ઉપદેશેલી એક બાબત મારે મન સહજ બની ગઈ છે. 'મળને ઢાંકો' એ માટે તેમનો ઘણો આગ્રહ હતો. પછી તે શરીરનો હોય કે મનનો હોય. સ્વચ્છતાના ઉપાસકે દિવ્યતા તરફ દૃષ્ટિ રાખવી; આપોઆપ સ્વચ્છ થવાશે.

બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની ત્રિમૂર્તિ જેવા છગનભાઈ, બાપુભાઈ અને પોપટભાઈમાં પૂજ્ય બાપુભાઈ બાકીના બેને સાંકળનાર કડી સમાન હતા. તેમના સ્મરણ માત્રથી જ મને કંઠોપનિષદ્‌નો પેલો પ્રસિદ્ધ મંત્ર યાદ આવે છે –

**आत्मानं रथिनं विद्धि शरीरं रथमेव तु ।**
**बुद्धिं तु सारथिं विद्धि मनः प्रगहमेव च ॥**

**इन्द्रियाणि हयानाहु विषयांस्तेषु गोचरान् ।**
**आत्मेन्द्रियंमनोयुक्तं भोक्तेत्याहुर्मनीषणः ॥**

આત્માને રથમાં બેઠેલો જાણ, શરીરને રથ જાણ, બુદ્ધિને રથને હાંકનારો જાણ. અને મનને લગામ જાણ. ઇંદ્રિયોને જુદાજુદા વિષયોમાં ફરનારા ઘોડા જાણ. સાચો વિચારશીલ આત્મા, મન ઇંદ્રિય વગેરેને એકીસાથે યોજીને કામ કરે છે.

આચાર્ય બાપુભાઈ ગામી દરેકની સાથે આવા **'યુક્ત'** જણાતા. સૌ કોઈ કહેતા ''મારા બાપુભાઈ''. મારા દરેક ગુરુજી કામ કરતા પણ તે કાર્ય જાણે કોઈને 'સમર્પણાર્થે' કરતા હોય તેવું લાગતું. મને પણ વિદ્યાર્થી મંડળમાં ઉદ્યાનમંત્રી તરીકે તેમની પાસે રહીને કામ કરવાનું મળ્યું હતું. તે વખતે જે રીતે મારી પાસેથી જે રીતે કામ

લેતા તેથી કામ કરવાનો અનેરો આનંદ આવતો. આશાભાઈ નામના મારા એક સહાધ્યાયીને તો એટલો બધો રસ લગાડેલો કે આશ્રમના મકાનની સામે – આજે જ્યાં પૂજ્ય છગનભાની પ્રતિમા છે ત્યાં આશોદ્યાન નામકરણ કરી તેના રસને પોષ્યો; અને તે ભક્તિ અને સેવા આશાભાઈએ બહેચરભાઈને વારસામાં આપી.

પૂજ્ય બાપુભાઈની પાસે વિદ્યાલયમાં સંસ્કૃત અને અંગ્રેજીના પાઠો ભણ્યો. તે ભણતી વખતે તેમના જ્ઞાનની ઝલક કરતાં તેમના હૃદયની સંસ્કારિતા બહુ અસર કરી જતી; અને તેથી કરીને સંસ્કૃત કે અંગ્રેજીની ભાષા કરતાં તે પાઠોમાં અને વાક્યોમાં જે સત્ય રહેલું તેમાં હું ગરકાવ થઈ જતો. એમણે સીંચેલી આ દષ્ટિના કારણે મને B.A., તથા M.A.ના અભ્યાસમાં Philosophyનો વિષય પ્રિય થઈ પડ્યો; જે મોટા ભાગે વિદ્યાર્થીને ગહન અને શુષ્ક લાગે છે.

શ્રી અરવિંદના ''Essays on the Gita'' ૧૯૩૯માં તેમણે મને વાંચવા આપેલા. ત્યારબાદ મેં ગીતા ઉપરનાં જુદાજુદા સંતોનાં અને વિદ્વાનોનાં અનેક ભાષ્યો વાંચ્યાં. તે વખતે મને ખબર નહોતી કે ગીતા વિશે ઊંડું જ્ઞાન લેવા માટેનું આ પ્રથમ સોપાન છે. આમ વિદ્યાર્થીને ઓળખી તેની અંદર રહેલી વિશિષ્ટ શક્તિનો વિકાસ અને આવિર્ભાવ કરાવતા. પૉંડિચેરી આશ્રમમાં જઈ જે સાધના તે કરતા તે કર્મયોગી બની રોજિંદા જીવનમાં ચાલુ રાખતા. પ્રભાત સંકીર્તન માધવલાલ આદરજવાળા પાસે કરાવતા. આધ્યાત્મિકતા તેમણે કદી ઊભરાવા દીધી નથી; ફક્ત કોઈ કોઈવાર માથાના બાલ ત્રણત્રણ માસ સુધી વધી ગયેલા જોયા છે. વેશભૂષામાં છેલ્લાં વર્ષોમાં ખાદીનાં કોટ-પાટલૂન તેમણે અપનાવેલાં. શ્રી અરવિંદની માફક તેમણે પણ અંગ્રેજોના હિંદીઓના સંસર્ગને આવકાર્યો હતો. મારું નમ્ર માનવું છે કે તેમના આશીર્વાદથી જ સંસ્થાએ મને B.Ed.ના અભ્યાસ માટે વારાણસી મોકલ્યો હશે; અને ત્યાં જઈ બ્રહ્મવાદિની પરમાત્મા-સ્વરૂપ શ્રી શ્રી મા આનંદમયીના ચરણકમળમાં રહેવાનું સદ્‌ભાગ્ય સાંપડ્યું હશે.

આ બધા ગુરુજીઓની સાથેસાથે ધૂમકેતુ જેવા, થોડા વખત માટે પણ આંજી નાંખે તેવા ગુરુઓને પણ ભૂલી શકાય તેમ નથી. સર્વશ્રી ઇનામદાર, અનામી, અધ્વર્યુ, અંજારિયા, મહેતા વગેરે પણ સંસ્થામાં જોડાવાનું ગૌરવ અનુભવતા. વૉરા સાહેબ જેવા પણ સર્વ વિદ્યાલયની વિશાળતામાં રાચતા.

શું શું સંભારું ! ''પ્રિય સર્વ વિદ્યાલય સોહે ! જ્યાં હૈયે હૈયાં ડોલે !'' સંસ્થાનો આવિર્ભાવ ત્યાગમાંથી થયો હતો. અજ્ઞાનતિમિર હટાવવાને માટે થયો હતો. જેથી કરીને સંસ્થામાં કામ કરનારને શિક્ષક કે સંસ્થામાં ભણી ગયેલ વિદ્યાર્થીને ત્યાગનો વારસો મળેલો છે. સંસ્થાનો મુદ્રાલેખ **सेवैव महाव्रतम्** સાર્થક થયો છે.

સંસ્થાની એક વિશિષ્ટતા એ રહી છે કે સંસ્થાનો અભણ કે ભણેલો સૌ કોઈ સેવક આદરપાત્ર રહ્યો છે. માલાજી રસોઇયા ઘરના નોકર હોવા છતાં તે અમને પ્રિય હતા. નિવૃત્ત થયા ત્યારે સંસ્થાએ અને વિદ્યાર્થીઓએ તેમની કદર કરી પ્રેમભરી વિદાય આપી હતી; પણ થોડાક ગાળા પછી તેમને સંસ્થા વગર ચેન ન પડ્યું અને ફરી સેવક તરીકે ચાલુ થયા હતા. સોમનાથ કોઠારી, બાપુદાસ, જોઈતારામ, માધવલાલભાઈ વગેરે પોતપોતાના ક્ષેત્રમાં સંપૂર્ણ રહી વિદ્યાર્થીઓની સેવા કરવાની તક કદી ચૂકતા નહિ. કર્તવ્ય બજાવવામાં ઊણપ રહેતી નહિ.

આમ આખું ધ્રુવસપ્તક મોટું અને નાનું 'પૂજ્ય બાપુભાઈના ધ્રુવતારકની આજુબાજુ પ્રદક્ષિણા કરતું અને પ્રકાશ રેલાવતું. મહાકવિ ન્હાનાલાલની માફક વધારે શું કહું !

''પુણ્યાત્માનાં ઊંડાણો આભ જેવાં અગાધ છે.'' ૧૯૪૦થી ૧૯૫૪ સુધી માતૃસંસ્થામાં શિક્ષક અને ગૃહપતિ તરીકે કામ કર્યા પછી છેલ્લાં પંદર વર્ષથી આચાર્ય તરીકે પણ જ્યાં ફરજ બજાવી છે ત્યાં સર્વ વિદ્યાલયને સંભારીને કર્તવ્યપાલનમાં રત રહ્યો છું. મારી જાતને જંગમ સર્વ વિદ્યાલય સમજી માતૃસંસ્થાના આદર્શોને અમલમાં મૂકું છું. 'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગૂજરાત' એ ઉક્તિ પ્રમાણે સર્વ વિદ્યાલયની સુવાસ અનોખી રીતે ફોરમ આપે છે. ''નિત્ય નૂતન એ ભાસે'' ઉદ્‌ગાર વિદ્યાધામને માટે સાચા નીવડ્યા છે. માતૃસંસ્થાનાં હજારો બાળકો તેના ગૌરવ અને શાનને જુગજુગ સુધી સાચવશે એટલું બધું સુકૃત સંસ્થાના પાયામાં સમાયું છે, તેની મારું હૃદય સાખ પૂરે છે.

**ॐ भवतापप्रणाशिन्यै आनन्दघनमूर्तये ।**
**ज्ञानभक्ति प्रदायिन्यै मातस्तुभ्यं नमोनमः ॥**

(સુવર્ણજયંતી : સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયંતી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક વર્ષ-૧, અંક-૨૫, તા. ૧૨-૩-૯૦, પૃ, ૪-૮ તથા અંક ૨૬ પૃ. ૨માંથી સાભાર)

### પદ્મશ્રીથી વિભૂષિત

# આપણા સર્વેના ગણપતભાઈ પટેલ

**વિષ્ણુભાઈ અં. પટેલ અને વિષ્ણુભાઈ આ. પટેલ**

અમદાવાદ સ્ટેશનથી દક્ષિણ દિશામાં જઈએ તો નડિયાદ, આણંદ, વડોદરા, સૂરત, નવસારી વગેરે આવે. આ ભાગમાં ફળદ્રુપ જમીન અને વરસાદની પણ મહેરબાની. નહેરો પણ ખરી. આના કારણે ખેતીવાડી સરસ અને પ્રજા પણ પૈસેટકે સુખી. પૈસાના કારણે ભણેલાઓનો વર્ગ પણ મોટો. ભણતરના કારણે પરદેશ જતા-આવતા અને નવા નવા વિચારો પણ લાવતા. સાહસિક પણ ખરા.

અમદાવાદથી ઉત્તર દિશામાં જઈએ તો કલોલ, મહેસાણા, પાલનપુર વગેરે આવે. વરસાદ પ્રમાણમાં ઘણો ઓછો અને નહેરોની સગવડ પણ પ્રમાણમાં ઓછી. આથી ખેતીવાડી પ્રમાણમાં નબળી. આના કારણે પ્રજા પ્રામાણિક અને મહેનતુ હોવા છતાં ગરીબ. આ ગરીબાઈમાંથી કઈ રીતે બહાર નીકળવું. ઓછામાં પૂરું અંધશ્રદ્ધા. ઘરમાં કોઈ માંદું હોય તો દાક્તરની દવાના બદલે માતાજીની માનતામાં વધારે શ્રદ્ધા. હજુ પણ ગામડાંઓમાં પ્રજાનો ૨૦% ભાગ આમાં માને છે. આવો સમાજ ૧૯૪૭ની આઝાદીના સમય પહેલાં હતો. આમાંથી સમાજને બહાર કાઢવાનો પ્રયત્ન ઘણા બધા સમાજસુધારકોએ કરેલો અને એવું લાગેલું કે શિક્ષણથી સમાજ બદલી શકાશે. આ માટે શિક્ષણ આપતી સંસ્થાઓ જોઈએ. આ માટેનો ભગીરથ પ્રયત્ન છગનભા, ધનશા ભગત, દાસકાકા, માણેકલાલભાઈ વગેરેએ કરેલો અને કડીમાં બૉર્ડિંગ અને હાઈસ્કૂલ બનાવી શકેલા. અને આપણા સારા નસીબે ઋષિઓ જેવા આચાર્યો ગામી સાહેબ, પોપટભાઈ સાહેબ, નાથાભાઈ સાહેબ, મોહનભાઈ સાહેબ, મનુભાઈ સાહેબ વગેરે મળ્યા. અને તે બધાના ભગીરથ પ્રયત્નોથી સમાજ બદલાવવા માંડ્યો. આપણને સારા ઇજનેરો, સારા દાક્તરો, સારા લેખકો, સારા શિક્ષકો, સારા અધ્યાપકો, સમાજના સારા કાર્યકરો મળવા માંડ્યા, પણ એટલામાં તો દુનિયા ક્યાંયના ક્યાંય પહોંચી ગઈ. કમ્પ્યૂટરો, ટેલિફોન, મોબાઈલ અને દવાઓની જુદાજુદા પ્રકારની શોધોના કારણે દુનિયા બદલાઈ ગઈ અને ઝડપી બની ગઈ. આવા સંજોગોમાં સમાજ કઈ રીતે આગળ વધી શકે ? નવા ભણતર માટે નવી પેઢીના નવું વિચારનારા ઘણા અધ્યાપકો જોઈએ. નવી કૉલેજો અને યુનિવર્સિટીઓ જોઈએ. આના માટે અઢળક પૈસા જોઈએ.

૧૯૫૫થી ૧૯૭૦ સુધીમાં ઉત્તર ગુજરાતમાંથી ઘણા વિદ્યાર્થીઓ અમેરિકા ભણવા જતા. એન્જિનિયરિંગમાં છેલ્લા વર્ષમાં બીજો કે પહેલો વર્ગ આવે તે વિદ્યાર્થીઓને અમેરિકાની યુનિવર્સિટીઓ M.S.માં એડમિશન આપતી. આવા વિદ્યાર્થીઓ ફક્ત નવ જ મહિનામાં M.S. થતા અને તુરત જ તેમને એન્જિનિયર તરીકે નોકરી મળી જતી. આથી ગમે ત્યાંથી ઉછીના પૈસા લાવીને વિદ્યાર્થીઓ અમેરિકા ભણવા આવતા. ગામડાંઓમાં તેમના ગામના કે તેમના સગાસંબંધી આ રીતે ભણવા જાય તે ગર્વનો વિષય બનતો. જ્યારે ૧૧ કે ૧૨મા ધોરણ પછી B. Sc. માટે ચાર વર્ષનો અભ્યાસક્રમ હોઈને સામાન્ય રીતે સુખી ઘરના, હિંમતવાળા અને સાહસિક વિદ્યાર્થીઓ અમેરિકા ભણવા જતા. આ ચાર વર્ષ માટે પૈસાનું ખર્ચ ઘણું વધારે હોઈને ઘણા વિદ્યાર્થીઓને આર્થિક સંજોગોના કારણે ભણવાનું છોડી દેવું પડતું. આ બધા વિદ્યાર્થીઓમાંથી અમેરિકામાં થોડાઘણા સ્થાયી થયા અને સારું કમાતા થયા. આ વિદ્યાર્થીઓમાં ઘણા બધા રાષ્ટ્રપ્રેમી અને સમાજ માટે અવનવું કરી છૂટવાની ભાવનાવાળા હતા. તે બધા સમાજનો ભાગ જ હતા અને સમાજને બદલવા માટે

બલિદાન આપવાની તૈયારીવાળા હતા. સ્વબળે ભણનારા, ફક્ત $ ૪૦૦ લઈને ગયેલા અને ઇલેક્ટ્રોનિક્સની શરૂઆત થઈ તે જ સમયે તેનો અભ્યાસ કરનારા અને ધંધામાં ઝંપલાવનારા ગણપત યુનિવર્સિટીના સ્થાપક ગણપતભાઈ પટેલ આપણા બધા માટે પ્રેરણારૂપ છે. તેમણે ઉત્તર ગુજરાતને ગરીબાઈમાંથી છુટકારો અપાવવા માટે કરોડો રૂપિયા ગણપત યુનિવર્સિટીને આપ્યા જેનાથી આ યુનિવર્સિટી નવા નવા વિષયોવાળી એન્જિનિયરિંગ કૉલેજ, ડિપ્લોમા કૉલેજ, ફાર્મસી કૉલેજ, મૅનેજમેન્ટ એડમિનિસ્ટ્રેશન બિઝનેસ કૉલેજ શરૂ કરી શકાઈ. ગણપતભાઈ હાલના જમાનાના આપણા છગનભા છે.

**જન્મ અને શિક્ષણયાત્રા**

ગણપતભાઈનો જન્મ જાન્યુઆરી ૧૨, ૧૯૪૫ના રોજ ભુણાવ ગામમાં થયો હતો, તેમણે ભુણાવમાં રહીને એકથી આઠ ધોરણ સુધી અભ્યાસ કર્યો અને ગામમાં રહેતા હોઈને ખેતરનાં બધી જ જાતનાં કામકાજમાં પાવરધા, તેમજ ગામડાઓના માણસોને બરાબર ઓળખતા. તેમના આ જ ગુણો તેમને ગામડાઓની સિકલ ફેરવવા પ્રેર્યા છે. તેમને કુલ્લે છ ભાઈઓ અને પાંચ બહેનો. તેમના પિતા ઈશ્વરભાઈ રણછોડદાસ પટેલ અને માતા મેનાબા સુખી અને સંસ્કારી હતાં. તેમની તે સમયે ભુણાવ ગામમાં ૬૦ વીઘા જમીન હતી. તેમના સૌથી મોટાભાઈ ખેતીવાડીનું સરસ ભણીને ખેતીવાડી ખાતામાં ઊંચા હોદ્દા ઉપર હતા. જ્યારે જૂનાગઢમાં હતા ત્યારે તેમની સાથે રહીને ગણપતભાઈ જૂનાગઢની પ્રખ્યાત હાઈસ્કૂલ સ્વામી વિવેકાનંદમાં ૯, ૧૦ અને ૧૧ ભણેલા. બીજા ભાઈઓએ સિદ્ધપુરમાં મશીનરીની દુકાન શરૂ કરેલી અને ઉત્તર ગુજરાતમાં રસ્ટેન એન્જિન અને વરુણ પંપ વેચતા. બહુ જ સારી રીતે તેમની દુકાન ચાલતી.

ગણપતભાઈનાં લગ્ન મંજુબહેન જોડે મે ૧૨, ૧૯૬૩ના રોજ હાઈસ્કૂલમાંથી અગિયારમું ધોરણ (મૅટ્રિક) પાસ થયા પછી તુરત જ થયેલાં. ગણપતભાઈ અગિયારમા ધોરણમાં ૭૬% સાથે પાસ થઈને (૧૯૬૩) એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટમાં અમદાવાદ આવ્યા. જ્યારથી તે હાઈસ્કૂલમાં ભણતા હતા ત્યારથી જ પરદેશ ભણવા જવાનું સ્વપ્નું જોતા. અરે ! છાપામાંથી પરદેશ જનારાઓની કાપલીઓ કાપીને એકઠી કરતા. કૉલેજના પહેલા વર્ષ દરમિયાન જ જાતમહેનતથી જ કેમિકલ એન્જિનિઅરિંગના ડિપ્લોમા અભ્યાસ માટે યુનિવર્સિટી ઑફ આયોવા (Iowa), એમ્સમાં (Ames) એડમિશન પણ મેળવ્યું, પણ ઇન્ટરનો અભ્યાસ પૂરો કરીને એમ્સમાં કેમિકલ એન્જિનિઅરિંગના અભ્યાસ માટે અમેરિકા આવવા સપ્ટેમ્બર ૧૯૬૫માં નીકળ્યા. અમેરિકામાં પણ ક્યાં જવાના, ક્યાં રહેવાના અને અભ્યાસ માટે પૈસા ક્યાંથી આવવાના તેની પણ ખબર ન હતી. આવા સંજોગોમાં ગણપતભાઈ (કે વિઠ્ઠલભાઈ) જેવા ગાંડા માણસો જ સાહસ કરે !!

અમેરિકામાં એમ્સમાં આવી પહોંચ્યા પણ ઠંડીનો ચમકારો જબરો !! સહન ન થાય તેવી ઠંડી અને ઓછામાં પૂરું કેમિકલ એન્જિનિઅરિંગ ધારવા જેવું રસ પડે તેવું ન નીકળ્યું. હવે શું કરવું ?

**કેલિફૉર્નિયા પોલિટેક્નિક સ્ટેટ યુનિવર્સિટી, પોમોના (Pomona)**

કોઈ મિત્રની સલાહથી એમ્સથી પોમોના, લૉસ એન્જેલસ ગ્રે હાઉન્ડ બસમાં આવવા નીકળ્યા. એડમિશન માટે એન્જિનિઅરિંગ કૉલેજના ડીનને મળ્યા. એન્જિનિઅરિંગના દરેક દરેક વિભાગમાં પૂરેપૂરા વિદ્યાર્થીઓ હતા. કોઈ જગ્યા જ નહીં. ગણપતભાઈ રડુ રડુ થઈ ગયા. ડીનની સેક્રેટરી તે જોઈ ગઈ. તેને દયા આવી અને તેણે ડીનને જણાવ્યું કે ઇલેક્ટ્રોનિક્સમાં એક જગ્યા ખાલી છે. ડીને ગણપતબાઈને આ જગ્યા માટે પૂછ્યું. ગણપતભાઈને તો આ જોઈતું જ હતું !! તેમણે તો તુરત હા પાડી અને કેલિફોર્નિયા પોલિટેક્નિક સ્ટેટ યુનિવર્સિટીના વિદ્યાર્થી બની ગયા. અને આ જરાયે ભૂલ્યા નથી અને આ દેવું વાળવા માટે તેમણે આ યુનિવર્સિટીને પણ મોટું દાન આપ્યું છે.

હવે ખરું કામ શરૂ થાય છે. પૈસા ક્યાંથી લાવવા ? લગભગ અમેરિકાની બધી યુનિવર્સિટીઓમાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકો ઘેર જાય ત્યારે રાતના વર્ગો, ઑફિસો વગેરે સાફ થાય. ગણપતભાઈએ આવી નોકરી શોધી કાઢી અને સાંજના આઠથી રાતના અગિયાર સુધી આ કામ કરતા અને જાતે કમાઈને ભણ્યા. જાણે કે દરરોજ ત્રણ કલાક ભણવાના ઓછા મળતા !! ગણપત વિદ્યાનગરના વિદ્યાર્થીઓ એમની યુનિવર્સિટીના પ્રમુખનું આટલું જ અનુકરણ કરે તો તેમનું જોઈને ભારતની બધી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અનુકરણ કરે તો ભારતનો

ઉદ્ધાર થઈ જાય !! ગણપતભાઈ મહેનતુ અને હોશિયાર વિદ્યાર્થી હતા. ગણપતભાઈનું અગત્યનું કામ તેમની જેમ આપણી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ કોઈપણ કામને હલકું ન ગણે તે જોવાનું છે અને ઉનાળાની અને દિવાળીની રજાઓમાં જાતે કમાતા થાય તે જોવાનું છે. છેલ્લા વર્ષમાં ગણપતભાઈને તેમના ક્ષેત્રની ટેકનિશિયનની નોકરી મળી ગઈ, આથી આ કામ સાથે તેમની B. S.ની થીસિસનું કામ જૂન ૧૯૬૯માં પૂરું કર્યું. આ થીસિસ ઘરમાં આવતા ઇલેક્ટ્રિક કરન્ટને કઈ રીતે મોટા મશીનોમાં વાપરવી તેના લગતી હતી, તેને પાવર-સપ્લાય કહેવામાં આવે છે. વ્યવસ્થિત થીસિસ લખીને યુનિવર્સિટીને સોંપી અને જૂન ૧૯૭૦માં તેમને B. S.ની ડિગ્રી મળી. તેમણે મંજુબહેન અને પુત્રી રીટાને પણ અમેરિકા બોલાવી લીધાં.

### કારકિર્દીનો પ્રારંભ

અમેરિકામાં લૉકહીડ (Lockheed) નામની લડાઈનાં શસ્ત્રો બનાવતી મોટી કંપની છે. ગણપતભાઈ તેમાં નોકરી કરતા હતા અને તે સમયે વિયેટનામની લડાઈ ચાલી રહી હતી. તેના ટીર્પીડો માટે પાવર-સપ્લાયની જરૂર. આ કામ કરનાર ખૂબ જ વિશ્વાસુ હોવો જોઈએ અને એની બધી તપાસ કરીને આવું અગત્યનું કામ કરવાની છૂટ આપે છે. આને અંગ્રેજીમાં સિક્યુરિટી ક્લીઅરન્સ (Security Clearance) કહે છે. આના માટે ગણપતભાઈ અમેરિકાના કાયમી રહીશ તો હોવા જોઈએ જ્યારે ગણપતભાઈ વિદ્યાર્થીના વિસા ઉપર કામ કરતા હતા. હવે શું કરવું ? તે જ દિવસે કંપનીના માણસો ગણપતભાઈ, મંજુબહેન અને રીટાને ઇમિગ્રેશન ઑફિસમાં લઈ ગયા અને તે જ દિવસે ત્રણે જણને અમેરિકાના કાયમી રહીશના (Permanant Imigrant) વિસા અપાવી દીધા. આટલી મોટી સરકારને ગણપતભાઈની જરૂર હતી. સાથેસાથે બીજી એક કમ્પ્યૂટરો બનાવતી બરો કંપનીનાં (Burrough Company) કમ્પ્યૂટરોના પાવર સપ્લાયનું કામ કરતા હતા. આ કંપની સંરક્ષણ ખાતાને કમ્પ્યૂટરો બનાવીને વેચતી. પાવર-સપ્લાય વગર બધું ઊભું રહેતું !! કંપનીને પાવર સપ્લાયની મોટી જરૂરિયાત હતી. ગણપતભાઈએ કંપનીને જણાવ્યું કે કંપની શરૂઆત કરવા થોડાક પૈસા આપે તો ગણપતભાઈ પોતે જ પાવર-સપ્લાયની જરૂરિયાતની ચીજોની ડિઝાઈન બનાવીને જોઈતી મશીનરી બનાવીને કંપનીને આપશે.

### ધંધાની શરૂઆત



CHEROKEE INTERNATIONAL, INC.
2841 Dow Ave., Tustin, CA 92680-7211
(714) 544-6665 • FAX (714) 838-4742 • TWX (714) 510-101-0493

ગણપતભાઈ મહેનતુ હતા અને તેમની છાપ સરસ હોઈને કંપનીએ $ ૪૦,૦૦૦ ગણપતભાઈને આ કામ કરી આપવા આપ્યા. ગણપતભાઈનો બધો પગાર (ઓવર ટાઇમ સાથે) તે સમયે $ ૨૦,૦૦૦ હતો. ગણપતભાઈએ તેમને જોઈતી પાવર-સપ્લાયની મશીનરી બનાવીને આપી. તેમને જોઈતું હતું તેવું જ મળ્યું. આથી ગણપતભાઈને બીજાં પાવર-સપ્લાયનાં મશીનોનો ઑર્ડર આપી દીધો. કંપનીએ માફકસરના નફે ઘણાં બધાં મશીનો ખરીદ્યાં. ધંધાની શરૂઆતના પહેલા વર્ષે ૧૯૭૮માં એક લાખ ડૉલરનો નફો થયો. શરૂઆત જ ખૂબ સુંદર થઈ ! તેમની બાના સંસ્કારોના લીધે આ નફાના ભાગ તરીકે એક લાખ રૂપિયા ઊંઝા કન્યા વિદ્યાલયને તે જમાનામાં આપી આવ્યા.

ધંધો બરાબર ચાલતો હતો અને આના માટે વર્કશૉપ, ઑફિસો, મશીનો વગેરેમાં ભરપટ્ટે રોકાણો કરે જતા. ઉત્તર ગુજરાતમાં મહેસાણામાં અનિલભાઈ શિક્ષણ સંસ્થાઓ જોડે જોડાયેલા. તેમને ગણપતભાઈએ પચીસ લાખ રૂપિયા આપ્યા. આ પૈસાનો ઉપયોગ કરીને અનિલભાઈએ મહેસાણામાં સાયંસ કૉલેજ શરૂ કરી. અનિલભાઈ અને ગણપતભાઈનો સંબંધ વધતો ગયો. અનિલભાઈ ગણપતભાઈને અમદાવાદ ઍરપોર્ટ ઉપર મૂકવા જતા હતા ત્યારે ખેરવાની નજીક જ ગણપતભાઈએ અનિલભાઈને પૂછ્યું, ‘‘હું તમને કરોડ રૂપિયા આપું તો તમે શું કરો ?’’ અનિલભાઈએ જણાવ્યું, ‘‘અહીંયાં ૫૦૦૦/- રૂ. વીઘો જમીન મળે છે. આથી આટલામાં વિશાળ કૅમ્પસ માટે જમીન ખરીદું.’’

**ગણપત વિદ્યાનગર**

ગણપતભાઈએ લૉસએન્જેલસ આવીને અનિલભાઈને ફોન કર્યો પણ અનિલભાઈ ધંધાર્થે સિંગાપુર ગયેલા. આથી અનિલભાઈને કહેવા માટે અનિલભાઈના પુત્રને સંદેશો આપ્યો કે જમીન માટે બે કરોડ રૂપિયા મોકલી આપે છે. અનિલભાઈએ આ પૈસાથી ૧૯૯૯માં જે ભાવ ચાલતો હતો તેથી થોડાક વધારે પૈસા આપીને કોઈને ખબર પડે તે પહેલાં આવશ્યક જમીન કૅમ્પસ માટે ખરીદી. સંડેરવાળા ઉગમભાઈનો પણ આ જમીન ખરીદવામાં ટેકો હતો. કૅમ્પસ માટે જમીન ખરીદાઈ ગઈ.

ગણપતભાઈ ધંધામાં સરસ કરી શક્યા તેનું ખરું કારણ પાવર-સપ્લાયના મશીનની ડિઝાઈનની આવડત, મશીન સરસ બનાવવાની આવડત અને રાતદિવસ ધંધામાં રચ્યાપચ્યા રહેવાની આવડત. આ બધાના કારણે સામાન્ય ટેક્નિશિયનથી શરૂઆત કરીને આટલો મોટો ધંધો વિકસાવી શક્યા. એક સમયે લૉસએન્જેલસ, મુંબઈ વગેરે જગ્યાએ તેમની કંપનીમાં બે હજાર માણસો કામ કરતા હતા અને સામાન્યમાં સામાન્ય માણસ જોડે હળીમળી જવાની આવડતના કારણે કોઈનેય જરાયે ખ્યાલ ન આવે કે ગણપતભાઈમાં આવડી મોટી આવડત હશે !!

ગણપતભાઈની પ્રામાણિકતા અને ન્યાયી દૃષ્ટિ (fairness) ગર્વ લેવા જેવી છે. તેમના ભાઈને ગણપત વિદ્યાનગરની આસપાસ જમીન ખરીદતાં રોકેલા. તેમના કુટુંબીજનો આ રીતે કમાવવા પૈસા રોકે તો બધાને એવું લાગે કે ગણપત વિદ્યાનગરમાંથી આ બધા પૈસા કમાવવા કામ કરે છે. તેમની ફેક્ટરીઓમાં ૨૦૦૦ માણસો કામ કરતા હતા ત્યારે તેમના ત્યાં કામ કરનારાઓનો ગેરલાભ લીધો હોય કે લેવાની વૃત્તિ હોય તેવું જાણવા મળ્યું નથી. લૉસ એન્જેલસમાં તમે નવાનવી આવ્યા હોય, નોકરી શોધતા હોય અને 'ચેરોકી' (ગણપતભાઈની કંપનીનું નામ હતું)માં જાવ તો શક્ય છે કે તે જ દિવસથી તમને નોકરી મળી જાય. મારા ભાણાઓ અને તેમની પત્નીઓને (ખાસ ભણેલાં ન હતાં) ગણપતભાઈને ત્યાં નોકરીઓ મળેલી. આ નોકરીઓના કારણે તેમનાં બાળકોને સરસ ભણાવી શક્યા અને લૉસ એન્જેલસ જેવા શહેરમાં પોતાનાં મકાનો ખરીદી શકેલા. તેમની બધાની ગણપતભાઈ માટેની લાગણીઓ જોઈને તમને જરાયે એવું ન લાગે કે ગણપતભાઈના ત્યાં આ બધાં નોકરી કરતાં હોય. જાણે કે ગણપતભાઈના ઘરના જ હોય તેવી લાગણી જોઈને શેઠ-નોકરિયાતનો કઈ જાતનો સંબંધ હોવો જોઈએ તેનો આદર્શ નમૂનો પૂરો પાડે છે.

**ચેરોકી ઇન્ટરનેશનલ (Cherokee International)**

ગણપતભાઈ એટલે જ 'ચેરોકી' અને 'ચેરોકી' એટલે જ ગણપતભાઈ. 'ચેરોકી'ની મુખ્ય ઑફિસ ટસ્ટિન જે લૉસએન્જેલસમાં આવેલું છે ત્યાંનો મુખ્ય ઑફિસનો ફોટો આકૃતિ-૧માં આપ્યો છે. ગણપતભાઈએ ૧૯૮૦માં આ ફેક્ટરી ચાલુ કરેલી અને ૧૯૯૦માં આ મુખ્ય ઑફિસ જેનું ક્ષેત્રફળ ૮૪,૦૦૦ ચો.ફૂટ હતું અને જેમાં ૩૫૦ માણસો કામ કરતા હતા. ગણપતભાઈ આ કંપનીના પ્રેસિડન્ટ હતા. ભુણાવ ગામના ખેડૂતનો દીકરો ક્યાં પહોંચી ગયો ? આ ટસ્ટિનની મુખ્ય ઑફિસની નીચે ભારત, મેક્સિકો અને કેલિફોર્નિયામાં પણ બીજી વિશાળ ફેક્ટરીઓ હતી અને જેમાં ઘણા બધાં માણસો કામ કરતાં.

(૧) મુંબઈમાં ૨૨,૦૦૦ ચો. ફૂટની ફેક્ટરી હતી જ્યાં ૭૫ માણસો કામ કરતા હતા. તે મુખ્ય ઑફિસે મોકલવા માટે નાના નાના ભાગો ભેગા કરતા.

(૨) ગ્વાડાહારા, મેક્સિકોમાં 'ચેરોકી ઇલેક્ટ્રોનિકા' હતી જે ૩૫,૦૦૦ ચો.ફૂ.ની વિશાળ જગ્યામાં હતી જ્યાં ૧૨૦ માણસો કામ કરતા અને તે Complete Power System તૈયાર કરતું હતું.

(૩) લૉસ એન્જેલસમાં મોન્ટેબેલોમાં મોટી વિશાળ ૧૮,૦૦૦ ચો.ફૂ.ની ફેક્ટરી હતી જ્યાં Sheet metal fabrication, Plastic injection mopding થતું. અહીંયાં ૧૧૦ માણસો કામ કરતા હતા.

ગણપતભાઈએ ૧૯૮૦માં આ ફેક્ટરી શરૂ કરેલી અને ૧૯૯૦માં કેટલે પહોંચ્યા તે ગૌરવ લેવા જેવી વાત છે. મુખ્ય ઑફિસ ટસ્ટિનમાં આવેલી છે. કેવી સરસ ઑફિસ ગણાય. ધંધાની રીતે ગમે તે રીતે જોઈએ તો પણ ગૌરવ લેવા જેવું ગણાય. જાણે કે તેમના ધંધાના વિકાસનો ફાયદો ઉત્તર ગુજરાતને ખરેખર રીતે થયો ગણાય. ગણપત યુનિવર્સિટીનું વિશાળ કૅમ્પસ્ ચેરોકી ઇન્ટરનેશનલ'ના કારણે જ શક્ય બન્યું છે. ચેરોકી ઇન્ટરનેશનલ'ના જુદાજુદા વિભાગો અને વિભાગોના મુખ્ય વડાઓ એકબીજાને મદદરૂપ થઈને કંપની ચલાવતા. સાથેસાથે ગણપતભાઈની દોરવણી તો ખરી

જ !! ઘણા બધા અનુભવી ઇજનેરોની ટીમ 'ચેરોકી'માં ભારે કાળજીથી માલ તૈયાર કરવામાં અગત્યનો ભાગ ભજવે છે. ઉપરાંત જરૂરી માલની પસંદગીમાં પણ ઘણું ઊંચું ધોરણ રાખવામાં આવે છે.

**શ્રી અનિલભાઈ અને 'ગણપત યુનિવર્સિટી'**

અનિલભાઈએ ગણપત યુનિવર્સિટીના આર્ષદ્રષ્ટા પ્રેસિડેન્ટ તરીકે જીવનપર્યંત નવ વર્ષ પ્રતિબદ્ધ બની રહી તેને પ્રસ્થાપિત કરવામાં અહમ ભૂમિકા નિભાવી હતી. તેમણે વૈવિધ્ય સભર શિક્ષણસંસ્થાઓ જેમકે એન્જિનિઅરિંગ કૉલેજ, ડિપ્લોમા કૉલેજ, ફાર્મસી કૉલેજ, સાયંસ કૉલેજ, એમ.બી.એ. કૉલેજ અને છોકરીઓ માટે મિલિટરી સ્કૂલ આ બધાનું બાંધકામ અને તેની સાથેસાથે શિક્ષણકાર્ય ચાલુ રાખવાનું તેમ જ આ બધી કૉલેજોના વિદ્યાર્થીઓને રહેવા અને જમવા માટેની હૉસ્ટેલો, સ્ટાફ ક્વાર્ટર્સ અને આવનારા મહેમાનો માટે ગેસ્ટહાઉસની વ્યવસ્થા ઊભી કરવામાં દૃષ્ટિવંત ફાળો આપ્યો. તદ્ઉપરાંત કેમ્પસ રળિયામણું લાગે તે માટે વનરાજીથી હર્યું ભર્યું કર્યું. અને આ સાથે ઢોર અને માણસો કૅમ્પસમાં ગમેતેમ ન ઘૂસે તે માટે મજબૂત દીવાલ. આ બધાના ખર્ચાને પહોંચી વળવા માટે ગણપતભાઈની સદૈવ ભારે હૂંફ રહેતી, છતાંયે આ બધું ઊભું કરવાનો ભારે દ્રષ્ટિવંત પરિશ્રમ અનિલભાઈએ કર્યો અને આ બધું કરતાં કરતાં આનંદથી આપણી વચ્ચેથી ૮ ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ વિદાય લીધી. આપણો સમાજ અને આપણે તેમના ઋણી છીએ. આ સાથે જ નોંધવું રહ્યું કે મહેસાણાને ઉત્તર ગુજરાતના એક પ્રમુખ શિક્ષણ હબ તરીકે પ્રસ્થાપિત કરવામાં અને તેની સાથે 'ગણપત યુનિવર્સિટી'ની સ્થાપના કરવામાં અને તેની આગવી ઓળખ અપાવવામાં સ્વ. અનિલભાઈના ધ્યેયનિષ્ઠ કર્મઠ પ્રયાસો અને પ્રદાન ઉપરાંત સવિશેષતઃ એક મૂઠી ઊંચેરા માનવ તરીકે તેમ જ પોતાના પિતા વીર શહીદ ત્રિભોવનદાસના પગલે પગલે પોતાના પ્રદેશ માટે કંઈક કરી છૂટવાની બળવત્તર ભાવના ધરાવનાર સ્વ. અનિલભાઈ પટેલ એક ધીર-વીર અને પ્રજ્ઞાવાન પુરુષ તરીકે સદૈવ સ્મરણીય અને ઉદાહરણસ્વરૂપ બની રહેશે.

**શ્રી ગણપતભાઈ : ગણપત યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ**

અનિલભાઈની ચિર વિદાય પછી યુનિવર્સિટીના ટ્રસ્ટીઓએ ગણપતભાઈને યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ તરીકે ચૂંટ્યા. તે અમેરિકન છે એટલે કે તે નીતિનિયમોમાં આપણાં કરતાં વધારે માને છે, બધાની સાથે હળીમળીને કામ આગળ ધપાવવામાં માને છે, નાની નાની બાબતોના બદલે વિશાળ દૃષ્ટિ રાખીને યુનિવર્સિટીને હરીફાઈમાં આગલી હરોળમાં લઈ જવા પ્રયત્ન કરશે. સાથેસાથે ધંધાના અનુભવમાં કઈ રીતે કઠણ સંજોગોમાં પણ જીવતા રહેવું તેનો અનુભવ છે અને તેનો ગણપતભાઈ બરાબર ઉપયોગ કરીને 'ગણપત યુનિવર્સિટી'ને ભણવાના સરસ કેન્દ્રમાં ફેરશે તેવી અતૂટ આસ્થા છે અને પરિણામસ્વરૂપે ભારતની યુનિવર્સિટીઓના વડાઓ વારંવાર નવું નવું શીખવા માટે 'ગણપત યુનિવર્સિટી'ની મુલાકાત લે તો અમને જરાયે નવાઈ નહિ લાગે.

**સમાપન**

અમારી ગણપતભાઈને નમ્ર વિનંતી છે કે તેમની જે ઇલેક્ટ્રોનિક્સની આવડત છે તેનો ઉપયોગ કરીને આપણા લશ્કરને લડવાનાં સાધનો બનાવતી કંપનીઓ ગણપત વિદ્યાનગરની આસપાસ ઊભી કરીને લડાઈનાં સાધનો બનાવતી કંપનીઓનું એક મોટું કેન્દ્ર બનાવે. જે રીતે સ્ટેનફર્ડ યુનિવર્સિટીની આસપાસ સિલિકોન (Silicon) vallay છે તેની જેમ આપણે electronicsની ભારતની મોટી કંપનીઓ 'ગણપત યુનિવર્સિટી'ની આસપાસ મોટાં કેન્દ્રો સ્થાપે તો ગુજરાતના લગભગ બધા જ એન્જિનિઅરોને નોકરીઓ અને ધંધાઓ આ ભાગ આપી શકે. તદ્ઉપરાંત અવનવું શોધીને આપણા લશ્કરને ચીન અને પાકિસ્તાન સાથે લડવાની અને જીતવાની શક્તિ આપે.

**અમેરિકામાં સ્થાયી થયા હોવા છતાં વતનપ્રેમ અને રાષ્ટ્રહિતથી પ્રેરાઈને પોતાના પ્રદેશના વિકાસ માટે શિક્ષણને એક પ્રમુખ આધારસ્રોત તરીકે આત્મસાત કરીને 'ગણપત યુનિવર્સિટી' અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના અને વિકાસમાં બહુમૂલ્ય યોગદાન આપવા બદલ ભારત સરકાર દ્વારા ૭૦મા પ્રજાસત્તાક પર્વની પૂર્વ સંધ્યા (૨૫ જાન્યુઆરી, ૨૦૧૯) એ આપણા ગણપતભાઈ પટેલને 'પદ્મશ્રી'થી અલંકૃત કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે તે પ્રસંગે સર્વ વિદ્યાલય પરિવાર તેમને હાર્દિક શુભેચ્છાઓ પાઠવતાં ગર્વ અને ધન્યતાની લાગણી અનુભવે છે.**

વિઠ્ઠલભાઈ અં. પટેલ
મો. ૯૪૨૮૦૧૯૦૪૨

# ઊજળા ઈતિહાસની કરુણાન્ત કથા – `લાંછન'

મોહનલાલ પટેલ

વાઘેલા વંશનો રાજા કર્ણ પ્રજાવત્સલ રાજવી હોવા છતાં પારાવાર બદનામીનો ભોગ કેમ બન્યો ? કર્ણનો રાજ્યકાળ સં. ૧૩૫૩થી ૧૩૫૬ સુધીનો. શાસનના આરંભકાળમાં પદભ્રષ્ટ મહામાત્ય માધવે કેટલાક સામંતો, સચિવો, અધિકારીઓ વગેરેને પાંખમાં લઈને રચેલા કાવતરાની પ્રપંચ જાળને ઉચ્છેદી નાખવા સતત કરવી પડતી મથામણના કારણે કર્ણ પ્રજાનું ધાર્યું કામ કરી શક્યો નહીં. કાવતરું એક રીતે સફળ થયું અને ગુજરાતમાં રજપૂત રાજ્ય આથમ્યું.

શાસક જ્યારે આવી હાર ખાય ત્યારે એ પ્રજાના નકારાત્મક માનસનો ભોગ બન્યા વગર રહેતો નથી.[1] અને શાસક અથવા રાજાને બદનામ કરતી વાતો વહેતી થાય છે. બદનામીની વાત હંમેશાં રસભરી હોવાની. રાસા, પવાડા જેવી પ્રબંધાત્મક રચનાઓ કરનારાઓ માટે તો આવી ઘટનાઓ વસ્તુ-વિષયની ખાણ બની રહે. નેણસીની ખ્યાત કે પદ્મનાભનું 'કાન્હડદે પ્રબંધ' આનાં ફળ છે.

જેણે અગિયાર વર્ષ પૂર્વે પરમવીર સારંગદેવના નેતૃત્વ હેઠળ લશ્કરમાં રહીને દિલ્હીના લશ્કરને બબ્બે વાર હાર આપીને ખદેડ્યું, અને ખુદ સારંગદેવે પોતાના પછી ગાદીના વારસતરીકે જેના પર પસંદગી ઉતારી તે કર્ણ રાસા, પવાડા, ખ્યાત અને 'કાન્હડદે પ્રબંધ'માં વર્ણવાયો છે એવો હીન કોટિનો માણસ હોય ખરો ? હવે કેટલાક વિશ્વસનીય આધારો અને ઐતિહાસિક સંશોધનોના કારણે આપણે કર્ણને લાંછિત રાજા નહીં, પણ એના મૂળ સ્વરૂપે અને સાચી ઓળખમાં જોઈ શકીએ છીએ.

કર્ણની શ્રેષ્ઠ ઓળખ 'નાભિનંદનોદ્ધાર પ્રબંધ'ના સર્જકે આપી છે. સંવત ૧૩૫૬માં ગુજરાતમાં રજપૂત રાજ્યનો અંત આવ્યો એ પછી ફક્ત ૩૭મા વર્ષે એટલે કે સં. ૧૩૯૩માં આ પ્રબંધની રચના થઈ છે. આટલા ટૂંકા ગાળાના કારણે હકીકતના તથ્યમાં ભરોસો મૂકી શકાય. આ પ્રબંધમાં ગુજરાતના રીતરિવાજ, ઉત્સવો, ખેત-પેદાશ જેવી ઘણી માહિતી છે. એના સર્જકે કર્ણ વિશે લખ્યું છે કે એ રાજા રખડી-રઝળીને કંગાલ હાલતમાં મરણ પામ્યો પણ મુસલમાનોના શરણે ગયો નહીં. આનાથી વધારે સારો બીજો શો પરિચય હોઈ શકે ? કર્ણે ઇચ્છ્યું હોત તો બીજા કેટલાક રાજાઓની જેમ ખંડિયો રાજા બનીને ગાદી પર રહી શક્યો હોત. કર્ણે એવી ગુલામી કરતાં મોતને પસંદ કર્યું. રાજા તરીકે કર્ણને સમજવા માટે આટલી હકીકત પર્યાપ્ત થઈ શકે. 'ધર્મારણ્ય' એક એવો ગ્રંથ છે જેમાં ગુજરાતની ઘણી વિગતો સાંપડે છે. માધવ અને મોઢેરાના ઘેરા વિશે પણ એમાં વિગતે લખેલું છે. આ ગ્રંથમાં કર્ણને એક પ્રતાપી રાજા તરીકે વર્ણવવામાં આવ્યો છે. ઈડરમાંથી મળેલા એક શિલાલેખમાં કર્ણને સ્મૃતિ અને શાસ્ત્ર પ્રમાણે પ્રજાનું પાલન કરતા પ્રજાવત્સલ રાજા તરીકે આલેખ્યો છે. ફારસી ઇતિહાસો તો ઇતિહાસ તરીકે જ લખાયેલા દસ્તાવેજી રેકોર્ડ છે. એ ફારસી ઇતિહાસોમાંથી કોઈનામાં પણ કર્ણના વ્યક્તિત્વ વિશે કશું ઘસાતું લખ્યું નથી. આ બધા વિશ્વસનીય આધારોને અનુલક્ષીને 'લાંછન' નવલકથામાં કર્ણના સાચાપણા વિશે કુશંકા કરવાનું કોઈ કારણ રહેતું નથી.

એક સમયે ઐતિહાસિક નવલકથામાં ઇતિહાસનું પ્રમાણ કેટલું ? એ વિષય સાહિત્યવર્તુળોમાં ઠીક ઠીક ચર્ચાની એરણ ઉપર રહ્યો હતો. ઐતિહાસિક નવલકથાના મોટા ભાગના લેખકો એક વાત પર સરખો અભિપ્રાય ધરાવતા હતા. 'આ નવલકથા છે, ઇતિહાસ નહીં.' ઐતિહાસિક નવલકથામાં ઇતિહાસનો આછોપાતળો રંગ હોય તો ચાલે એવો એમનો મત હતો. આ મતમાં એમના ઇતિહાસના અજ્ઞાન સિવાય કંઈ નહોતું. ઐતિહાસિક નવલકથામાં ઇતિહાસ પણ રસનિષ્પત્તિનો મોટો સ્રોત બની શકે છે એનું ઉદાહરણ 'લાંછન' કથા પૂરું પાડી શકે એમ છે. કથાના આરંભથી અંત સુધી કથાપ્રવાહ ઐતિહાસિક

૧ બીજા વિશ્વયુદ્ધમાં નાઝી સૈન્યે ફ્રાન્સને ધમરોળ્યું તેની અસર હેઠળ પ્રજા હારેલા આ સૈનિકોને કેવી રીતે હડધૂત કરતી હતી એનો સુરેખ અને વાસ્તવિક ચિતાર જાણીતા લેખક જ્યાઁ પૉલ સાત્રે એની નવલત્રયીના The Age of Reason' પછીના એટલે કે બીજા ભાગમાં આપ્યો છે, રાજા કર્ણનું કમનસીબ સમજવા માટે આ એક ઉચિત ઉદાહરણ છે.

ઘટનાઓના પ્રત્યક્ષ કે પરોક્ષ ઘટનારૂપે, ક્યારેક કોઈ સંદર્ભ અર્થે રજૂ થયેલા નિર્દેશ રૂપે તો ક્યારેક પાત્રોના સંવાદમાં તો વળી મહદ્ અંશે ઐતિહાસિક પ્રક્રિયા દ્વારા કથાકૌતુકનું નિર્માણ કરીને ભાવકને કથામાં આકૃષ્ટ રાખે છે.

'લાંછન' નવલકથામાં વિવિધ રૂપે ઇતિહાસ નિર્દિષ્ટ છે એ ખરું, પણ એમાં ઐતિહાસિક પ્રક્રિયાનું સ્થાન આખી કથાના મુખ્ય આધારરૂપ બની રહ્યું છે. આ ઐતિહાસિક પ્રક્રિયા શું છે ? એના વિશે થોડું જાણવું જરૂરી ખરું[૨] ઈ. સ. ૧૯૩૭માં જ્યૉર્જ લુકાકે એના પુસ્તક 'The Historical Novel'માં આ ઐતિહાસિક પ્રક્રિયા વિશે લખવામાં એટલે સુધી કહ્યું છે કે જે ઐતિહાસિક નવલકથામાં Historical Process (ઐતિહાસિક પ્રક્રિયા) ન હોય એને ઐતિહાસિક નવલકથા કહી શકાય જ નહીં. એના આ મતના આધારે તો અંગ્રેજી સાહિત્યમાં આરંભ કાળ (ઈ. સ. ૧૯૨૦)માં પ્રસિદ્ધ થયેલી સર વૉલ્ટર સ્કૉટની અત્યંત જાણીતી અને લોકપ્રિય નવલકથા 'આઇવેન હો' નવલકથા ઐતિહાસિક નવલકથા ગણાય નહીં !

કર્ણ ગાદી પર આવ્યો ત્યારે આરંભથી જ રાજકીય વાતાવરણ ધૂંધળું અને ગૂંચવાયેલું બની રહ્યું હતું. રાજા કોઈ યાદગાર ઐતિહાસિક ઘટનાનું નિર્માણ કરે એવા સંજોગો નહોતા. આમ છતાં કર્ણના કાબૂ બહારની કોઈ મોટી ઘટના તરફ ગતિ કરી રહી હોય એવી ઐતિહાસિક પ્રક્રિયા રૂપે નાનીમોટી ઘટનાઓ બની રહી હતી જેમકે, કેટલાક મંડલેશ્વરો અને સામંતોની પાટણમાં અવરજવર વધી રહી હતી એમાં વિજયાનંદ અને એનો સાથીદાર પાટણમાં સ્થાયી હોય એમ દેખાતા હતા. કર્ણનો અષ્ટાપદ શતમંડળનો મામૂલી દંડનાયક આંબડ જમણો હાથ હોય એવું સ્થાન પામ્યો હતો. મહામાત્ય માધવની પાટણમાં હાજરી દેખાતી નહોતી જે પ્રજામાં જાતજાતનાં અનુમાન પ્રેરતી હતી. માધવના કુટુંબને રાજગઢના કારાગારમાં પૂરી દેવામાં આવ્યું હતું અને માધવના ભાઈ કેશવની પત્નીને ગ્રીષ્મભવનની એક ઓરડીમાં રાખી હતી. કર્ણના આદેશથી મધ્યરાત્રિએ આમ્રદેવની રૂપસુંદરી સાથે મુલાકાત, કર્ણની ઇચ્છાના આધારે આમ્રદેવે વિજયાનંદને જીવતો પકડવાની લીધેલી જવાબદારી, સતત મંત્રણાખંડ રૂપે પલટાતો રહેતો રાજાનો આરામખંડ... દિવસે દિવસે રોજની સવારની પ્રજા સભામાં પાંખી થતી જતી હાજરી...

આ બધી ઐતિહાસિક પ્રક્રિયાઓ છે જેનાં પ્રેરણાસ્રોત અલગ અલગ છે પણ ગતિ એક એવી ઐતિહાસિક ઘટનાના નિર્માણ તરફ છે જેના રૂપ અને સાફલ્ય કે વૈફલ્યની કોઈને ખબર નથી પણ એ તરફ ગતિ કરી રહેલી આ ઘટનાઓ નક્કર ઐતિહાસિક પ્રક્રિયાનું રૂપ છે. કર્ણનો શાસનકાળ ફક્ત ત્રણ વર્ષનો અને ઉપર જોયું તેમ ઇતિહાસના પાના ઉપર અંકિત થાય એવું કોઈ પરાક્રમ કરી શકે એવા એના માટે સંજોગો નહોતા, તો એના નામે 'લાંછન' જેવી સળંગ નવલકથાની રચના શી રીતે થઈ શકી ? અલબત્ત, આના માટે મુખ્યત્વે તો લેખકના કૌશલને કારણરૂપ ગણી શકાય. લેખકે કથાના આરંભમાં દિલ્હીની વાત મૂકીને એક બુલંદ કથા કૌતુક ઊભું કરીને ભાવકને કથા તરફ આકૃષ્ટ કર્યો છે અને પછી પેલી ઐતિહાસિક પ્રક્રિયાઓને એક પછી એક જરૂરી ક્રમે કથામાં ગૂંથતા રહીને કથાપ્રવાહને વધારે વેગવંતો અને રસપ્રદ બનાવ્યો છે અને કથા જેમજેમ અંત તરફ ગતિ કરતી ગઈ તેમતેમ મનુષ્યના ચિત્તને વધુમાં વધુ પ્રભાવિત કરનાર કરુણ રસ નિષ્પન્ન કરતી ઘટનાઓને સ્થાન આપીને સમગ્ર કથાને ભાવકના ચિત્ત ઉપર લાંબા સમય સુધી લેખકે ઐતિહાસિક કથાને, એનાં પાત્રોને માનવીની ઓકાતની મર્યાદામાં રાખીને, કથાને નવલકથાના રૂપમાં રાખી છે, સનસનાટી ભરી ઘટનાઓનું આલેખન કરીને એમણે કથાને રોમાન્સનું રૂપ આપ્યું નથી એ એમનો રચનાવિશેષ છે.

આ તબક્કે રોમાન્સ અને નવલકથા વચ્ચેના તાત્ત્વિક ભેદ વિશે થોડું જાણી લેવું જરૂરી છે. એ બંને સાહિત્યનાં સ્વતંત્ર સ્વરૂપો છે, પણ બંને વચ્ચેની ભેદરેખા અત્યંત પાતળી છે એટલે સામાન્ય ગજાના વાચકને એ સ્વરૂપોમાં રહેલું જુદાપણું દેખાતું નથી. એ બંનેમાં મૂળભૂત ભેદ ઘટનાઓ અને કથાનાં પાત્રોને લગતો છે. રોમાન્સનો લેખક પોતાની કથાનો પ્રવાહ વિપુલ અને ધસમસતા વેગવાળો રહે એ હેતુથી એનો લેખક ઉપર કહ્યું તેમ સનસનાટીભરી અને મનુષ્યની શક્તિ બહારની અતિશયોક્તિભરી ઘટનાઓ પ્રયોજવા લલચાય છે. પાત્રની સાચી માનસિકતા આલેખવા તરફ એનું ઝાઝું ધ્યાન હોતું નથી. જ્યારે નવલકથાના લેખકનું સઘળું ધ્યાન કથાનાં પાત્રોના મનોવલણ અર્થાત્ આંતરિક વ્યક્તિત્વના ચિત્રણ તરફ રહે છે. આમ કથાની સફળતાનો બધો આધાર પાત્રાલેખન પર રહેતો હોવાથી

૨ જિજ્ઞાસુ ભાવક 'સાહિત્ય સંકેત' પુસ્તક (લે. મોહનલાલ પટેલ પ્રાપ્તિસ્થાન – આદર્શ પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧૫)માં 'ઐતિહાસિક નવલકથામાં ઐતિહાસિક પ્રક્રિયા' લેખમાંથી વિશેષ જાણકારી મેળવી શકે.

નવલકથાના લેખક માટે પાત્રવરણી અને એનું ચિત્રણ એક પડકાર બની રહે છે.

ઉપર કહ્યું તે રોમાન્સ અને નવલકથાની અત્યંત પાતળી ભેદરેખા વિશે એડવર્ડ આલ્બર્ટે સારી એવી છણાવટ કરી છે અને છેવટે એણે આ તારણ કાઢ્યું છે : '....but broadly speaking we may say that the romance depends for its chief incident and adventure, where as the novel depends more on the display of character and motive'

આપણે અહીં 'લાંછન', જે રોમાન્સ નહીં, પણ સંપૂર્ણપણે નવલકથા છે, તેમાં આલેખાયેલાં પાત્રો વિશે વાત કરવાની છે. આ નવલકથામાં ત્રણ કક્ષા (કેટેગરી)નાં પાત્રો આલેખાયાં છે. પ્રથમ કક્ષામાં કર્ણદેવ, કૌળારાણી, દેવળદેવી, ઉદયરાજ, માધવ, માધવનું કુટુંબ, માધવના ભાઈ કેશવની પત્ની રૂપસુંદરી, દેવગિરિનો રામચંદ્ર યાદવ વગેરે સાચાં ઐતિહાસિક પાત્રો સમાવિષ્ટ છે. બીજી કક્ષામાં ઇતિહાસ સાચો પણ આમ્રદેવ, વિજયાનંદ, રુદ્રસેન, સમરસિંહ વગેરે કાલ્પનિક પાત્રોનો સમાવેશ થયો છે. આ પાત્રો નર્યાં કાલ્પનિક હોવા છતાં કથાના ઇતિહાસનો મોટો બોજ એમના શિરે છે. ત્રીજી કક્ષામાં વિશિષ્ટ પ્રકારનાં સામાજિક પાત્રો છે. કથાના ઇતિહાસમાં એમની સીધી નિસબત નથી, પણ એ કથાના ઐતિહાસિક પરિવેશથી અલગ નથી. જલ્હણા, શ્રીદેવી, ગંભૂતાનો પરબત પરમાર આ પ્રકારનાં પાત્રો છે. એમનું સ્પષ્ટ સામાજિક રૂપ છે.

મદનકંદળી અને મંજુઘોષા અલગ નોંધને પાત્ર છે. મદનકંદળી કથાના કાવતરાખોરોના સાથમાં સક્રિય છે ખરી, પણ 'લાંછન'ની કથા સાથે એને કશી નિસબત નથી એનો કાવતરાખોરોની મંડળીમાં પ્રવેશ નર્યા અંગત કારણસર છે. એ પોતાના અંગત વેરવશ રુદ્રસેનની હત્યા કરવા માગે છે. જે પેલા કાવતરામાં રહીને શક્ય બની શકે.

મંજુઘોષાની ઉપસ્થિતિ નૃત્યાગારમાં નૃત્ય પૂરતી અને આમ્રદેવની મુલાકાત વખતે પાંચ-દસ પળના સંવાદમાં મંજુઘોષાનું કાયમ યાદ રહી જાય એવું રૂપ જોઈ શકાય છે. એ રૂપમાં એવું તે શું હતું કે આમ્રદેવ એક ઘવાયેલા પશુની જેમ મંજુઘોષાના આવાસમાંથી ભાગ્યો ? મંજુઘોષામાં એવું તે શું હતું કે ઘોર અવગણના પામેલા સમરસિંહે ઉદયરાજનો પત્તો અને કબજો મેળવવા આમ્રદેવને મંજુઘોષાની સહાય મેળવવાની સલાહ આપી ?

કર્ણદેવ રાજનીતિમાં પારંગત થયા ત્યાં સુધીનું એમનું ઘડતર સારંગદેવની સીધી નજર હેઠળ થયું હતું. કમનસીબે એમને આ નૈપુણ્યનો ઉપયોગ શાસનના આરંભકાળમાં કરવો પડ્યો. રાજ્યની સ્થિતિનો તાગ મેળવવામાં એમને પ્રથમ દૃષ્ટિએ જ ગંધ આવી ગઈ કે મહામાત્ય માધવ દિલ્હીના સુલતાનને ગુજરાત પર આક્રમણ કરવા પ્રેરીને પોતાને પદભ્રષ્ટ કરીને ઉદયરાજ નામના વંશવારસના એક સગીરને ગાદી પર બેસાડીને પોતે સર્વ સત્તાધીશ બનવા માગે છે. કર્ણદેવને થયું, માધવ જેવો હોશિયાર માણસ આવી બાલિશ થાપ કેમ ખાઈ ગયો ? સુલતાન માધવના કહેવાથી ગુજરાત પર આક્રમણ કરે એવો અબુધ શાસનકર્તા નહોતો. પણ એને ગુજરાત પર આક્રમણ કરવામાં બે વખત હાર ખાવી પડી હતી અને એ નાલેશીમાંથી બહાર આવવા દાંત કકરાવી રહ્યો હતો અને માધવ નિમિત્ત બન્યો ! આ નાલેશી પછી દિલ્હીનો સુલતાન પોતાની સ્થિતિ મજબૂત બનાવી ચૂક્યો હતો !

કાવતરાખોરો હજુ તો પેરવીમાં હતા, પણ કર્ણને છેક અંત સુધીની પરિસ્થિતિ સમજાઈ ગઈ ! અને એણે મક્કમ નિર્ણયો લઈને પગલાં ભરવા માંડ્યાં.

માધવને મહામાત્ય પદેથી દૂર કર્યો.

માધવના કુટુંબને રાજગઢના કારાગારમાં કેદ કર્યું.

માધવના ભાઈ કેશવની પત્ની કશું નેતૃત્વ ન કરી શકે એ હેતુથી એને પાટણથી દૂર ગ્રીષ્મભવનની એક ઓરડીમાં અલગ રાખી.

કાવતરાના મુખ્ય સાગરિતને ભેદનીતિ અપનાવીને વિવિધ મુલાકાતોના બહાને પોતાની નજર હેઠળ રાખ્યો. આમ કરવામાં ધાર્યો અર્થ ન સરે તો છેવટે રાજદ્રોહના ગુના હેઠળ એનો શિરચ્છેદ કર્યા સિવાય બીજા કોઈ હેતુથી એને જીવતો રાખીને કારાગૃહમાં બંધ રાખવાની નેમ કર્ણદેવની હતી.

વાતાવરણ એટલું બધું ડહોળાયેલું અને કલુષિત હતું કે કોના પર વિશ્વાસ મૂકવો એ સમજાય એવું નહોતું. કોના પર અમાત્ય કે મંત્રી – સચિવ તરીકે પસંદગી ઉતારવી એ કર્ણદેવ માટે મોટો પ્રશ્ન હતો. આખરે રાજભક્તિ અને વફાદારી માટે જાણીતા પણ બીજી રીતે કોરી સ્લેટ જેવા અષ્ટાપદ શત મંડળના દંડનાયક આમ્રદેવને વિશ્વાસમાં લીધો.

અગાઉ આપણે જોઈ તે નગરમાં વ્યાપ્ત ઐતિહાસિક પ્રક્રિયામાં નગરમાં માધવની ગેરહાજરી કર્ણ માટે એક પડકાર અને શક્તિની કસોટીરૂપ સમસ્યા બની રહ્યાં હતાં. જાતજાતનાં અનુમાન અને અફવા જેવી વહેતી વાતોના કારણે પ્રજામાં હતાશા ફેલાઈ ચૂકી હતી. કર્ણને બરાબર

ખબર હતી કે પ્રજા હતાશ હોય અને માનસિક રીતે હથિયાર હેઠાં મૂકી દે ત્યારે એની ખુવારીનો પાર રહેતો નથી. બુદ્ધિશાળી કર્ણે આનો ઉપાય વિચારી લીધો. એ માનવપ્રકૃતિનો જબરો પારેખ હતો. માણસ ઉત્સવપ્રિય પ્રાણી છે એ જ્ઞાન એને હતું. ઉત્સવઘેલો આદમી બીજું બધું ભૂલી જાય છે એવી જાણકારી હેઠળ એણે ત્રણ દિવસનો વૈભવશાળી ઉત્સવ જાહેર કર્યો. અઢળક વૈભવ ! કશી મણા નહીં.

ઉપર જણાવ્યાં એ બધાં કર્ણની રાજનીતિનાં અંગો હતાં પણ એની શ્રેષ્ઠ રાજનીતિ તો મુસલમાની સૈન્યના આક્રમણ સમયે રાજધાની પાટણ છોડીને આસાવળ જવાનો નિર્ણય ! ઘોર સંગ્રામ ચાલતો હોય અને સ્થળ ઉપર રાજા ન હોય એ કેવું ? કોઈના ગળે ન ઊતરે એવી આ વાત હતી. યુદ્ધ વખતે રાજધાની છોડીને ન જવા માટે કૌળારાણીએ કર્ણને સમજાવવા બહુ પ્રયત્ન કર્યો. પણ પોતાના નિર્ણયમાં આ રાજા અડગ રહ્યો. કર્ણને સમજાવવા કૌળારાણીએ અંતઃપુરની મર્યાદા ઓળંગીને આમ્રદેવને બોલાવ્યો. રાજા એકના બે ન થયા તે ન જ થયા !

કર્ણ આટલો બધો મક્કમ કેમ રહ્યો ?

આક્રમણ કરવું અને આક્રમણનો સામનો કરવો એ બે વચ્ચેનો ભેદ આ રાજનીતિજ્ઞ સારી રીતે જાણતો હતો. વળી, હવે દિલ્હીના સૈન્ય અને યુદ્ધસામગ્રીમાં થયેલા અઢળક વધારાની જાણકારી કર્ણને હતી. રાજધાનીમાં રહેવાથી લડતાં લડતાં મૃત્યુ અથવા કેદ એ સિવાય બીજો અંત નહોતો. કર્ણને આ અંત માન્ય નહોતો. એણે ભીમદેવ મહારાજે લીધેલો માર્ગ પસંદ કર્યો. બહાર રહેવું, શક્તિ એકઠી કરવી, લડવું અને રાજ્ય પાછું મેળવવું.

જેમાં પૂરી શ્રદ્ધા હોય એને કર્ણ મક્કમપણે વળગી રહેતો એ ખરું, પણ જ્યાં સમાધાનકારી વલણ અપનાવવા જેવું લાગે ત્યાં એ પ્રસન્નતાપૂર્વક બાંધછોડ કરતો. આ વલણના આધારે તો એણે ગ્રીષ્મભવનમાં રૂપસુંદરી સાથેના સંવાદમાં એણે ઉદયરાજના રાજ્યાભિષેક માટેની તૈયારી દર્શાવી હતી.

બાંગલાણના કિલ્લામાં જ્યારે એને લાગ્યું કે રામચંદ્ર યાદવ સામે ટક્કર નહીં ઝીલી શકાય ત્યારે એણે સામે ચાલીને યાદવ સાથે સમાધાન કર્યું અને એના સામંત બનવાનું સહેતુક પસંદ કર્યું હતું.

જ્યારે એને લાગ્યું કે પોતાના હાથમાંથી દોર સરકી રહ્યો છે ત્યારે એણે માધવના કુટુંબ અને રૂપસુંદરીને માનપૂર્વક મુક્ત કરીને સૌને સારી રીતે એમના નિવાસે પહોંચાડવાનો હુકમ દેવપાલને કર્યો હતો. અને માનવીય ઉદારતા પણ કેવી ! જ્યારે એ બધાં કારાગારમાં બંધ હતાં ત્યારે એ સૌને માટે ભોજન રાજગઢની પાકશાળામાંથી જ મેળવીને પીરસવામાં આવે એવો હુકમ એણે આપી રાખ્યો હતો.

કૌળારાણી પ્રત્યેની એની લાગણી તપાસો. દિલ્હીના આક્રમણ વખતે નગરની સ્ત્રીઓની શી સ્થિતિ થવાની છે એની કર્ણને ખબર હતી એટલા માટે એ કૌળારાણીને પણ સાથે લઈ જવા માગતો હતો જેથી મહારાણી સુરક્ષિત રહે પણ કૌળારાણી યુદ્ધ વખતે રાજધાની છોડવા તૈયાર નહોતાં. આ વખતે કર્ણ રાજાજ્ઞા હેઠળ કૌળારાણીને સાથે લઈ જઈ શક્યો હોત પણ એણે એમ ન કર્યું ! એ એક પ્રેમાળ પતિ હતો. દેવળદેવીનાં લગ્ન પછી એની વિદાય વખતે પણ એણે કૌળારાણીને ગાઢ સંવેદનપૂર્વક યાદ કરી હતી.

કર્ણદેવ પછી કથાના આરંભથી અંત સુધી પ્રત્યેક મહત્ત્વની ઘટનામાં જેની ઉપસ્થિતિ રહી છે તે આમ્રદેવના વ્યક્તિત્વનું વિશ્લેષણ કરવામાં આવે તો કદાચ આંચકાભર્યા આશ્ચર્યનો જ અનુભવ થાય. એના વ્યક્તિત્વમાં અપ્રતિમ શૌર્ય, ઊંચાં શિખરોને આંબે એવી રાજ્યભક્તિ અને એટલી જ રાજભક્તિ અર્થાત રાજા પ્રત્યેની વફાદારી જરૂર જોવા મળે. આમ્રદેવ આ ત્રણેય ગુણને અંગત જીવનના સુખ અને શાંતિના ભોગે પણ નિષ્ઠાપૂર્વક વળગી રહ્યો છે.

એ દિલ્હીથી આવ્યો ત્યારે એણે રાજકીય પરિસ્થિતિનો પૂરો તાગ મેળવી લીધો હતો. ઘોર આક્રમણ પાટણ માથે તોળાઈ રહ્યું હતું. આવી સ્થિતિમાં પરિણામ શું હોઈ શકે એ સીધી સમજની વાત હતી. આવા સંજોગોમાં એણે કર્ણદેવની સલામતિનો વિચાર કર્યો. એ સીધો કર્ણદેવને મળવા ન ગયો અને એણે ભૂગર્ભ માર્ગોની શોધ આદરી જેથી વખત આવ્યે કોઈ ભૂગર્ભ માર્ગ દ્વારા કર્ણદેવને પાટણ બહાર મોકલી દઈ શકાય. રાજાજ્ઞાનું ચુસ્તપણે પાલન કરતો રહ્યો. કર્ણદેવની આજ્ઞાના આધારે મધ્યરાત્રિએ રૂપસુંદરીને મળ્યો, વિજયાનંદને જીવતો પકડ્યો, રાજગઢમાં જ રહેવા અંગેની આજ્ઞાનું ચુસ્તપણે પાલન કરતો રહ્યો, યુદ્ધ વખતે રાજાના અંગરક્ષક રૂપે રહીને રાજાની પડખે રહીને યુદ્ધ કરવાની ઇચ્છા હોવા છતાં રાજાની આજ્ઞા પ્રમાણે પાટણમાં જ રહીને યાવની આક્રમણ સામે મરણિયો જંગ ખેલ્યો અને પાટણના પતન પછી પત્ની શ્રીદેવીને મળ્યા વગર જ કર્ણદેવની સેવા માટે એમની શોધમાં નીકળી પડ્યો !

આમ્રદેવના વ્યક્તિત્વમાં આઘાત આપે એવા આશ્ચર્યની વાત પણ કમ નહોતી. અગાઉ કહ્યું તેમ કોરી

સ્લેટ જેવો આ માણસ સીધોસાદો આદમી ! ન કશો પ્રપંચ ન કશી ખંધાઈ ! જીવનનું જરૂરી ઘડતર તો હજુ બાકી. ક્યારેક સમજ વગરના બાલિશ નિર્ણયો લેતો. રૂપસુંદરીને મળ્યા બાદ ઉદયરાજની ભાળ મેળવ્યા પછી, સવારે કર્ણદેવની પ્રભાતચર્યાનો વિચાર કર્યા વગર એમને મળવા માટેની અધીરાઈ અને રઘવાટ સાવ બાલિશ હતાં.

વિજયાનંદને જીવતો પકડવાની વાત નીકળી તે વખતે માણસને મારવો સહેલો છે પણ જીવતો પકડવો અઘરો છે એ સમજ હોવા છતાં, અને વિજયાનંદ વીસ માણસને પહોંચી વળે એટલી તાકાત ધરાવતો હોવાની કર્ણદેવે ચેતવણી આપ્યા છતાં આમ્રદેવે પોતે એકલાએ જ વિજયાનંદને એકલે હાથે જ પકડવાનો આગ્રહ રાખ્યો એમાં ભલે આમ્રદેવનો ભરપૂર આત્મવિશ્વાસ હોય, પણ એ ધારણા સાવ બાલિશ હતી.

એક બપોરના સમયે ઉદયરાજ વિશેની ખાસ માહિતી આપવા આમ્રદેવ કર્ણદેવના આરામકક્ષ સુધી પહોંચી ગયો. અંદર વિજયાનંદ સાથે મંત્રણા ચાલતી હતી. અંદર જવા બાબતમાં પ્રતિહાર સાથે રકઝક ચાલતી હતી ત્યાં આમ્રદેવ માટે નમતે પહોરે આવવા માટેનો હુકમ અંદરથી જ છૂટ્યો. પોતાનું ઘોર અપમાન સમજીને ભારે રોષમાં આમ્રદેવ ત્યાંથી ભાગ્યો. નમતે પહોરે રાજાને ન મળવાનો એણે નિર્ણય કરી લીધો. કારણ કે અન્ય વિગત જાણ્યા સિવાય આવો આમ્રદેવનો રાજદ્રોહ સુધીનો નિર્ણય અક્કલ વગરનો અને આંધળિયો હતો. સેનાધિપતિ પદે સ્થાપ્યા પછી કર્ણદેવે આમ્રદેવને અંગત કામ માટે માત્ર બે વખત રાજગઢ બહાર જવાની છૂટ આપી હતી. આમ્રદેવ પાસે બે અંગત કામ હતાં. એક પોતાનું લગ્ન અને બીજું સમરસિંહની મુલાકાત. એણે લગ્નના કામને બાજુએ રાખીને સમરસિંહની મુલાકાતને પ્રથમ તક આપી એમાં એની બાઘાઈ સિવાય બીજું શું સમજવું ? કશી ભૂમિકા વગર એ મંજુઘોષાને મળવા ગયો એમાં પણ એની આવી જ માનસિકતા હતી. આમ જાતઘડતરની ઘોર ઊણપ હોવા છતાં આરંભમાં વર્ણવ્યા એ ગુણોને લીધે આમ્રદેવનું પાત્ર ભાવકના હૈયામાં દીર્ઘકાલીન સ્થાન પામી ચૂક્યું છે.

મહારાણી પદના મહિમાને બરાબર સમજતી અને એને બરાબર આચરતી કૌળારાણી કથાનું ન ભુલાય એવું ગૌરવવંતુ પાત્ર છે. એની કેટલીક માન્યતાઓ અને આગ્રહો છે. રાજાએ યુદ્ધ સમયે સ્થળ ન છોડવું જોઈએ એવું એ માને છે. લશ્કર અને પ્રજા સાથે રહીને જીવવું અને મરવું એ રાજાનું લક્ષ્ય હોય. યુદ્ધના પરિણામનો અંદાજ કૌળારાણીએ મેળવી લીધો છે. જોહર એનું લક્ષ્ય છે. પણ કર્ણદેવે તો સ્થળ છોડ્યું ! એ લક્ષ્યનું શું ? હવે ભાગી છૂટવા સિવાય બીજો માર્ગ ન રહ્યો. એ માટે ભાગ્યે યારી ન આપી. જીવન ધૂળધાણી થઈ ગયું.

કૌળારાણી પતિને ખૂબ ચાહતી હતી એ તો કથામાં ચંદ્રશાળા ઉપરના સંવાદ પરથી સમજી શકાય એમ છે. કૌળાદેવી એક દૃઢ મહારાણી હતી એ ખરું, પણ કર્ણદેવની વિદાય વખતે એ ધ્રુસકે ધ્રુસકે રડી રહી એમાં એક પ્રેમાળ સ્ત્રીનું દર્શન થાય છે.

રૂપસુંદરી ! 'લાંછન' કથાનું એક અનોખું અને જાજરમાન પાત્ર. કથામાં એ ગંભૂતા ગામની ઈશાને રાજા માટે રચાયેલા ગ્રીષ્મભવનની એક ઓરડીમાં કેદ છે. નગરમાં વાયકા એવી પ્રચલિત છે કે એના શિયળનું રક્ષણ કરવામાં એનો પતિ મરાયો. પણ રૂપસુંદરીના મુખે જુદી જ વાત વ્યક્ત થાય છે. એ કહે છે, ગુર્જર દેશના ગૌરવનું રક્ષણ કરવામાં પાંચ સૈનિકોને ઢાળી દઈને એ વીરગતિએ પામ્યા છે. પતિના મરણનો એને શોક નથી; ગૌરવ છે. અત્યારે પાટણમાં ચાલી રહેલી કાવતરારૂપ અશાંતિથી એ વાકેફ છે એટલું જ નહીં, પણ પરોક્ષ રીતે એ સહભાગી પણ છે. કર્ણ સ્થાનભ્રષ્ટ થાય અને ઉદયરાજ ગાદી પર આવે એમાં એ રાજી છે. સુષુપ્ત કે સતેજ એની આ સક્રિયતાના કારણે અત્યારે એ ગ્રીષ્મભવનમાં બંદીવાન છે.

નિરાંતની નિદ્રાએ એનાથી વિદાય લઈ લીધી છે છતાં એ જરાય સુસ્ત નથી. એના બુદ્ધિચાંચલ્યમાં જરાપણ ઝાંખપ આવી નથી. આમ્રદેવની એની મધ્યરાત્રિ વખતની મુલાકાત વખતે આ જોઈ શકાય છે. આમ્રદેવ સાથેના સંવાદમાં એનાં વાગ્બાણ તીરની માફક છૂટે છે અને આમ્રદેવને આહત કરે છે. કર્ણદેવની મુલાકાત વખતે એ જરૂરી અદબ જાળવે છે ખરી પણ રાજાની ઉપસ્થિતિ એના સ્થૈર્ય અને શાંતિ ઉપર કોઈ ચંચળ પ્રભાવ દાખવી શકતી નથી. આ મુલાકાત વખતે રાજાએ રાજાપણાનો અંચળો ત્યજીને માનવરૂપ ધારણ કર્યું છે. કર્ણદેવે જ્યારે ઉદયરાજનો રાજ્યાભિષેક કરવાની તૈયારી દર્શાવી ત્યારે રૂપસુંદરીની મનોસ્થિતિમાં એકાએક વળાંક આવ્યો અને એના હૈયે ગુર્જરદેશ પ્રત્યે જે ભક્તિ હતી તે બહાર આવી અને એણે કર્ણને કહ્યું – 'માધવરાયના દિલ્હી જવાનું મેં જાણ્યું હોત તો તો કોઈ પણ ભોગે હું એમને દિલ્હી જવા ન દેત' તીર છૂટી ગયા પછીનો અફસોસ પણ રૂપસુંદરીની

વાણીમાં જોઈ શકાય છે. આમ રૂપસુંદરીનું પાત્ર ભાવકના ચિત્ત ઉપર દીર્ઘકાળ સુધી છવાયેલું રહે એવું બન્યું છે.

શ્રીદેવીનું પાત્ર એના પ્રેમ અને લગ્નના ક્ષેત્ર પૂરતું મર્યાદિત હોવા છતાં, જેનો જોટો ન જડે એવું એ અનન્ય બની રહ્યું છે. આરંભમાં હળવી અને રમતિયાળ જણાતી શ્રીદેવી પોતાના ધ્યેય પ્રત્યે નિષ્ઠાવંત અને ગંભીર બની રહે છે અને અંતે ક્ષાત્ર તેજથી ઝળહળતી ક્ષત્રિયાણી બની રહે છે. શ્રીદેવીના ભાઈ રુદ્રસેન અને આમ્રદેવ વચ્ચે શ્રીદેવીના નામ પર ધાડ પાડવાની વાતનો હળવો ઠઠ્ઠો આમ્રદેવ અને શ્રીદેવી વચ્ચેના પ્રેમના દરવાજાનું તાળું ખૂલવાની તૈયારી થાય છે ત્યારે ભગિની ભાવથી સંકોચાતા આમ્રદેવને, 'મૈત્રી એ કોઈ સગપણ નથી' કહી પોતે જ આમ્રદેવને દરવાજાનું તાળું ખોલી નાખીને પોતાના પ્રેમ ક્ષેત્રમાં પ્રવેશ કરાવે છે. એ બંને વચ્ચે એકાંતની ઘણી તકો સાંપડતી હોવા છતાં, મદિરા – ગંડૂષની તીવ્રતમ ઘટના સુધી પહોંચવા છતાં એ વખતે કે આગળ-પાછળના સમયે શ્રીદેવીએ ક્યારેય લક્ષ્મણરેખા ઓળંગી નથી. કૌમાર્ય અને શિયળ બાબતમાં તો અત્યંત સાવધાન છે. યુદ્ધના ભણકારા વાગી રહ્યા છે. આ યુદ્ધ અંગે એણે ઘણુંબધું કલ્પી લીધું છે. બધી શક્યતાઓનો એને ખ્યાલ છે એટલે એણે નજર સમક્ષ જોહરનું લક્ષ રાખ્યું છે. પણ કુંવારી કન્યા જોહર માટેના અગ્નિમાં ઝંપલાવી શકે નહીં. એટલે જ તો એ આમ્રદેવને કહે છે, 'હું કુંવારી મરવા માગતી નથી. આમ્રદેવ સેનાધિપતિ બની ચૂક્યો છે. એને હવે પળની પણ ફુરસદ નથી. શ્રીદેવીને એનો અફસોસ નથી. એ આમ્રદેવના ખાંડા (તલવાર) સાથે પણ પરણવા તૈયાર છે.

લગ્નના વિધિ પૂરતી પળો જેટલા સમયમાં લગ્ન થાય છે. કાંડે બાંધેલા મીંઢળ સાથે જ અને કુળદેવીનાં દર્શન કર્યા સિવાય આમ્રદેવ જવા તૈયાર થાય છે અને શ્રીદેવી એને પ્રસન્નતાપૂર્વક વિદાય આપે છે.

યાવની આક્રમણ થયું. પાટણ ધમરોળાયું અને તારાજ થયું. હાર ખાઈ ચૂકેલો આમ્રદેવ શ્રીદેવી સમક્ષ ઊભો રહેવા તૈયાર નથી. એ રુદ્રસેન મારફત શ્રીદેવીને કહેવડાવે છે કે પોતે વિજયી થઈને જ શ્રીદેવી સમક્ષ ઊભો રહેશે. શ્રીદેવીના રુધિરમાં ક્ષત્રિયાણીનું ખમીર છે. આમ્રદેવના આ સંકલ્પને પણ એ ખુશીથી આવકારે છે અને કર્ણદેવની સહાય માટે બાગલાણ પહોંચી ગયેલા પોતાના શૂરા પતિને રુદ્રસેન મારફતે વીરપટ્ટ (યુદ્ધમાં લડતી વખતે યોદ્ધો માથે બાંધે તે પટ્ટો) મોકલતાં કહેવડાવ્યું છે : 'પાછું વળીને જોશો નહીં !' લગ્ન પછી જે સ્ત્રીએ સુહાગરાત જોઈ નથી અને માણી પણ નથી એ સ્ત્રી, વિજય માટે ગયેલા પતિને, 'પાછું વળીને જોશો નહીં' કહે ત્યારે એ સ્ત્રીના ખમીર અને ક્ષાત્ર તેજ આગળ કથાના ભાવકનું મસ્તક નમ્યા વગર કેમ રહે ?

આ નવલકથામાં કથાના સમયગાળાની ગુર્જર સૃષ્ટિનું વિવિધ પ્રકારના એતદ્દેશીય પરિવેશો સાથે નિર્માણ થયું છે. પ્રજા, એના રીતરિવાજો, એની રહેણીકરણી, માન્યતાઓ, એના ગમા-અણગમા, ઉત્સવો, પહેરવેશ, પ્રસાધનની રીત, આભૂષણો વગેરે એટલું ઝીણવટપૂર્વક અને ચોકસાઈથી આલેખાયું છે કે 'લાંછન'નો ભાવક પોતાની વર્તમાન દુનિયા વીસરીને એ 'લાંછન'માંની તત્કાલીન સૃષ્ટિનો નિવાસી હોય એ રીતે કથાને માણે છે.

રાત્રિ દરમિયાન આવન-જાવનના ચુસ્ત બંદોબસ્તવાળા બુલંદ દરવાજાઓ સાથે મજબૂત દૂર્ગ જેવા કોટથી રક્ષાયેલા પાટણનો નગરવૈભવ ભવ્ય છે. એમાં ધવલગૃહ નામથી પ્રચલિત સપ્તભોમિ રાજમહાલય મહારાજ સિદ્ધરાજના સમયથી એની ચંદ્રશાળા સાથે અડીખમ ઊભો છે. ચૈત્યો, દેવાલયો, પ્રાસાદો, કોટ્યાધિપતિ શ્રેષ્ઠીઓનાં ટોચ ઉપર ગર્ભદીપ સાથેના ગગનચુંબી મહાલયો, નગરના મુખ્ય માર્ગો અને વિવિધ ચૌટાં સાથેના ઉપમાર્ગોવાળું આ નગર રમણીય છે.

ઐતિહાસિક નવલકથાના સ્વરૂપનાં સઘળાં લક્ષણોને બરાબર સાર્થક કરતી આ નવલકથા આદિથી અંત સુધી ભાવકને ઐતિહાસિક ઘટનાઓના પ્રભાવ હેઠળ બરાબર જકડી રાખે છે એ અનુભવસિદ્ધ હકીકત છે, પણ આ ઐતિહાસિક પ્રભાવ કરતાંય ઉપર ઊઠે એવો આ નવલકથાનો એક વિશેષ એની સામાજિકતા છે. શ્રીદેવી અને આમ્રદેવના લગ્નનો પ્રસંગ, મહારાજ કર્ણદેવનું આસાવળ પ્રતિ પ્રયાણ, કૌળાદેવીનું ધ્રુસકે ધ્રુસકે રુદન, લગ્ન કરાવીને કર્ણે દેવળદેવીને આપેલી વિદાય વખતે કર્ણને કૌળારાણી અંગે થયલી સ્મૃતિ સંવેદના, કોઈને પણ કશી જાણ કર્યા વિના કર્ણનું ચાલ્યા જવું જેવાં તેમજ કેટલીક અન્ય ઘટનાઓ મર્મવેધી છે. અને ભાવકના ચિત્ત ઉપર 'લાંછન'માં માણેલી કથા ચિરંજીવપણે છવાયેલી રહે છે.

'લાંછન'ના લેખક એ નવલકથાને એક Socio Historical Novel' તરીકે ઓળખાવે છે. આ કથા અગાઉ એમની 'અંતિમ દીપ' નવલકથા આ પ્રકારની રચના છે.

**દ'નહરવાલા**

# ગ્રંથસૌરભ

**મણિભાઈ પ્રજાપતિ**

**નેતૃત્વનો શ્રેષ્ઠ આદર્શ : પ્રમુખ સ્વામી મહારાજ / ડૉ. એ. સી. બ્રહ્મભટ્ટ. 2જી આવૃત્તિ : અમદાવાદ : સ્વામિનારાયણ અક્ષરપીઠ, 2018. X, 145, કિં. રૂ. 35. ISBN 97-81-7526-851-7**

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ (૧૯૨૧-૨૦૧૬) હિંદુધર્મના અંગભૂત એવા સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રવર્તક પરબ્રહ્મ પૂર્ણપુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણની સંતપરંપરાના પાંચમા આધ્યાત્મિક વારસદાર હોવાની સાથે ૨૦-૨૧મી સદીના સમગ્ર ભારતીય સંતસમાજના મુકુટમણિ હતા. એમનું બહુઆયામી તથા બહુશ્રુત વ્યક્તિત્વ, સાંપ્રદાયિક ખ્યાલોથી ઉપર ઊઠીને માનવ સમુદાય – જીવમાત્રના ઉદ્ધાર માટે તેમ જ દેશ-વિદેશમાં અક્ષરધામોના નિર્માણના માધ્યમ દ્વારા ભારતીય સંસ્કૃતિના પ્રચાર-પ્રસાર અર્થે સંપન્ન કરેલાં ઉદાહરણ સ્વરૂપ બહુવિધ અસાધારણ કાર્યો અને જનસમાજ – અનુયાયીઓ ઉપરાંત વિશ્વભરના પ્રખર બૌદ્ધિકો વગેરે – ઉપર અપ્રતિમ પ્રભાવ એ તેમની આગવી ગુણસમૃદ્ધિ હતી. અને તેથી જ કહેવાનું મન થાય છે કે ભગવાન કૃષ્ણને પોતાની દિવ્ય વિભૂતિઓ (શ્રીમદ્‌ભગવદગીતા – અધ્યાય ૧૦ : વિભૂતિયોગ)નું વર્ણવવાનો પુનઃ અવસર ઉપસ્થિત થાય તો તેઓશ્રી અચૂક ઉમેરે કે **'સંતાનામસ્મિ પ્રમુખસ્વામિઃ'**

પ્રસ્તુત ગ્રંથમાં પ્રમુખસ્વામી મહારાજના બહુપરિમાણીય વ્યક્તિત્વનાં પાસાંઓ પૈકી નેતૃત્વના અપ્રતિમ સામર્થ્યને ઉજાગર કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. અને તે પણ મૅનેજમેન્ટ વિદ્યાક્ષેત્રના એક આધિકારીક વિદ્વાન અધ્યાપકની સાથેસાથે સ્વામિનારાયણ સંપ્રદાયના હરિભક્ત તેમ જ પ્રમુખસ્વામીના શિષ્યરત્ન કે જેણે સ્વામીજીને નજદીકીથી જોયા છે – અનુભવ્યા છે તેના દ્વારા. અહીં લેખકે છેલ્લી સદી દરમિયાનના નેતૃત્વ વિષય ક્ષેત્રના ૧૬ જેટલા વિશ્વવિશ્રુત અભ્યાસીઓ – સંશોધકો જેમ કે રાલ્ફ સ્ટોડગીલ, કેરોલ વેટસન, જેમ્સ એમ. બર્ન્સ, ચાર્લ્સ મેન્ઝ, હેનરી સિમ્સ, પીટર બર્વોશ, જેક વેલ્શ, ડેવિડ હકાલા, મેજોરી બ્રોડી, મિટ્રશ મેડિક, ડેવિડ રોક, જો એના બ્રાન્ડી, જ્હોન અડેઈર, લેરી સી. સ્પીઅર્સ વગેરેએ પોતાનાં ગહન અધ્યયન – સંશોધનોના આધારે મૂઠી ઊંચેરા નેતૃત્વ માટે તારવી આપેલાં લક્ષણો પ્રમુખસ્વામીમાં કેવાં સન્નિહિત હતાં – સ્વામીજીના લોકોત્તર જીવનકવનમાં સમરસ થઈને તેમનો જીવનાધાર કેવી રીતે બની ગયાં હતાં તે શતાધિક વૈવિધ્યસભર ઘટનાઓના માધ્યમથી સમજાવીને તારવી આપ્યાં છે. અર્થાત્ પ્રમુખસ્વામીએ વ્યવહારજીવનમાં સહજ રીતે નિષ્પન્ન કરેલાં કાર્યોને રસળતી ભાષાશૈલીના માધ્યમથી અને તે પણ જે-તે વ્યક્તિના નામ, સમય અને સ્થળના ચોક્કસ પ્રમાણોના નિર્દેશ સાથે. આમ છતાં, ક્યાંય શુષ્કતા ડોકાતી નથી. પ્રત્યેક ઘટનાની તરોતાજા રજૂઆત અને તેમાંથી નિષ્પન્ન થતાં નેતૃત્વનાં લક્ષણોનું અર્થઘટન અને સમજૂતી વાચકને રસતરબોળ કરી દે છે. પરિણામસ્વરૂપે આ ગ્રંથ વધુ પ્રતીતિકારક અને હૃદયસ્પર્શી બની રહ્યો છે. જોકે આ સાથે નોંધવું રહ્યું કે યુગપુરુષ એવા સ્વામીજીનું ચરિત્ર જ ચુંબકત્વથી એટલું સભર, સ્ફટિકમય અને પ્રભાવક હતું કે જે તેના વાચકોને સહજતયા મંત્રમુગ્ધ કરીને વાચન કરવા બાધ્ય કરી દે છે.

આ ગ્રંથની એક અન્ય આગવી વિશેષતા એ છે કે લેખકે અહીં ઉલ્લેખ કરેલ નેતૃત્વના પ્રત્યેક તજજ્ઞ દ્વારા રજૂ કરેલ નેતૃત્વનાં લક્ષણો તેની આગવી વિશેષતાઓની સટિપ્પણ નોંધ કરવાની સાથે સંબંધિત ગ્રંથ / લેખના નિર્દેશ સાથે તજજ્ઞનો બે-ત્રણ વાક્યોમાં ધ્યાનાકર્ષક પરિચય આપવો. આ ઉપરાંત પ્રસંગોપાત્તની ઘટનાઓનાં વર્ણનો સાથે વિવિધ ધર્મ / સંપ્રદાયોના આચાર્યશ્રીઓ, ચિંતકો બૌદ્ધિકો વગેરે જેમ કે જૈનાચાર્ય મુનિ

સુશીલકુમારજી, સ્વામી ચિદાનંદજી, ડૉ. અબ્દુલ કલામ, બહેરીનના એમ્બેસેડર શેટ્ટી, વૈજ્ઞાનિક ડૉ. માશેલકર વગેરેએ પ્રમુખસ્વામી સાથેની મુલાકાતથી શું અનુભવ્યું તે પણ વણી લીધું છે.

પ્રમુખસ્વામીના નેતૃત્વ ગુણોને ધ્યાને લઈ પ્રસ્તુત ગ્રંથ ૯ પ્રકરણોમાં વિભાજિત કરવામાં આવ્યો છે, જેમાં પ્રમુખસ્વામીનું રૂપાંતરણીય, સમન્વય સાધક અને સહયોગપૂર્ણ નેતૃત્વ, સુપર લીડર, સર્વન્ટ લીડર, થોટ લીડર અને જ્ઞાનાતીત – પરાત્પર – Transcendent સ્વામીજી વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સાથે નેતૃત્વના આ બધા પ્રકારો અને તેનાં લક્ષણોની સમજૂતી / વિશ્લેષણમાં સર્વ સામાન્ય લક્ષણોની પુનરાવૃત્તિ ન થાય તેની ખાસ કાળજી તેમ જ સ્વામીજીના નેતૃત્વનાં આ બધાં પાસાંઓને ઉજાગર કરતી સુસંગત ઘટનાઓની શોધ માટે લેખકની શોધયાત્રા અને તેની કુશળતાપૂર્વકની ગૂંથણી ધ્યાનાર્હ બની રહે છે.

પ્રસ્તુત અભ્યાસનું તારતમ્ય દર્શાવતું લેખકનું સુચિંતનીય મંતવ્ય : 'મેં જે અનુભવ્યું, તે એ છે કે, આ તમામ વિદ્વાનોની જીવનભરની સાધનાના ફળસ્વરૂપ નિષ્પન્ન થયેલી નેતૃત્વની વિભાવનાઓ અને વિલક્ષણતાઓનો કુલ સરવાળો (cumulative total) એટલે સ્વામીશ્રીના વિશાળ ગુણસાગરમાંથી લીધેલું જાણે એક બુંદ માત્ર !! જો આ તજ્જ્ઞોએ તેમનાં નેતૃત્વ મોડલોને હજુ પણ સંવર્ધિત (augment) કે વિસ્તૃત કરવાં હોય અથવા તો તેની અનુપૂર્તિ કરવી હોય તો તેઓ સ્વામીશ્રીના આ અખૂટ ગુણોદધિમાંથી અન્ય લાક્ષણિકતાઓ લક્ષણો ચૂંટી, એમ કરી શકે... સમગ્ર માનવજાતને, તેમણે જે નેતૃત્વ પૂરું પાડ્યું, તેની તુલનામાં વિશ્વસમસ્તના રાજકીય, સામાજિક, આધ્યાત્મિક ધાર્મિક કે અન્ય ક્ષેત્રોનાં નેતૃત્વ વામણાં લાગે' એ લેખકના સંશોધનશીલ અભ્યાસનું અને પ્રમુખસ્વામી પ્રત્યેની પ્રપત્તિભાવપૂર્વકની આસ્થાનું પરિચાયક બની રહે છે.

ઉલ્લેખનીય છે કે પ્રસ્તુત ચરિત્રના લેખક ડૉ. બ્રહ્મભટ્ટ મૅનેજમેન્ટ વિદ્યાક્ષેત્રના સવિશેષતઃ માર્કેટિંગ અને રિસર્ચ મેથોડોલોજીના એક પ્રતિભાસંપન્ન પ્રાધ્યાપક – સંશોધક છે. તેઓશ્રી બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટમાંથી વયમર્યાદાના કારણે સેવાનિવૃત્ત થયા બાદ નિરમા યુનિવર્સિટીના ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટમાં પીએચ.ડી. પ્રોગ્રામના ચેરમૅન (૨૦૦૮-૨૦૧૬) તરીકે સેવાઓ આપ્યા બાદ પીડીપીયુના પીએચ.ડી. પ્રોગ્રામના ચેરમૅન (૨૦૧૬-) તથા કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરમાં વર્ષ ૨૦૧૮થી સંશોધન પરામર્શક તરીકે સેવાઓ આપી રહ્યા છે.

**મણિભાઈ પ્રજાપતિ**

❖

**જૈન વિશ્વકોશ : જૈન ધર્મનો પ્રથમ એન્સાઈક્લોપીડિયા, ખંડ-3 : 'ચ'થી 'જૈ' અને ખંડ-4 : 'જૈ'થી 'દે' / પ્રેરક : યુગદિવાકર રાષ્ટ્રસંત શ્રી નમ્રમુનિ મહારાજ; સંપાદકો : પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ અને ગુણવંત બરવાળિયા; પરામર્શક : સાધ્વી ડૉ. આરતી. મુંબઈ : શ્રી ઉવસગ્ગહરં સાધના ટ્રસ્ટ; વિક્રેતા : અમદાવાદ : ગૂર્જર, 2018, xxii + 386; xxii + 386 આર્ટ પૃ. : 364 રંગીન ચિત્રો. કિં. રૂ. 3000 (બંને ખંડ). ISBN 978-93-838114-94-7; 978-93-83814-96-1**

આજે આપણે સૌ પ્રાયઃ જન્મજાત વારસામાં પ્રાપ્ત ધર્મ પાળીએ છીએ, પરંતુ આ સંબંધી એક હકીકત એ પણ છે કે આપણે આપણા ધર્મ વિશે જાણવા માટે ભાગ્યે જ સભાનતાપૂર્વક કોઈ પ્રયાસ કરતા હોઈએ છીએ, સિવાય કે અભ્યાસક્રમના ભાગ તરીકે કે કથાશ્રવણ કે ધાર્મિક રીતરિવાજ કે કૌટુંબિક પરંપરાના ભાગ તરીકે જે કંઈ જ્ઞાન લાધ્યું તે. આ પરિસ્થિતિ માટે સુયોગ્ય ધાર્મિક શિક્ષણનીતિ કે માર્ગદર્શન કે પ્રેરણા કે અજ્ઞાનતા કે પ્રમાણભૂત સર્વાંગીણ માહિતીસભર સ્રોતોનો અભાવ કે આપણો માંહ્યલો આતરામ નિષ્પ્રાણ થઈ ગયો હોય તે હોઈ શકે. આમ છતાં, કરુણતા એ છે કે આ અભાવનો ક્યાંય કોઈ ખટકો કે વસવસો સાંભળવા મળતો નથી. આપણા ધર્મ સંબંધી અનેકવિધ જિજ્ઞાસાઓ, પ્રશ્નો વગેરે મનમાં ઉદ્ભવતાં હોય છે અને ક્વચિત ધર્મ વિશેના બાળકોના પ્રશ્નોના સાચા ઉત્તરો આપવામાં પણ મૂંઝવણ અનુભવતા હોઈએ છીએ, છતાં સંવેદનાહીન બની રહીએ છીએ. આ સાથે એ પણ ધ્યાને લેવું રહ્યું કે આજના માહિતી વિસ્ફોટ – information explosion – ના યુગમાં પ્રત્યેક વિદ્યાક્ષેત્રમાં અઢળક અને કલ્પનાતીત માહિતીનું ઉત્પાદન થઈ રહ્યું છે, તેના પરિણામે આવશ્યક અને ચોક્કસ માહિતીની સમયસર પ્રાપ્તિ અને પસંદગી એ એક વિકટ સમસ્યા બની ગઈ છે. આ સંદર્ભે જૈન ધર્મ ઉપર દષ્ટિપાત કરતાં આપણે જોઈ શકીએ છીએ કે જૈન ધર્મ વિષયક સંસ્કૃત, પ્રાકૃત,

અપભ્રંશ, આધુનિક ભારતીય ભાષાઓ, અંગ્રેજી વગેરે ભાષાઓમાં પુષ્કળ સાહિત્ય પ્રકાશિત થયું છે અને તેનાથી પણ ઘણું અધિક સાહિત્ય સવિશેષતઃ જૈન જ્ઞાનભંડારોમાં હસ્તપ્રત સ્વરૂપે ધરબાયેલું છે. આ વાસ્તવિકતાને આત્મસાત કરીને જૈન-જૈનેતરો જૈનધર્મ વિશે જાણે – સમજે તથા ભગવાન મહાવીરસ્વામીનો સંદેશ **'अेक्को हु माणुस्स जाई'** (સમગ્ર મનુષ્યજાતિ એક બને) કે **'वसुधैव कुटुम्बकम'**ની ભાવના સાકાર કરવા વિશ્વ એક ગામ બનવા જઈ રહ્યું છે ત્યારે 'કોઈ પણ ધર્મદર્શનને પોતાના અસ્તિત્વને ઊજળું રાખવું હશે તો એમાં રહેલા અખૂટ જ્ઞાનભંડારની દુનિયાને જાણકારી આપ્યા વિના એનો છૂટકો નથી' તે વિચારને ઉદારચેતા હૃદયે અમલીકૃત કરવા માટે યુગદિવાકર રાષ્ટ્રસંત ગુરુદેવ પૂ. શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણા અને પીઠબળથી જૈન ધર્મના બધા જ સંપ્રદાયોને સમાન ધોરણે આવરી લેતા 'જૈન વિશ્વકોશ'ના સંપાદન – પ્રકાશન રૂપી વિરાટ જ્ઞાનયજ્ઞ હાથ ધરવામાં આવ્યો છે તે સર્વદા શ્લાઘનીય ઉદાહરણસ્વરૂપ અને અભિનંદનીય બની રહે છે.

પ્રસ્તુત જૈનવિશ્વકોશના સર્જન / પ્રકાશન અવસરે પૂ. શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબે આશીર્વાદપત્રમાં અભિવ્યક્ત કરેલ ભાવના : 'માહિતી અંતે જ્ઞાનનાં પગથિયાં બને છે. સમ્યક્ જ્ઞાનના શિખરને પામવા હજારો પગથિયાં દ્વારા પ્રજ્ઞા પ્રાગટ્યનો પુરુષાર્થ થાય છે. જૈન વિશ્વકોશ એટલે હજારો માહિતીનાં પગથિયાં દ્વારા પ્રજ્ઞાનાં શિખરો સર કરવાનો મહાપ્રયાસ' અને પૂ. ગુરુજીનાં સ્વપ્નો સાકાર કરવા માટે આ કોશના સંપાદકો પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ અને ગુણવંત બરવાળિયાની પ્રપત્તિભાવપૂર્વકની શ્રુતભક્તિ તથા શ્રી ઉવસગ્ગહરં સાધના ટ્રસ્ટની પ્રતિબદ્ધ ધ્યેયનિષ્ઠાના ફળસ્વરૂપે આ વિશ્વકોશના ખંડ ૩ અને ૪નું પ્રકાશન એ (આ પૂર્વે ખંડ ૧-૨ પ્રકાશિત થયા છે) ભારતીય વિદ્યાજગતની એક ગૌરવશીલ ઉપલબ્ધિ છે. આ ઉપરાંત આ કોશ તૈયાર કરવા પાછળનો ઉમદા હેતુ 'જૈન વિશ્વકોશની પ્રેરણા એ વિશાળ જ્ઞાનને માણવા માટે વિરાટ કોશમાં ભરવાનો પ્રયત્ન છે અને સાથોસાથ ભાવના છે કે ભગવાન મહાવીર જે અનંત શ્રુતજ્ઞાનનો વારસો આપી ગયા છે, તે વારસદારો પોતાની તિજોરીમાં ન રાખતાં સર્વ સુધી પહોંચાડે... હવે આ હાથનો ઉપયોગ ભગવાનને વિશ્વવ્યાપી બનાવવા માટે કરીએ જેથી ભવિષ્યમાં ક્યારેય કોઈના મુખમાં પ્રશ્ન ન આવે કે 'કોણ મહાવીર ?' ને ધ્યાને લેતાં આ કોશનું પ્રકાશન ન્યાયશાસ્ત્રના ડેલી દીપકન્યાય અનુસાર જૈન અને જૈનેતરો માટે તેમ જ સામાન્ય જિજ્ઞાસુઓ અને વિદ્વત્તજનો – અભ્યાસુઓ માટે પ્રમાણભૂત અને વિશ્વસનીય માહિતીનો ખજાનો બની રહેશે. આ ઉપરાંત અન્ય ધર્મો / સંપ્રદાયો માટે ઉદ્દીપક બની રહેશે.

અહીં અકારાદિ ક્રમમાં ખંડ-૩ : 'ચઉક્કસાય સૂત્રથી 'જૈન ધર્મ અને વિજ્ઞાન' અને ખંડ ૪ : 'જૈન ધર્મનો ઇતિહાસ'થી 'દેવચંદભાઈ દામજીભાઈ શેઠ' સુધી ૫૬૦ જેટલાં અધિકરણો અને યથાસંભવ વર્ણ્યવિષય સાથે સુસંગત ૩૬૪ જેટલાં બહુરંગી કલાત્મક ચિત્રો / તસવીરો સમાવિષ્ટ છે. આ અધિકરણો પૈકી પ્રાયઃ ૫૦% અધિકરણો જૈન વિદુષીઓ કૃત છે, જે એક વિશેષ અભિનંદનીય અને ધ્યાનાર્હ બાબત છે. આ બંને ખંડોનાં પ્રારંભિક પૃષ્ઠોમાં આપવામાં આવેલ 'અધિકરણ ક્રમ સૂચિ' ઉપર કે જે-તે ખંડનું બારીકાઈથી સાદ્યંત અવલોકન કરતાં સ્પષ્ટ પ્રતિફલિત થાય છે કે જૈનધર્મના વ્યાપક પરિપ્રેક્ષ્યમાં અર્થાત્ જૈન શાસન અને સમાજવિશ્વના તમામ વિષયો આવરી લેવામાં આવ્યા છે જેમ કે જૈન સંસ્કૃતિ, જૈન સાહિત્ય, જૈન ધર્મ-દર્શન, છંદશાસ્ત્ર, ધાર્મિકવિધિ, તીર્થક્ષેત્રો, જૈન જ્યોતિષ, જૈન વિજ્ઞાન, જૈન શિલ્પસ્થાપત્ય, પત્ર-પત્રિકાઓ, પારિભાષિક પદાવલિઓ, દેશ-વિદેશમાં જૈનધર્મનો વિકાસ અને તત્સંબંધી સંસ્થાઓ, આચાર્યો, શ્રેષ્ઠીઓ, અભિલેખો, જ્ઞાનભંડારો, મહત્ત્વપૂર્ણ કૃતિઓ, સર્જકો, જૈન ડાયસ્પોરા વગેરે સંબંધી જ્ઞાત યા અજ્ઞાત / અકલ્પ્ય વિષયો સંબંધી અધિકૃત અને વિશ્વસનીય માહિતી અહીં સમાવિષ્ટ છે. વળી, આ પૈકી ઘણાં અધિકરણો સંબંધિત વિષયોની વ્યાપક ફલક ઉપર ગહન ચર્ચા કરતાં જોવા મળે છે.

ગુજરાતના અગ્રણી ગ્રંથાલયશાસ્ત્રી અને જૈનધર્મના અભ્યાસી શ્રી કનુભાઈ શાહ પાસેથી તેમના સુદીર્ઘ અનુભવ અને અધ્યયનના ફળસ્વરૂપે જૈન જ્ઞાનભંડારો વિશે તથા અન્ય બહુવિધ વિષયો હેઠળનાં અધિકરણો સુલભ થયાં છે. તેમણે 'જ્ઞાનભંડારો જૈન' અંતર્ગત ભારતમાં લેખનકળાનો પ્રારંભ, દેવર્ધિગણિ ક્ષમાશ્રમણની અધ્યક્ષતામાં વીર સંવત ૯૮૦માં વલભીમાં મળેલા ચોથા સંઘસમવાયમાં આગમોનું

લેખન, જ્ઞાનભંડારોની સ્થાપના અને તેમાં રાજર્ષિઓ, મંત્રીશ્રીઓ, શ્રેષ્ઠીઓ વગેરેનું પ્રદાન, હસ્તપ્રતોનું સંરક્ષણ અને મહત્ત્વ વગેરે વિશે વિગત સભર ચર્ચા કર્યા બાદ ગુજરાતના જ્ઞાનભંડારો પૈકી આચાર્ય કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર (કોબા), લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, ભો. જે. વિદ્યાભવન, ગૂજરાત વિદ્યાપીઠ, પાટણ, ખંભાત, લીમડી અને રાજસ્થાનના જૈન જ્ઞાનભંડારો પૈકી જેસલમેરના ભંડારોને આવરી લઈને આ બધા જ્ઞાનભંડારોની સ્થાપના, હસ્તપ્રત સમૃદ્ધિ, મહત્ત્વપૂર્ણ હસ્તપ્રતો વગેરે વિશે નોંધપાત્ર માહિતી આપી છે. આમ છતાં, આ જ્ઞાનભંડારોનાં દર્પણ સ્વરૂપ કેટલોગ પ્રકાશિત થયાં છે કે કેમ તે સંબંધી કોઈ જ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. આ ઉપરાંત અહીં ઈડર, વડોદરા, છાણી, કોડાય વગેરેના જૈન જ્ઞાનભંડારો વિશે સંક્ષેપમાં પણ માહિતી અપેક્ષિત બની રહે છે, જેનો અહીં અભાવ છે. ચિત્રકલાવિદ્ શ્રીધર અંધારે એ 'ચિત્રકલા' વિશેના અધિકરણમાં જૈનચિત્રકલાના પ્રાદુર્ભાવકાળ ૧૨મી સદીથી શરૂ કરી ઐતિહાસિક કાળક્રમમાં તેની વિકાસગાથા વર્ણવતાં આ કલા ઉપર ઈરાની, મુઘલ, બ્રિટિશકળાનો પ્રભાવ, મુનિ પુણ્યવિજયજીનું હસ્તપ્રતો / ચિત્રો સુરક્ષિત રાખવા માટે મહત્ત્વપૂર્ણ પ્રદાન વગેરેની નોંધ લઈને જૈનચિત્રકલાની આગવી વિશેષતાઓ જેમ કે નમણું નાક, ઉપસેલી આંખો, લાલ રંગની પાર્શ્વભૂમિ, સરળ રૈખિક રેખાંકન વગેરે તારવી આપીને ૧૯-૨૦મી સદીમાં તેના અસ્ત થવા સુધીની વિકાસગાથા વર્ણવી છે. અહીં જૈન હસ્તપ્રતો પૈકી સવિશેષતઃ કલ્પસૂત્ર, કાલકાચાર્યકથા વગેરેમાં વિકસેલ લઘુચિત્રકળાના વિકાસની સાથેસાથે કાષ્ઠપટ્ટિકાઓ, કાષ્ઠચિત્રકલા, ચિત્રપટ, વિજ્ઞપ્તિપત્રો વગેરેના માધ્યમથી વિકસેલ ચિત્રકલાની પણ નોંધ લેવામાં આવી છે. આ એક સ-રસ વ્યાપ્તિ લેખ છે.

વ્યક્તિવિશેષ અધિકરણો અંતર્ગત તીર્થંકરો, મુનિ ભગવંતો (સાધુ-સાધ્વીશ્રીઓ), શ્રેષ્ઠીઓ, સાહિત્યકારો, વૈજ્ઞાનિકો, સ્વાતંત્ર્યવીરો, રાજકારણીઓ ઉદ્યોગપતિઓ વગેરે બહુવિધ ક્ષેત્રોની ૧૬૦થી અધિક મૂઠી ઊંચેરી પ્રતિભાઓ જેમ કે આચાર્ય તુલસી, મુનિ જંબુવિજયજી, મુનિ જિનવિજયજી, ફિલ્મ નિર્માતા – દિગ્દર્શક સરદાર ચંદુલાલ શાહ, દેશના સૌથી શ્રીમંત વ્યક્તિઓ પૈકીના ઉદ્યોગપતિ દિલીપ સંઘવી, અમેરિકા સ્થિત ભૌતિક વૈજ્ઞાનિક જૈનેન્દ્ર જૈન, માર્કેટિંગ નિષ્ણાત જગદીશ શેઠ, ગુરુદેવ ચિત્રભાનુજી વગેરેનો અહીં સમાવેશ કરવામાં આવ્યો છે. આ બધાં ચરિત્રાંકનો થકી જૈન ધર્મ ઉપરાંત ભારતીય ઇતિહાસ અને સંસ્કૃતિમાં જૈન સમાજનાં અસાધારણ પ્રદાન અને પ્રભાવથી સહજતાથી માહિતગાર થવાય છે. આ ઉપરાંત પૌરાણિક ચરિત્રો તેમ જ પસંદગીની સાહિત્યિક / ધાર્મિક કૃતિઓમાં નિરૂપિત ચરિત્રો વિશેનાં અધિકરણો પણ સમાવિષ્ટ છે. વ્યક્તિચરિત્રોની સાથેસાથે જૈન ધર્મ-દર્શન અને સાહિત્યની મહત્ત્વપૂર્ણ કૃતિઓ વિશેનાં અધિકરણો પણ ગ્રંથસ્થ છે, જેમાં પ્રત્યેક કૃતિના કર્તા, વિષયવસ્તુનું વિશ્લેષણ, મહત્તા વગેરે બાબતોને આવરી લેવામાં આવી છે. કૃતિ પરિચય અંતર્ગત તેના એકાદ ચિકિત્સક કે પ્રમાણભૂત પ્રકાશિત સંસ્કરણનો ઉલ્લેખ ભાવિ સંશોધકોની ઉપયોગિતાને ધ્યાને લઈને કરવો જરૂરી બની રહે છે. આમ છતાં, અહીં ઘણીખરી કૃતિઓ ઉદા. તરીકે 'તિલકમંજરી', 'ચઉપ્પનમહાપુરિસચરિયં' (ઈ. સ. ૮૬૮), 'જૈનેન્દ્ર વ્યાકરણ', 'ણાયકુમારચરિઉ' (૧૦મી સદી) 'તિલોયપણ્ણતિ' (૫મી સદી) વગેરેમાં આ સંબંધી કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.

આ બંને ખંડોમાં જૈન ધર્મ – દર્શન – સંસ્કૃતિ – સાહિત્ય – જૈન ડાયસ્પોરા, વિદેશોમાં જૈન ધર્મ તથા તેનાં કેન્દ્રો – દીક્ષાવિધિ – લગ્નવિધિ વગેરે સંબંધી સમાવિષ્ટ અધિકરણોને ધ્યાને લેતાં જૈન સંસ્કૃતિને સમજવા યા તેના હાર્દને પામવા માટે આ બંને ખંડો મૂલ્યવાન સામગ્રીથી સભર હોઈ હર્યાભર્યા ઉપવન સમી દીસે છે. જૈન ધર્મના અનુયાયીઓ કેટલાંક ક્રિયા – કલાપો જમ કે જૈનદર્શન પૂજનવિધિ, ચૌવિહાર, ચૈત્યવંદના, ચાતુર્માસ, ચઢાવો, તિલક, જપ, જપમાળા, જયણા વગેરે પ્રસંગોપાત્ત પરંપરાગત રીતે કરતા રહે છે તેનાં અહીં શાસ્ત્રીયતા, વિજ્ઞાન સાથે સંબંધ, માહાત્મ્ય, હાર્દ વગેરે ઉજાગર કરી આપ્યાં છે, જે સમજવા માટે આ અધિકરણોનું પઠન અનિવાર્ય બની રહે છે. વધુમાં, જૈન ધર્મ-દર્શનની પરિભાષાઓની ન્યૂનતમ શબ્દોમાં સરળ સમજૂતી આપવામાં આવી છે, જે આ કોશની એક આગવી વિશેષતા અને મૂડી છે. 'જૈન ડાયસ્પોરા' અંતર્ગત વિશ્વના અંદાજિત ૪૦ દેશોમાં વસતા જૈન સમાજો વચ્ચે પરસ્પર સંવાદિતા સાધવા, જૈન સ્કૉલરો, વિજ્ઞાનીઓ અને દાનવીરોનો ડેટાબેઝ તૈયાર કરવાની આવશ્યકતા

જણાવીને શ્રી દિલીપ શાહે જૈન સમાજ માટે પરસ્પર આદનપ્રદાન અને જૈન સંસ્કારોની જાળવણી માટે જૈન ડાયસ્પોરાને આજની સૌથી મોટી જરૂરિયાત ગણાવી છે, જ્યારે કુમારપાળ દેસાઈએ જૈન ડાયસ્પોરાને વર્તમાન યુગની માંગ ગણાવીને ભગવાન મહાવીરે આપેલ મહાન સંદેશ 'એકકો હુ માણુસ્સ જાઈ'ને આત્મસાત કરીને આજે જૈન સમાજે એક બનીને અહિંસામય વિશ્વની રચનામાં પોતાનું યોગદાન આપવું જોઈએ, તેમ જ જૈન ડાયસ્પોરોને જ્ઞાન, દર્શન અને ચારિત્રની દષ્ટિએ ત્રણ શાખાઓમાં વિભાજિત કરવી જોઈએ અને આ હેતુ જરૂર છે એક વિરાટ આંદોલનની. આ સાથે 'જૈન ધર્મઃ વિદેશોમાં જૈન સેન્ટરો' અધિકરણે સવિશેષતઃ અમેરિકા, બ્રિટન ઉપરાંત અન્ય ૧૦ દેશોમાં સ્થાયી થયેલા જૈનોની પ્રારંભિક સમયની સ્થિતિ, અમેરિકામાં જૈન ધર્મ ફેલાવવામાં શ્રી સુશીલમુનિ અને ગુરુદેવ ચિત્રભાનુજીનું પ્રદાન, હિંદુ મંદિરોમાં જૈન મંદિરની સ્થાપના, જૈનાની સ્થાપના, સ્વતંત્ર જિનાલયો અને સાંસ્કૃતિક કેન્દ્રોની સ્થાપના અને તેમની પ્રવૃત્તિઓ વગેરે સંબંધી સામગ્રી જાત અનુભવોથી ખચિત છે. આ જૈન ડાયસ્પોરાની એક આગવી વિશેષતા એ છે કે તેઓ પોતાના મૂળભૂત ફિરકાઓ ભૂલી જઈ એક જ જિનાલયના છત્ર હેઠળ પોતપોતાના સંપ્રદાય અનુસાર મૂર્તિઓની પ્રતિષ્ઠા કરીને પૂજાવિધિ કરે છે અને અન્ય બહુવિધ પ્રવૃત્તિઓમાં સહઅસ્તિત્વની ભાવના સાકાર કરી રહેલ છે. જૈન ડાયસ્પોરા પાસેથી આ શીખ ભારતમાં પ્રચલિત ધર્મો અને સંપ્રદાયોએ લેવી રહી. આ બંને ખંડોમાં સમાવિષ્ટ તીર્થસ્થાનો ઉદા. તરીકે તારંગા તીર્થ, ઢંકપુરી તીર્થ, ત્રિલોક તીર્થ, જેસલમેર તીર્થ, જીરાવલા તીર્થ, ચારૂપ તીર્થ, દેલવાડાનાં મંદિરો વગેરેની ઐતિહાસિક, સાંસ્કૃતિક, ધાર્મિક વગેરે સંબંધી અર્થસભર માહિતી સચિત્ર સુલભ કરાવવામાં આવતાં વાચકને ઘેર બેઠાં તીર્થયાત્રાનો લાભ મળી રહે છે. આ ખંડોનું એક અન્ય મહત્ત્વ એ છે કે અહીં જૈન ધર્મ અને વિજ્ઞાન, તબીબી વિજ્ઞાન, આહારવિજ્ઞાન, જીવભૌતિક વિજ્ઞાન, જૈન જ્યોતિષ, ઉપવાસ, તપ અને વિજ્ઞાન વગેરે વિશેનાં અધિકરણોમાં આચાર્ય શ્રી વિજયનંદિઘોષસૂરિજી અને ડૉ. સુધીર શાહ જેવા તજજ્ઞોએ જૈન ધર્મના આચાર-વિચાર વિજ્ઞાન સાથે કેટલા સુસંગત છે તે પ્રસ્થાપિત કરી આપ્યું છે.

આચાર્યશ્રી વિજયનંદઘોષસૂરિજીએ 'જ્યોતિષશાસ્ત્ર'માં કેટલાક બુદ્ધિવાદીઓ જ્યોતિષશાસ્ત્રને કપોળકલ્પિત કહે છે તેનું ખંડન કરીને તેને એક વિજ્ઞાન તથા અતિ ગહન, સૂક્ષ્મ અને વિસ્તૃત વિષય ગણાવીને ખગોળવિજ્ઞાનને તેનો આધાર ગણાવ્યો છે, તેમ જ તેનું ભવિષ્યકથન સંપૂર્ણપણે સત્ય હોય જ એવું નથી. વધુમાં, નોંધ્યું છે કે જૈન જ્યોતિષશાસ્ત્ર અને વૈદિક જ્યોતિષશાસ્ત્ર એવા કોઈ ભેદ છે જ નહિ, તેમ છતાં જૈનાચાર્યો દ્વારા પ્રરૂપિત જ્યોતિષશાસ્ત્રને જૈન જ્યોતિષશાસ્ત્ર કહેવામાં આવે છે. જૈન જ્યોતિષશાસ્ત્રના પ્રાચીનતમ ગ્રંથો તરીકે 'સૂર્યપ્રજ્ઞપ્તિ' અને 'ચંદ્રપ્રજ્ઞપ્તિ'ને ગણાવ્યા બાદ જૈન પરંપરાના 'આરંભસિદ્ધિ' વગેરે મુખ્ય પાંચ ગ્રંથોની વિગતે ચર્ચા કર્યા બાદ સારાભાઈ નવાબ દ્વારા પ્રકાશિત જૈન સામુદ્રિકશાસ્ત્રના પાંચ ગ્રંથો વિશે સંક્ષેપમાં સમજૂતી આપીને પોતાનો સ્પષ્ટ અભિમત જણાવ્યો છે કે 'જૈન ગ્રંથો જાતકના ભવિષ્ય કે સ્વભાવ અથવા સ્વરૂપ વગેરેની ખાસ ચર્ચા કરતા નથી, ગૃહસ્થોને લગતા મુહૂર્તનું તો માત્ર દિગ્દર્શન કરાવે છે, પરંતુ જિનાલયના નિર્માણ માટેની જમીનથી લઈ તેના ખાતમુહૂર્ત, શિલાસ્થાપન, પ્રતિષ્ઠા, દીક્ષા, પ્રદપ્રદાન વગેરે સંબંધી મુહૂર્ત અંગે સૂક્ષ્મતાથી નિરૂપણ કરે છે. જો કે સમગ્ર જ્યોતિશાસ્ત્ર સંવેગી સાધુઓ માટે વર્જ્ય ગણવામાં આવેલ હોવા છતાં પ્રાચીનકાળના જૈનાચાર્યોએ આ અંગે ગ્રંથો લખ્યા છે' જે ધ્યાનાર્હ બની રહે છે.

વિદુષી લતા 'બોથરાએ 'તિબેટમાં જૈન ધર્મ'માં તિબેટના પુરાતત્ત્વ, ઇતિહાસ અને સાહિત્યનું નીરક્ષીરભાવે અવગાહન કરીને તિબેટનો આદિ ધર્મ જૈન ધર્મ હતો એમ સ્પષ્ટ તારવી આપીને નોંધ્યું છે કે 'જિન, વ્રાત્ય અને શ્રમણ શબ્દનો ઉદ્ભવ તિબેટ, ચીન અને માંગોલિયાની સરહદ પર મળે છે... આ શબ્દ પ્રાચીનકાળમાં જૈન ધર્મનું પાલન કરનારાઓ માટે પ્રયોજાયો હતો... મૌર્યકાળમાં પણ તિબેટ ભારતનો હિસ્સો હતું અને ત્યાં જૈનધર્મ એનો મુખ્ય ધર્મ હતો.' આ જ વાતનું સમર્થન અર્થાત્ આર્યો ભારતમાં આવ્યા તે પહેલાં ચારથી પાંચ હજાર વર્ષ પૂર્વે જૈન સંસ્કૃતિ ભારતમાં અસ્તિત્વમાં હતી. તેનું વિવિધ સાહિત્યિક, ઐતિહાસિક સાધનોના આધારે કુમારપાળ દેસાઈ, નગીન શાહ, ગુણવંત બરવાળિયા, રૂપા શેઠ વગેરેએ જૈન ધર્મ સંબંધી પોતપોતાનાં અધિકરણોમાં આપ્યું છે. આ બધા લેખકોએ જૈન ધર્મ અને તેનું સાહિત્ય, દર્શન, સંસ્કૃતિ વગેરે વિષયક

અધિકરણોમાં જૈન ધર્મના આચાર-વિચારના સિદ્ધાંતો, જેમ કે 'આચારમાં અહિંસા, વિચારમાં અનેકાંત, વાણીમાં સ્યાદવાદ અને સમાજમાં અપરિગ્રહની ભાવના', શ્રાવકોએ પાળવાનાં ૧૨ વ્રતો અને ૩૪ ગુણો, મુનિ ભગવંતોના આચાર વગેરે બાબતોની સાધાર તાત્ત્વિક ચર્ચા કરીને માત્ર માનવ જ નહીં પરંતુ જીવમાત્રના ઉદ્ધાર માટે અને સાથેસાથે પ્રવર્તમાન સમયમાં વૈશ્વિક ક્ષેત્રે પ્રવર્તી રહેલ આતંકવાદ અને હિંસામાંથી ઊગરવા અથવા કહીશું કે શાંતિની પ્રસ્થાપના માટે જૈન ધર્મ કેટલો ઉપકારક છે તે તારવી આપ્યું છે.

પ્રત્યેક ખંડના પ્રારંભમાં સમાવિષ્ટ અધિકરણોની અકારાદિક્રમમાં સૂચિ – પૃષ્ઠ ક્રમાંક સહિત, 'ભૂમિકા' અંતર્ગત જૈન ધર્મની વિભાવના, સમૃદ્ધ વારસાનો સંચય અને વિશ્વકોશની આવશ્યકતા, કોશના ઉપયોગ માટે માર્ગદર્શન, અધિકરણના લેખકોનો સૂચનાત્મક પરિચય વગેરે બાબતો કોશના સંપાદકોની દૂરંદેશિતાની પરિચાયક બની રહે છે. આ સાથે જ નોંધવું રહ્યું કે આ વિશ્વકોશમાં સમાવિષ્ટ કરવામાં આવેલા પ્રમુખ ૧૦૦ જેટલા વિષયોની યાદી (પૃ. XVII) અકારાદિક્રમમાં કે કોઈ તાર્કિકક્રમમાં આપવામાં આવે તો તેનું આકલન કરવામાં ઘણી સરળતા રહેશે, આ ઉપરાંત કોશ-સંપાદનની શાસ્ત્રીય પરંપરાને ધ્યાને લેતાં યથોચિત બની રહેશે. આ યાદીનું વિહંગાવલોકન કરતાં સ્પષ્ટ પ્રતીત થાય છે કે સંપાદકોનું લક્ષ્ય દેશ-વિદેશના અભ્યાસીઓના સહયોગથી જૈન સંસ્કૃતિના આકાશને ધરતી ઉપર સાકાર કરવાનું અર્થાત્ આ જ્ઞાનકોશમાં નિબદ્ધ કરવાનું રહ્યું છે. આ કોશના બધા જ ખંડો પ્રકાશિત થયે જેમ મહાભારત માટે કહેવાય છે કે **'यदिहास्ति तदन्यत्र यन्नेहास्ति न तत् •••क्वचित'** (મહાભારત : આદિપર્વ ૬૨-૫૩) તે જ વાત જૈન ધર્મ-સંસ્કૃતિ સંદર્ભે 'જૈન વિશ્વકોશ' માટે કહેવામાં આવશે, જે આ કોશની ગર્વરૂપ ઘટના બની રહેશે. આ માટે આપણે આભારી છીએ વિશ્વકોશની ફિલસૂફી અને તેની સાથે જૈન ધર્મ-દર્શન સંસ્કૃતિના પ્રતિભાપુરુષ અથવા કહીશું કે જૈન વિશ્વકોશનો જીવંત પર્યાય એવા સંપાદક પદ્મશ્રી કુમારપાળ દેસાઈ અને અન્ય પ્રતિબદ્ધ સંપાદક કે જેઓશ્રી ટેક્સ્ટાઈલ ઉદ્યોગમાં પ્રવૃત્ત હોવા છતાં જૈન ધર્મના પ્રબુદ્ધ અભ્યાસી અને લેખક તેવા ચાર્ટડ એકાઉન્ટન્ટ શ્રી ગુણવંત બરવાળિયાના.

**મણિભાઈ પ્રજાપતિ**

---

**અનુસંધાન પૃ. ૯થી ચાલુ**

સમાજનિર્માણ અને રાષ્ટ્રનિર્માણમાં શિક્ષક-આચાર્યની મહિમાવંતી ભૂમિકાને ધ્યાને લેતાં આ મૂઠી ઊંચેરા ગૌરવશીલ અધ્યાપક - આચાર્યના આચરણનું એકાદ પાસું પણ સ્પર્શી જશે તો તે તેમને અર્પણ કરવામાં આવેલ સાચી શ્રદ્ધાંજલિ બની રહેશે.

ઉલ્લેખનીય છે કે પીજીનું વતન ગામ કમાણા, તા. વિસનગર. તેમનો જન્મ મોસાળ કોલવડા તા. વિજાપુરમાં સંવત ૧૯૯૫માં અષાઢી માસના પુરુષોત્તમ માસની સુદ અગિયારસે, એટલે કે ૨૦ જુલાઈ, ૧૯૩૯ના રોજ થયો હતો. અને તેથી જ માતા-પિતાએ નામ પાડ્યું પુરુષોત્તમ. પ્રાથમિક શિક્ષણ વતનની શાળામાંથી મેળવ્યા બાદ વિસનગરમાંથી મેટ્રિક સુધીનું શિક્ષણ મેળવીને વતનમાં નવી જ શરૂ થતી માધ્યમિક શાળામાં શિક્ષક તરીકેની કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો. વધુ ભણતરની ઇચ્છા તીવ્ર બની રહેતાં એમ.એ. એમ.એડ્. થયા. કમાણા ઉપરાંત પલિયડ અને અમદાવાદની માધ્યમિક શાળાઓમાં વર્ષો સુધી શિક્ષક તરીકે સેવાઓ આપ્યા બાદ ગૂજરાત વિદ્યાપીઠમાં ૧૯૬૭-૭૧ સુધી અધ્યાપક, ૧૯૭૧-૧૯૯૧ સુધી પાલનપુરની ડી.ડી. ચોકસી કૉલેજ ઑફ એજ્યુકેશનમાં પ્રારંભમાં ઉપાચાર્ય અને બાદમાં આચાર્ય તરીકે સેવાઓ આપી અને આ દરમ્યાન પીએચ.ડી.ની ડિગ્રી પણ મેળવી લીધી. છેલ્લે ગૂજરાત વિદ્યાપીઠના શિક્ષણશાસ્ત્ર વિભાગમાં પ્રોફેસર અને અધ્યક્ષ તરીકે ૧૯૯૧-૧૯૯૮ સુધી સેવાઓ આપી સેવાનિવૃત્ત થયા હતા. નિવૃત્તિ બાદ અનેકવિધ શૈક્ષણિક સંસ્થાઓ સાથે સક્રિયપણે જોડાયેલા રહીને આ બધી સંસ્થાઓના વિકાસમાં નોંધપાત્ર ફાળો આપતા રહ્યા હતા, તેમ જ શિક્ષક અને શિક્ષણની ગુણવત્તા સુધારણાને **સ્વધર્મ** ગણીને પોતાની જાતને સમર્પિત કરી દીધી હતી. આશ્ચર્યકારક ઘટના એ કે માતૃભાષા ગુજરાતીના સંવર્ધન માટે ચિંતિત અને કાર્યશીલ રહેનાર પુરુષોત્તમભાઈનું દૈવયોગે 'વિશ્વ માતૃભાષા દિન' તા. ૨૧ ફેબ્રુઆરીના રોજ અવસાન થતાં તેઓશ્રી સદૈવ સ્મરણીય બની રહેશે.

**મણિભાઈ પ્રજાપતિ**

# સંસ્થા સમાચાર

## યુનિવર્સિટી / કૉલેજ વિભાગ

### આયના-મેગ્નેટ

● બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન દ્વારા રાજ્ય કક્ષાની મેગા ઈવેન્ટનું આયોજન તા. ૧૨-૧૪ ડિસેમ્બર દરમિયાન કરવામાં આવ્યું હતું, જેમાં ગુજરાતની કેટલીક શાળાઓના વિદ્યાર્થીઓએ ભાગ લઈ પોતાની કળા પ્રદર્શિત કરી હતી. કૉલેજના વિદ્યાર્થીઓ પૈકી ક્રોસરોડ, મેગ્નેટ અને એન્ટરપેન્યોર ફિયેસ્ટામાં પ્રથમ તેમજ દ્વિતીય ક્રમ મેળવનારને ટ્રોફી તથા પ્રમાણપત્ર અને આયનાની વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા ૧૪ વિદ્યાર્થીઓને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. શ્રીમતી એસ. બી. પટેલ હા. સે. ગર્લ્સ સ્કૂલની વિદ્યાર્થિનીઓએ સમૂહ નૃત્ય, નાટક અને એકપાત્રિય અભિનયમાં પ્રથમ અને વક્તૃત્વમાં દ્વિતીય નંબર મેળવ્યો હતો.

### આરંગ્રેત્રમ

● આર. એન. લલિતકલા એકેડેમીની વિદ્યાર્થિની કુ. હેત્વી પટેલ (એમ. બી. પટેલ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ, ધોરણ-૯)ની ભરતનાટ્યમની સાત વર્ષની સાધના પૂર્ણ થતાં આરંગ્રેત્રમનો કાર્યક્રમ પ્રિ. દિનાબહેન ડોડિયાના માર્ગદર્શન હેઠળ તા. ૨૫-૧૨-૨૦૧૮ના રોજ શેઠ ખીમજી વિસરામ એન્ડ સન્સ સંસ્કાર ભવનમાં આયોજિત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સમારંભના અધ્યક્ષપદે ડૉ. કનુભાઈ પટેલ (પ્રમુખશ્રી, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર શાખા), મુખ્ય મહેમાનપદે શ્રી સુરેશભાઈ પટેલ (ચેરમૅનશ્રી, નવગુજરાત સમય) અને અતિથિવિશેષપદે ડૉ. અમીબહેન ઉપાધ્યાયે (ડાયરેક્ટર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી) સ્થાન શોભાવ્યું હતું. આરંગ્રેત્રમની પ્રસ્તુતિ બાદ મહાનુભાવોના વરદહસ્તે કડી સર્વ વિશ્વવિદ્યાલય તરફથી કુ. હેત્વીને રૂ. ૨૫૦૦/-નો ચેક અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં હતાં તેમ જ ઉજ્જ્વળ કારકિર્દી માટે શુભાશિષ પાઠવવામાં આવ્યા હતા. કુ. હેત્વી પટેલે કલાગુરુ શકુંતલાબહેન ઓઝા પાસેથી તાલીમ મેળવી હતી.

### ઇન્ટર્નશિપ પ્લેસમેન્ટ

● બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશનના ૪૬ વિદ્યાર્થીઓનું ઇન્ડિયા ઇન્ફોલાઈનમાં ઇન્ટર્નશિપ પ્લેસમેન્ટ થયું. આ સંદર્ભે આયોજિત કાર્યક્રમમાં ઇન્ડિયા ઇન્ફોલાઈનના ક્ષેત્રીય મૅનેજર કૈલાસ ઉપાધ્યાયે કેપિટલ માર્કેટ, ઇન્સ્ટુમેન્ટ ડેબ્ટ ઇક્વિટી, મની માર્કેટ તેમજ મની માર્કેટના વિવિધ ઇન્સ્ટુમેન્ટ તેમજ રોકાણ માટેના વિકલ્પો વિશેની માહિતી આપી હતી, તેમ જ મ્યુચ્યુઅલફંડનાં અલગ અલગ રોકાણ વિકલ્પો જેવા કે ગ્રોથ ફંડ, બેલેન્સ ફંડ વગેરે બાબતે માર્ગદર્શિત કર્યા હતા, તેમજ ૪૫ દિવસની ઇન્ટર્નશિપ દરમિયાન સોંપવામાં આવનાર કામની સમજ આપી હતી. પસંદ થયેલા વિદ્યાર્થીઓને કંપની તરફથી ૫૦૦૦ રૂપિયા સ્ટાઈપેંડ ચૂકવવામાં આવશે.

### ઔદ્યોગિક મુલાકાત

● બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (બીબીએ) દ્વારા નવેમ્બર – ડિસેમ્બર માસ દરમિયાન વિવિધ વર્ગોના વિદ્યાર્થીઓને અમૂલ ડેરી (આણંદ), નૅશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (આણંદ), આર્ગોકુલ પ્રા. લિ. (આણંદ) અને અદાણી ગ્રૂપ ઑફ ઇન્ડસ્ટ્રીઝ સંચાલિત મુન્દ્રા બંદર (મુન્દ્રા)ની ઔદ્યોગિક મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. આ બધા વિદ્યાર્થીઓએ સંબંધિત ઔદ્યોગિક સંકુલેના વ્યવસ્થાપન, ઉત્પાદન વિકાસગાથા વગેરે સંબંધી ઝીણવટપૂર્વકની માહિતી મેળવી હતી.

### કરાટે બ્લેક બેલ્ટ અવૉર્ડ સેરેમની ૨૦૧૮

● આર. એન. લલિતકલા એકેડેમી, ગાંધીનગરના મમતા સ્પોર્ટ્સ સેન્ટર દ્વારા કરાટે બ્લેક બેલ્ટ અવૉર્ડ સેરેમની ૨૦૧૮ તા. ૩૦-૧૨-૨૦૧૮ના રોજ શેઠ ખીમજી વિસરામ એન્ડ સન્સ સંસ્કાર ભવન હૉલમાં યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે કરાટે કોચ રેન્સી સેલ્વાકુમાર દ્વારા કરાટે સંબંધી પ્રેઝન્ટેશન રજૂ કર્યા બાદ વિદ્યાર્થીઓ દ્વારા કરાટેની જુદીજુદી તરકીબો રજૂ કરવામાં આવી હતી. કરાટે બ્લેક બેલ્ટની ડિગ્રી સ્મિત પી. ઠક્કર અને શ્રી વૈભવરાજ બી. કુંપાવતને રેન્સી સેલ્વાકુમાર દ્વારા અર્પણ કરવામાં આવી હતી, જ્યારે મુખ્ય મહેમાન ડૉ. સોમાભાઈ પટેલ (કૅમ્પસ ડાયરેક્ટર), અતિથિવિશેષ રાજયોગીની કૈલાસદીદીજી (ડાયરેક્ટર, બ્રહ્માકુમારીઝ, ગાંધીનગર) અને ભગીની સંસ્થાઓના

આચાર્યોશ્રીઓના વરદહસ્તે વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો અને મેમેન્ટો એનાયત કરવામાં આવ્યાં હતાં.

**કારકિર્દી માર્ગદર્શન**

● અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કૉલેજ દ્વારા આર. જી. પટેલ હાયર સેકન્ડરી ગર્લ્સ સ્કૂલ અને આર. સી. પટેલ હાયર સેકન્ડરી સ્કૂલના ધો. ૧૨ કોમર્સના વિદ્યાર્થીઓ માટે ધો. ૧૨ કોમર્સ પછી ઉપલબ્ધ વિકલ્પો વિશે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. વક્તા ડૉ. જયેન્દ્રસિંહ જાદવે સાયબર સિક્યોરિટી, ડિજિટલ માર્કેટિંગ, ફોરેન્સિક અકાઉન્ટિંગ, ઉદ્યોગ સાહસિક બનવાની ઉજ્જવલ તક પૂરી પાડતી આઈ-ક્રિએટ સંસ્થા, ગ્રેજ્યુએશન કોર્સિસ, સ્પર્ધાત્મક પરીક્ષાઓ, સ્કીલ ડેવલપમેન્ટ જેવા વિષયો વિશે વિગતે વાત કરી હતી.

**પીએચ.ડી.**

● કડી સર્વ વિશ્વવિદ્યાલય, દ્વારા નીચે દર્શાવેલા વિદ્યાર્થીઓને તેમના નામ સામે જણાવેલ શોધપ્રબંધ સ્વીકારીને Ph.D.ની ડિગ્રી એનાયત કરવામાં આવી.

**Chemistry**

1. Soni, Hemal Mukeshkumar : 'Computer Assisted Design, Synthesis and Lead Optimization Study of Some Novel Antimicrobial Agents' / Subject : Chemistry / Guide : Dr. Popatbhai K. Patel. Ref. No. Ph.D. / 359/ 2018. 30/10/2018.

**Civil Engineering**

2. Bhangaonkar, Pranavkumar Dineshkumar : 'Assessment of Environmental Flow Requirements of Vishwamitri River' / Subject : Civil Engineering / Guide : Dr. Jayeshkumar S. Patel. Ref. No. Ph.D. / 366 / 2019. 01/01/2-19.

**Computer Science**

3. Pushpalatha. G : 'Designing A Framework for Healthcare Management in the Indian Context' / Subject : Computer Science / Guide : Dr. J. G. Pandya. Ref. No. Ph.D. / 358 / 2018. 26/10/2018.

**Electronics & Communication**

4. Patel, Maulikkumar Bharatbhai : 'Development of Microwave Communication Strategy in RF Front end by Using Low Noise Amplifier (LNA) by Friis Formulation Methods' / Subject : Electronics & Communication / Guide : Dr. G. R. Kulkarni. Ref. No. Ph.D. / 365 / 2018. 31/12/2018.

**English**

5. Vohra, Keyur Himanshubhai : 'ELT Methods and Approaches in Designing Instructional Materials and Evaluation Systems at Higher Secondary School Level English Language Teaching for Gujarati Medium Learners : A Survey of Fifty Years of ElT in Gujarat State' / Subject : English / Guide : Dr. Alkeshkumar A. Patel. Ref. No. Ph.D. / 361 / 2018. 28/11/2018.

**Management**

6. Bhatporia, Arnaz Dinyar : 'Emerging Potential of Selected FMCG Private Labels with Change in Consumer Buying Behavior for Organized Retailers in Gujarat' / Subject : Management / Guide : Dr. Ram Kumar Balyan. Ref. No. Ph.D. / 356 / 2018. 16/10/2018.

7. Jani, Hetal Vasudevbhai : 'Development of Capacity Models and Saturation Flow Models for Heterogeneous Traffic Condition in Urban Area' / Subject : Management / Guide : Dr. Ram Kumar Balyan. Ref. No. Ph.D. / 347 / 2018. 15/09/2018.

8. Jetawat, Jaideepsingh Harisingh : 'A Study on Factors Influencing Decision of Customers Purchasing Life Insurance Product in Gujarat' / Subject : Management / Guide : Dr. Snehalkumar H. Mistry. Ref. No. Ph.D. / 354 / 2018. 12/10/2018.

9. Poturaju, Nareshkumar Nageshwararao : 'Cash Market or Futures Market : Identifying the Profitable Segment for Investors Through Risk and Return Analysis' / Subject : Management / Guide : Dr. Anjani Kumar Asthana. Ref. No. Ph.D. / 355 / 2018. 13/10/2018.

10. Ranpura, Darshan Bhupendrabhai :

'Study of Financial competitiveness of SME's of Gujarat : With Special Reference to Manufacturing Sector' / Subject : Management / Guide : Dr. Snehalkumar H. Mistry. Ref. No. Ph.D. / 351 / 2018. 25/09/2018.

11. Shah, Nehal Anilbhai : 'A Study on Technology Adoption and its Effect on Store's Management Activities of Selected Retail Stores of Gujarat' / Subject : Management / Guide : Dr. Snehalkumar H. Mistry. Ref. No. Ph.D. / 360 / 2018. 26/11/2018.

12. Thakor, Dharmeshkumar Umedsinh : 'A Study of Financial Inclusion Drive and its Impact on Farmers in the Rural Areas of South Gujarat Region' / Subject : Management / Guide : Dr. Ramakanta Prusty. Ref. No. Ph.D. / 364 / 2018. 20/12/2018.

13. Tiwari, Parikshit : 'An Empirical Study of the Interoperability and Effectiveness of Citizen Centric E-Governance Projects in Gujarat' / Subject : Management / Guide : Dr. Ravi Mahendra Gor. Ref. No. Ph.D. / 362 / 2018. 06/12/2018.

14. Vyas, Yuvaraj Kiritkumar / 'A Study on Recognition and Recall Across Various Brand Elements of the Selected Brands Marketed In India' / Subject : Management / Guide : Dr. A. C. Brahmbhatt. / Ref. No. Ph.D. / 352 / 2018. 29/09/2018.

**Mathematics**

15. Jhala, Nityangini Brijrajsinh : 'Queueing Theory in Selected Sectors' / Subject : Mathematics / Guide : Dr. Pravinchandra H. Bhathawala Ref. No. Ph.D. / 349 / 2018. 15/09/2018.

16. Rathan, Gulbanu Nasirmohammed : 'Mathematical Modeling for Unemployment Control – A Numerical Study' / Subject : Mathematics / Guide : Dr. Pravinchandra H. Bhathawala. Ref. No. Ph.D. / 348 / 2018. 15/09/ 2018.

**Mechanical Engineering**

17. Joshi, Hirenkumar Indravadan : 'Investigation of Stress Distribution Around Saddle Vessel Interface of Thin Cylindrical Pressure Vessel' / Subject : Mechanical Engineering / Guide : Dr. Ghanshyam D. Acharya. Ref. No. Ph.D. / 357 / 2018. 20/10/2018.

18. Vaghasia, Jignesh Gobarbhai : 'Experimental Investigations on Solar Parabolic Concentrator on Orientations of Absorber Tube' / Subject : Mechanical Engineering / Guide : Dr. Jayesh K. Ratnadhariya. Ref. No. Ph.D. / 363 / 2018. 07/12/2018.

**Sanskrit**

19. Patel, Jankiben Babulal : 'પ્રો. ડૉ. હરિદત્ત શર્માનું આધુનિક સંસ્કૃત સાહિત્યમાં સર્જનાત્મક કાર્ય – એક સમીક્ષાત્મક અધ્યયન' / Subject : Sanskrit / Guide : Dr. Yogini H. Vyas. Ref. No. Ph.D. / 353 / 2018. 04/10/2018.

**પ્રજાસત્તાક પર્વ**

● રાષ્ટ્રના ગૌરવ સમા ૭૦મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી સર્વ વિદ્યાલય કૅમ્પસ, કડી ખાતે કરવામાં આવતાં મંડળના મંત્રીશ્રી ડૉ. મણિભાઈ પટેલના હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવ્યું હતું. મંડળના ચેરમૅન શ્રી વલ્લભભાઈ પટેલે ૭૦મા પ્રજાસત્તાક દિનની શુભેચ્છાઓ પાઠવતાં રાષ્ટ્ર અને રાષ્ટ્રીયતાનો ખ્યાલ સમજાવીને રાષ્ટ્રના એક નાગરિક તરીકે – વિદ્યાર્થી તરીકે ફરજોનું યથાર્થ પાલન કરવાની શીખ આપી હતી. આ પર્વની ઉજવણીના ઉપલક્ષ્યમાં મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે તમામ કાર્યક્રમો ગાંધી વિચારદર્શન જેમ કે સત્ય કી રાહ – ગાંધીગીરી, ગાંધીજીનાં શૈશવનાં સંસ્મરણો, દાંડીયાત્રા, ગાંધીજી એક યાત્રા, ગાંધી સ્મૃતિ, જો મને ગાંધી મળે તો, ભારત છોડો આંદોલન-૧૯૪૨, ભારતીય સ્વતંત્રતાની આત્મા અને લોકદરબારમાં ગાંધીજી જેવા કાર્યક્રમો શાળા – કૉલેજો દ્વારા યોજાયા હતા. આ ઉપરાંત વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલાં ચિત્રો તથા રંગોળીનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.

● સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર શાખા સંચાલિત વિવિધ પૂર્વ પ્રાથમિક, પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા / કૉલેજો દ્વારા શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ. મા. શાળા તથા કે. બી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફાર્મસીના સંયુક્ત

યજમાન પદે ૭૦મા પ્રજાસત્તાક પર્વની શાનદાર ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે સમારંભના અધ્યક્ષ તરીકે ડૉ. કનુભાઈ પટેલ (પ્રમુખશ્રી, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર) અને મુખ્ય મહેમાન તરીકે શ્રી ભગુભાઈ પટેલ (દાતાશ્રી, શ્રીમતી શારદાબહેન ભગુભાઈ મંગળદાસ પટેલ નર્સિંગ કેમ્પસ, ગાંધીનગર) ઉપસ્થિત રહ્યાં હતાં. કેમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમાભાઈ પટેલે મહેમાનશ્રીઓનો પરિચય કરાવ્યો હતો. મુખ્ય મહેમાન શ્રી ભગુભાઈ પટેલના વરદહસ્તે ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. ડૉ. કનુભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં આઝાદી માટે શહીદ થયેલાં સર્વે શહીદોને શ્રદ્ધાંજલિ આપીને વિશ્વમાં ભારતની મહાનતા અને અગ્રેસરતા કયા કયા ક્ષેત્રે છે તે વિશે વાત કરી હતી. અધ્યક્ષશ્રીના પ્રાસંગિક ઉદ્‌બોધન બાદ ૭ પૂર્વ પ્રાથમિક, પ્રાથમિક અને એક માધ્યમિક શાળાના વિદ્યાર્થી – વિદ્યાર્થિનીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો, જેમાં પર્યાવરણ સુરક્ષા, બેટી બચાવો, પાણી બચાવો જેવી વિચારક સમસ્યાઓ તેમજ દેશભક્તિ નૃત્યોની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. કડકડતી ઠંડીમાં પણ પૂર્વ પ્રાથમિક અને પ્રાથમિક શાળાનાં ભૂલકાંઓ દ્વારા રજૂ કરવામાં આવેલ સાંસ્કૃતિક કાર્યક્રમોને દર્શકો દ્વારા ભારે ગડગડાટ સાથે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ સાથે એમ. બી. પટેલ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલના એન.સી.સી. ગ્રૂપે શિસ્તબદ્ધ પરેડ રજૂ કરી સૌને દંગ કરી દીધાં હતાં. આ પ્રસંગે ગાંધીનગર સ્થિત વિવિધ એન.જી.ઓના વડાઓ, મંડળના પદાધિકારીશ્રીઓ, આમંત્રિત મહેમાનો, કેમ્પસ સ્થિત વિવિધ શાળાઓનાં શિક્ષક ભાઈ-બહેનો તથા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન શ્રી રમણભાઈ બી. પટેલે કર્યું હતું. આચાર્ય શ્રી ગીતેષભાઈ પટેલે આભારવિધિ કરી હતી.

### ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન

● શ્રી માણેકલાલ એમ. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સિસ એન્ડ રિસર્ચ દ્વારા સંચાલિત M.Sc. (IT) ડિપાર્ટમેન્ટ દ્વારા તા. ૦૬-૦૧-૨૦૧૯ના રોજ Alumnus Meetનું આયોજન કરવામાં આવતાં ૮૦ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા, જેમાં મુખ્ય મહેમાનપદે ડૉ. એન. એન. જાની (પૂર્વ ડીન, કમ્પ્યૂટર સાયન્સ ડિપાર્ટમેન્ટ) અને શ્રી વિશાલ રાજપુરોહિત (વિટોર કલાઉડસ ટેક્નૉલૉજી પ્રા. લિ.) રહ્યા હતા. પ્રારંભમાં વિભાગના વડા ડૉ. ભાવેશ પંડ્યાએ હાર્દિક સ્વાગત કરીને વિભાગની પ્રવૃત્તિઓ અને ઉપલબ્ધિઓની ઝાંખી કરાવી હતી. પ્રો. યજ્ઞેશ વ્યાસ દ્વારા આયોજનનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું હતું. મહેમાનશ્રીઓએ પણ પ્રાસંગિક ઉદ્‌બોધનોમાં વિદ્યાર્થીઓને પ્રેરક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ પ્રસંગે વિભાગની પ્રથમ પાંચ બેચના પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થયેલા – Ranker વિદ્યાર્થીઓનું સન્માન પ્રમાણપત્ર તથા ટ્રોફી એનાયત કરીને કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ૧૨ વિદ્યાર્થીઓને તેમની નોંધપાત્ર કામગીરીને આધારે અને અન્ય ૧૨ વિદ્યાર્થીઓને પણ ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. વિદ્યાર્થીઓએ પ્રતિભાવો આપતાં પોતાના વિકાસમાં અધ્યાપકોના નોંધપાત્ર પ્રદાનની સરાહના કરતાં ડિપાર્ટમેન્ટના વિકાસ માટે સહયોગ આપવાનું જણાવ્યું હતું.

### મૂડી બજાર (Capital Market)

● બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન દ્વારા 'ડાયનેમિક્સ ઑફ કેપિટલ માર્કેટ ઇન ઇન્ડિયા' વિષય પર વિદ્યાર્થીઓ માટે કાર્યશિબિરનું આયોજન તા. ૩-૪ ડિસેમ્બર દરમિયાન કરવામાં આવ્યું હતું જેમાં અભ્યાસક્રમના ભાગરૂપે ફાઇનાન્સિસલ મૅનેજમેન્ટ વિષયની પ્રાયોગિક તાલીમ આપવા ઉપરાંત ભારતીય અર્થતંત્રની ફાઇનાન્સિઅલ સિસ્ટમમાં કેપિટલ માર્કેટ તેમજ મની માર્કેટના મહત્ત્વપૂર્ણ યોગદાન તથા ફાઇનાન્સિયલ માર્કેટનાં કાર્યો અને સિદ્ધાંતોની સાથેસાથે રિઝર્વ બૅંક ઑફ ઇન્ડિયાની સાતત્યપૂર્ણ કાર્યપદ્ધતિથી ભારતીય અર્થતંત્ર પર આવતી અસરો, સ્ટોક માર્કેટ, મની માર્કેટ, સરક્યુલર ફ્લોઓફ મની વિશે ICICI માર્કેટિંગ જોનલ હેડ શ્રી ઝંખના શ્રીવાસ્તવ, શ્રી વૈભવી વિઠલાણી અને શ્રી સુનીલભાઈએ ઊંડાણપૂર્વક સમજ આપવા ઉપરાંત સ્ટોક માર્કેટની "સ્ટોક માઈન્ડ" સ્પર્ધામાં ભાગ લેવા આમંત્રણ આપવાની સાથે ઓન લાઈન ટ્રેડિંગ કેવી રીતે થાય તેની પણ માહિતી આપી હતી. આ ગેમની વિશેષતા એ છે કે વિદ્યાર્થીઓને લાઈવ ટ્રેડિંગ કરવાનો મોકો મળે તેમજ – ૧૫ લાખ વર્ચ્યુઅલ રૂપિયા પણ શેર માર્કેટમાં ટ્રેડિંગ માટે આપવામાં આવે જેથી વિદ્યાર્થીઓને હાલના માર્કેટની પરિસ્થિતિમાં સ્ટોક માર્કેટનો કોઈ પણ જાતના જોખમ વિના અનુભવ મેળવવાનો મોકો મળે. ઉલ્લેખનીય છે કે છેલ્લાં ચાર વર્ષથી આ કૉલેજના વિદ્યાર્થીઓ આ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી રહ્યા છે, જેમાં જય સુથાર રાષ્ટ્રીય સ્તરે દ્વિતીય તેમજ નિખિલ ચૌહાણ રાજ્ય કક્ષાએ પ્રથમ સ્થાન મેળવી ચુક્યા છે.

### યુવા સશક્તિકરણ શિબિર

● કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા ત્રણ દિવસીય યુવા સશક્તિકરણ શિબિરનું આયોજન કરવામાં આવતાં કડી સ્થિત સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ૮ કૉલેજોના ૮૪ વિદ્યાર્થીઓ જોડાયા હતા. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને ધ્યાનમાં લઈ યોગાચાર્ય અને ટ્રેનર શ્રી જે. સી. પટેલ દ્વારા વિવિધ વિષયો જેમ કે ઇમોશનલ મૅનેજમેન્ટ, હેલ્થ

મૅનેજમેન્ટ, ઇન્ટર પર્સોનલ સ્કીલ, સ્ટ્રેસ મૅનેજમેન્ટ, ટાઇમ મૅનેજમેન્ટ અને માઇન્ડ પાવર વિષય ઉપર સમજણ આપવામાં આવી હતી. કાર્યક્રમના ઉદ્‌ઘાટન સમારંભમાં આચાર્ય ડૉ. ભાવિક શાહ, ડૉ. મીનલ ત્રિવેદી અને ડૉ. ધર્મેન્દ્ર પટેલે જીવનમાં સફળ થવા પર જ્ઞાન, કૌશલ્ય અને સકારાત્મક અભિગમની આવશ્યકતાની વાત કરી હતી. કાર્યક્રમના સમાપન સમારંભમાં સર્વ વિદ્યાલયના મંત્રીશ્રી ડૉ. મણિભાઈ પટેલ અને પ્રિ. ડૉ. કપિલભાઈ ત્રિવેદીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જીવનમાં આગળ વધવા શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમનું સંચાલન ડૉ. ધર્મેન્દ્રભાઈ પટેલ અને પ્રા. રોશની ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું.

### યોગ અને ધ્યાન શિબિર

● શ્રી માણેકલાલ એમ. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સિસ ઍન્ડ રિસર્ચ દ્વારા સંચાલિત M.Sc. (IT) અને B.Sc. (C.S.)ના કોર્સિસના વિદ્યાર્થીઓ માટે સહજ યોગ અને ધ્યાન શિબિરનું આયોજન તા. ૨૯-૧૨-૧૮ના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી જી. સી. પ્રધાને સહજ યોગનું મહત્ત્વ, આરોગ્ય સુધારણા, સ્મરણશક્તિમાં વધારો, આત્મવિશ્વાસ દૃઢ બનાવવો વગેરે સંદર્ભે વિસ્તારથી સમજાવ્યું હતું. આ સાથે યોગથી આત્મસાક્ષાત્કાર કઈ રીતે કરી શકાય એ પ્રાયોગિક રીતે બતાવવામાં આવ્યું હતું.

● બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશનના ૧૦૪ વિદ્યાર્થીઓએ માતર નજીક આવેલ શ્રી અરવિંદ સાધના કેન્દ્ર ખાતે આયોજિત યોગ-ધ્યાન તેમ જ શ્રી અરવિંદના જીવન બાબતે એક દિવસીય સેમિનારમાં ભાગ લીધો હતો. ડૉ. ચંદ્રકાંતભાઈએ આશ્રમની શરૂઆતથી લઈ તેનાં આયોજનો વિશે જણાવીને શ્રી માતાજીના મત અનુસાર સફળ જીવન તેમજ ૐ કાર બાબતે સમજાવીને સ્વવિકાસ માટે સ્વને શોધવા પર ભાર મૂક્યો હતો. રજનીકાંત શાહે (નિવૃત્ત સંયુક્ત સચિવ) સ્પર્ધાત્મક પરીક્ષાઓ બાબતે માર્ગદર્શન આપવાની સાથે વ્યક્તિત્વ વિકાસ, સરકારી અધિકારીની કામગીરી, કાયદાકીય જ્ઞાનની આવશ્યકતા, સંસદીય માર્ગદર્શન જેવા અનેક વિષયો સાંકળી લીધા હતા. ડૉ. જયેશ તન્ના, શ્રી ધર્મેન્દ્ર રાઠોડ અને ડૉ. આશિષ ભુવાએ પ્રસંગોચિત ઉદ્‌બોધનો કર્યાં હતાં. વિદ્યાર્થીઓએ પણ શ્રી અરવિંદ, શ્રી માતાજી, ધ્યાન સહિતના વિષયો પર પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

### રાષ્ટ્રીય યુવા દિવસ

● કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા બ્રહ્માણી કૃપા હૉલ ખાતે સ્વામી વિવેકાનંદ જન્મજયંતીની રાષ્ટ્રીય યુવા દિવસની તરીકે ઉજવણી કરવામાં આવતાં ૨૫૦થી અધિક વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમના સંયોજક ડૉ. ધર્મેન્દ્ર પટેલે ભારતીય સંસ્કૃતિની જાળવણીમાં સ્વામી વિવેકાનંદના યોગદાનની વાત કરી યુવાનોને રાષ્ટ્રનિર્માણમાં સહભાગી થવા જણાવ્યું હતું. મુખ્ય વક્તા શ્રી જ્યોતિબહેન થાનકીએ સ્વામી વિવેકાનંદના વિવિધ જીવનપ્રસંગો વર્ણવી વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડી હતી. શ્રી રામચંદ્ર મિશનના ઝોનલ ડાયરેક્ટર કેજલભાઈ કંસારા દ્વારા ધ્યાનનું મહત્ત્વ સમજાવી જીવનનો અભિન્ન અંગ બનાવવા વાત કરી હતી. આ પ્રસંગે વિવેકાનંદના જીવન આધારિત સાહિત્યનું પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું.

### રાષ્ટ્રીય સુશાસન દિવસ

● ભારત રત્ન શ્રી અટલ બિહારી વાજપાઈજીના જન્મદિન ૨૫ ડિસેમ્બર નિમિત્તે રાષ્ટ્રીય સુશાસન દિવસની ઉજવણી અંતર્ગત ઉમા આર્ટ્સ અને નાથીબા કોમર્સ મહિલા કૉલેજ દ્વારા ‘સુશાસન સામાન્ય જ્ઞાન પ્રતિયોગિતા-૨૦૧૮’નું આયોજન તા. ૨૭ ડિસેમ્બરના રોજ કરવામાં આવતાં ૩૦ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમનું સંચાલન ડૉ. જાયમલભાઈ રંગીયા અને ડૉ. રાકેશભાઈ પ્રજાપતિએ કર્યું હતું.

### રાષ્ટ્રીય સેવા યોજના

● અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કૉલેજના રાષ્ટ્રીય સેવા યોજના (NSS) યુનિટ દ્વારા લાછડી ગામે વાર્ષિક શિબિર તા. ૨થી ૭ જાન્યુઆરી દરમિયાન યોજવામાં આવતાં તેનો ઉદ્‌ઘાટન સમારોહ જાણીતા શિક્ષણવિદ્ પ્રો. ડૉ. મફતભાઈ પટેલના અધ્યક્ષપદે યોજવામાં આવ્યો હતો. ઉદ્‌ઘાટક તરીકે મહેસાણા જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી શીલાબહેન પટેલ ઉપરાંત પ્રિ. વિજ્ઞા ઓઝા, સરપંચ શ્રી લાલાજી ઠાકોર, લાછડી પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી શંકરભાઈ ચૌધરી, દૂધ મંડળીના ચેરમૅન શ્રી પ્રહેલાદજી ઠાકોર વગેરે અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં. આ શિબિરનું આયોજન સ્વચ્છતા, પર્યાવરણ જાગૃતિ, આરોગ્ય જાળવણી, વ્યસનમુક્તિ, ડિજિટલ બૅકિંગ વગેરે જેવી થીમ સાથે કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં ૧૦૦ જેટલા સ્વયં સેવકો જોડાયા હતા, જેનું સંચાલન ડૉ. રણછોડર થવીએ કર્યું હતું.

### વાચન શિબિર

● અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કૉલેજ દ્વારા તા. ૨૮-૩૦ જાન્યુઆરીના દિવસોમાં માટે વાંચન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રથમ દિવસે જાણીતા યુવા કવિ અને કુશળ વક્તા શ્રી અંકિત ત્રિવેદીએ પોતાના જીવનમાં પુસ્તકો કઈ રીતે મહત્ત્વનાં રહ્યાં તે વિશે વાત કરતાં પુસ્તકો વ્યક્તિને કઈ રીતે માનસિક સંત્રાસમાંથી ઉગારીને જીવનને જીવવા જેવું બનાવે છે તે જણાવ્યું હતું. દ્વિતીય દિને પૂર્વ-સચિવ

અને કવિ ભાગ્યેશ જહા (સેવાનિવત્ત I.A.S.) એ પુસ્તકોના વાચન સંબંધી પોતાના અનુભવો વર્ણવીને નવી ઊભી થઈ રહેલી આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની દુનિયામાં પુસ્તકો કઈ રીતે ટકવાનું પરિબળ પૂરું પાડશે તેની ચર્ચા કરી હતી. અંતિમ દિવસે શિબિરાર્થીઓને ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલયની મુલાકાત કરાવવામાં આવી હતી. શિબિર દરમિયાન વિદ્યાર્થીઓને જુદાજુદા વિષયો આધારિત પુસ્તકો વાચન માટે આપવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત વાર્તાકથન અને પુસ્તકસમીક્ષા સ્પર્ધાનું આયજન પણ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ જ્ઞાનપીઠ અવૉર્ડ વિજેતા લેખકોનાં ચાર્ટ બનાવી પ્રસ્તુત કર્યા હતા. શિબિરનું આયોજન ડૉ. વિજ્ઞા ઓઝાના માર્ગદર્શન હેઠળ ગ્રંથપાલિકા શ્રી શ્રદ્ધાબહેન પંડ્યા અને શ્રી નયના રંગવાળાએ કર્યું હતું.

**વ્યાખ્યાન**

● અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કૉલેજ દ્વારા એમ. કોમ.ના વિદ્યાર્થીઓ માટે આઇડિયા જનરેશન ઍન્ડ ઇમ્પલિમેન્ટેશન વિષય પર શ્રી રેનીલ થોમસે અને ઇન્ટરવ્યૂની તૈયારી અંગે ડૉ. રૂપમ ગોસાઈનાં તજજ્ઞ વ્યાખ્યાનોનું આયોજન તા. ૧૦ જાન્યુઆરીના રોજ કરવામાં આવ્યું હતું.

**શૈક્ષણિક મુલાકાત**

● શ્રી માણેકલાલ એમ. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સિસ ઍન્ડ રિસર્ચ દ્વારા સંચાલિત M.Sc. (IT) અને B.Sc. (C.S.)ના વિદ્યાર્થીઓ માટે પ્રજ્ઞાલ આઈ.ટી. એકેડેમીની મુલાકાતનું આયોજન તા. ૨૨ ડિસેમ્બરના રોજ કરવામાં આવ્યું હતું. આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓએ ITને લગતા જુદાજુદા વર્કિંગ પ્રોજેક્ટસનું નિરીક્ષણ કર્યું હતું.

**શૌર્ય યાત્રા**

● સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી સંચાલિત વિવિધ શાળા-કૉલેજો દ્વારા કડી નગરમાં ૧૦૦ કિલો વજનના ૫૫૧ ફૂટ લાંબા ત્રિરંગા ધ્વજ સાથે 'શૌર્ય યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો મુખ્ય ઉદ્દેશ નાગરિકો રાષ્ટ્ર નિર્માણમાં સહભાગી થાય, સ્વતંત્રતાનું મૂલ્ય જાણે અને શહીદોની શહાદતને ઉજાગર કરવાનો રહ્યો હતો. આ 'શૌર્ય યાત્રા'નું પ્રસ્થાન મંડળના ચેરમૅન શ્રી વલ્લભભાઈ એમ. પટેલે લીલીઝંડી આપીને મંડળના મંત્રીશ્રીઓ અને આચાર્યશ્રીઓની ઉપસ્થિતિમાં કરાવ્યું હતું. આ યાત્રામાં ઘણી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ હાથમાં તિરંગા સાથે જોડાઈને ભારે ઉત્સાહ સાથે રાષ્ટ્રભક્તિ વિશેનાં સૂત્રોચ્ચાર કરતાં સમગ્ર કડી નગરનું વાતાવરણ રાષ્ટ્રભક્તિથી તરબોળ બનાવી દીધું હતું. રેલીનાં મુખ્ય આકર્ષણો પૈકી નાનાં બાળકોની ટોય ટ્રેન અને અશ્વ ઉપર સવાર સંસ્થાના ધ્વજ સાથે વિદ્યાર્થીઓ તથા દેશભક્તિનાં ગીતો અને સામાજિક સંદેશો આપતા સ્વચ્છતા, મતદાન જાગૃતિ, વ્યસનમુક્તિ, બેટી બચાવો – બેટી પઢાવો, પર્યાવરણ બચાવો, સોશિયલ મીડિયાનો સદુપયોગ અને ટ્રાફિકના નિયમોનું પાલન કરો જેવાં પોસ્ટરો રહ્યાં હતાં. આ રેલીનું કડી નગરની સમાજસેવી અનેકવિધ સંસ્થાઓ દ્વારા નગરના વિવિધ વિસ્તારોમાં ભારે હર્ષોલ્લાસ સાથે સ્વાગત – સન્માન કરવામાં આવ્યું હતું.

● સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર દ્વારા ગાંધીનગરમાં 'શૌર્ય યાત્રા'નું આયોજન તા. ૨૫ જાન્યુઆરી, ૨૦૧૯ના રોજ કરવામાં આવ્યું હતું. ૧૦૦ કિલો વજન ધરાવતા ૫૫૧ ફૂટ લાંબા ત્રિરંગા ધ્વજ સાથે 'શૌર્ય યાત્રા'ને મંડળના ચેરમૅન શ્રી વલ્લભભાઈ એમ. પટેલ, બીએસએફના વી.એસ. શેખાવત, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગરના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ, શ્રી નારાયણ ભગત (દાતાશ્રી), ગાંધીનગર સમાચારના તંત્રી શ્રી કૃષ્ણકાન્ત જહા અને ગાંધીનગર વસાહત મહામંડળના પ્રમુખ અરુણભાઈ બૂચે લીલી ઝંડી આપી શૌર્ય યાત્રાનું સેક્ટર-૨૩માં સ્થિત કડી કૅમ્પસથી પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે મંડળના ચેરમૅન શ્રી વલ્લભભાઈ એમ. પટેલે સંક્ષિપ્ત ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે, ૭૦મા પ્રજાસત્તાકની રાષ્ટ્રવંદના નિમિત્તે આ શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે, જે ગાંધીનગર માટે યાદગાર બની રહેશે. શહીદોની શહાદતને આ 'શૌર્ય યાત્રા' દ્વારા વંદન પાઠવવામાં આવે છે. પાંચ કિલોમીટર જેટલી લાંબી આ શૌર્ય યાત્રા 'ઘ-૬થી ઘ-૫, ઘ-૪, ગ-૪ મહાત્મા મંદિર ખ-૪, ખ-૫ થઈને કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫ ખાતે પૂર્ણ થઈ હતી, જેમાં ૩૫૦૦ વિદ્યાર્થીઓ જોડાયા હતા. આ યાત્રા દરમિયાન ગાંધીનગરના અગ્રણીઓ પૈકી રાજ્યના મહેસૂલ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલ, ગાંધીનગરના મેયર શ્રી પ્રવીણભાઈ પટેલ, આઈ.આઈ.ટી.ઈ.ના કુલપતિ ડૉ. શશીરંજન યાદવ વગેરે મહાનુભાવો તેમજ ગાંધીનગરની ૩૦ જેટલી બહુવિધ શૈક્ષણિક – સામાજિક, ધાર્મિક, સાંસ્કૃતિક સંસ્થાઓ / સંગઠનો, રાજકીય પક્ષો અને જાહેર જનતા દ્વારા યાત્રાનું ઠેરઠેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

**સર્વ નેતૃત્વ તાલીમ શિબિર**

● કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા ૪૨મી નિવાસી તાલીમ શિબિરનું આયોજન શ્રી રામચંદ્ર મિશન મેડીટેશન સેન્ટર, અડાલજ ખાતે કરવામાં આવ્યું હતું, જેમાં સર્વ વિદ્યાલયની ૧૫ કૉલેજોના ૬૭ વિદ્યાર્થીઓ જોડાયા હતા. શ્રી સુરેશ પટેલ દ્વારા ચારિત્ર્યનિર્માણથી રાષ્ટ્રનિર્માણ અને સ્વયંને બદલી વિશ્વને બદલવા માટે તાલીમ આપવામાં આવી હતી. અમિતભાઈ ખાતરી એ ટ્રાફિક સમસ્યા સંદર્ભે નિયમો સાથે

વિસ્તૃત માહિતી આપી હતી. આ ઉપરાંત શ્રી ઉદયભાઈ જાદવે પ્રસંગોચિત પ્રેરણા પૂરી પાડી હતી. કાર્યક્રમના અંતે શિબિરાર્થીઓને વિકલાંગ વિદ્યાર્થીઓ માટે ઉવારસદ ખાતે ચાલતી વિશિષ્ટ નિવાસી સદ્‌વિચાર પરિવાર સંસ્થાની મુલાકાત કરાવી હતી. સમાપન સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે લકુલીશ યુનિવર્સિટીના ડૉ. બ્રિજેશ સિંગ, શ્રી રામચંદ્ર મિશન સંસ્થાના મૅનેજર એચ. એલ. ખેરે વિદ્યાર્થીઓને જીવનોપયોગી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. શિબિરનું સંચાલન ડૉ. ધર્મેન્દ્રભાઈ પટેલ અને ડૉ. વિષ્ણુભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

● સર્વ નેતૃત્વ-૪૩મી નિવાસી તાલીમ શિબિર કડીમાં તા. ૨૭-૩૧ ડિસેમ્બર, ૨૦૧૮ દરમિયાન યોજવામાં આવી હતી, જેમાં ૧૨ કૉલેજોના ૬૬ વિદ્યાર્થીઓ અને ૯ શિક્ષકો જોડાયા હતા. આ શિબિરમાં ટ્રેનર શ્રી દીપકભાઈ તેરૈયા અને શ્રી ઉમાબહેન તેરૈયાએ નેતૃત્વની તાલીમ આપી હતી. તાલીમ દરમિયાન પ્રિ. ડૉ. કપિલ ત્રિવેદી દ્વારા યોગ અને પ્રાણાયામનું મહત્ત્વ સમજાવી વિવિધ આસનો શીખવાડવામાં આવ્યાં હતાં. વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રભાવના કેળવાય એ હેતુથી ચેરમૅન શ્રી વલ્લભભાઈ પટેલની ઉપસ્થિતિમાં રાષ્ટ્રધ્વજને સલામી આપવામાં આવી હતી. શિબિર દરમિયાન ગેસ્ટ સ્પીકર તરીકે શ્રી નિષ્ઠાબહેન ઠાકર અને શ્રી ઉદયભાઈ જાદવે પોતાના જીવનપ્રસંગો વર્ણવી વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડી હતી. શિબિરાર્થીઓને કલોલ તાલુકાના હાજીપુર ગામમાં સ્થિત મંથન અપંગ કન્યા સંકુલની મુલાકાત કરાવી હતી. આ પ્રસંગે પૂર્વ તાલીમાર્થી યશદીપ રાઠોડને ‘ઓ યાર પ્રોજેક્ટ’ પર ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ મેમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. શિબિરના સમાપન સમારંભના મુખ્ય મહેમાન તરીકે જાણીતા લેખક અને સમાજ સેવક શ્રી સંજયભાઈ થોરાટે જીવનોપયોગી માર્ગદર્શન પૂરું પાડી પ્રેરણા આપી હતી. શિબિરનું સંચાલન ડૉ. ધર્મેન્દ્રભાઈ પટેલ અને શ્રી જિજ્ઞેશ પાઠક દ્વારા કરવામાં આવ્યું હતું.

### સાહિત્યગોષ્ઠિ

● શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ તથા ફૅકલ્ટી ઑફ એજ્યુકેશન દ્વારા પદ્યનાં વિવિધ સ્વરૂપો વિશે કાર્યક્રમનું આયોજન તા. ૪ ડિસેમ્બરના રોજ કરવામાં આવતાં કવયિત્રી ડૉ. વર્ષા પ્રજાપતિએ પદ્ય એટલે શું ? પદ્યનાં સ્વરૂપો, પદ્યની વિવિધ લાક્ષણિકતાઓ, પદ્યવાર્તા વગેરે વિશે જાણકારી આપી નરસિંહ મહેતા, મીરાં, પ્રેમાનંદ વગેરેના પદ્યસાહિત્ય વિશે સમજ આપી હતી. આ કાર્યક્રમમાં કૅમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમાભાઈ પટેલ, ડૉ. આર. જે. વ્યાસ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

### સ્વામી વિવેકાનંદ

● બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન દ્વારા સ્વામી વિવેકાનંદની જન્મજયંતી નિમિત્તે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રારંભમાં ડૉ. જયેશ તન્નાએ વક્તાશ્રી રજનીકાંતભાઈ સ્વામીનો પરિચય આપી પ્રસંગનું મહાત્મ્ય જણાવ્યું હતું. તજજ્ઞ વક્તાશ્રીએ સ્વામીજીના જીવનનાં તમામ પાસાંઓ પર તલસ્પર્શી માહિતી આપવાની સાથે બાળપણ, યુવાની, વિદેશ પ્રવાસ તેમજ ભારત ભ્રમણ બાબતે રસપ્રદ પ્રસંગો ટાંકી વ્યાખ્યાન આપ્યું હતું.

## શાળા વિભાગ

### ઉત્તરાયણ પર્વ

● શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ. મા. શાળાના એન.એસ.એસ.ના કન્વીનર શ્રી રમેશભાઈ જી. પટેલના માર્ગદર્શન હેઠળ તા. ૧૬-૦૧-૨૦૧૯ના રોજ શાળાના મેદાનમાં અને સેક્ટર-૨૩-૨૪ના વિસ્તારમાં રાષ્ટ્રીય સેવા યોજનાની ૫૦ વિદ્યાર્થિનીઓ દ્વારા પતંગ અને દોરીનો નાશ કરવાનું તથા સમર્પણ મૂક બધીર શાળાની મુલાકાત લઈ નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું.

### ઊર્જા જાગૃતિ

● પેટ્રોલિયમ કન્ઝર્વેશન રિસર્ચ એસોસિએશન દ્વારા શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં તા. ૮-૧૨-૨૦૧૮ના રોજ કાર્યશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં PCRAનાં ફૅકલ્ટી શ્રીમતી રાજેશ્રીબહેન વાર્ષ્ણેય દ્વારા પેટ્રોલ તથા ગૅસ જેવી કુદરતી સંપત્તિની બચત અંગે માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત ઊર્જા બચત અંગે દસ્તાવેજી ફિલ્મ બતાવવામાં આવી તથા પ્રસ્તુત વિષયક ‘ક્વીઝ’નું આયોજન કરવામાં આવ્યું.

● શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળામાં તા. ૧૧ ડિસેમ્બરના રોજ નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના પ્રો. અનિલભાઈ વગેરેએ ઊર્જા શું છે ? પુનઃ પ્રાપ્ય અને પુનઃ અપ્રાપ્ય ઊર્જા સ્રોતો વિશે વર્તમાન સમયમાં વિવિધ ક્ષેત્રે પુનઃ અપ્રાપ્ય ઊર્જા સ્રોતોના ઉપયોગના વધી રહેલા વ્યાપ તથા તેના ખૂટી જવાથી સંભવિત પરિણામો વિશે વિસ્તૃત માહિતી આપી હતી, તેમ જ તમામ પ્રશ્નોના વિકલ્પ સ્વરૂપે પુનઃ પ્રાપ્ય ઊર્જા સ્રોતો જેવા કે સૌર ઊર્જા, સમુદ્રી ઊર્જા, બાયોગૅસ,

પવન ઊર્જા, ભૂતાપીય ઊર્જાનો ઉપયોગ વિવિધ સાધનોમાં કેવી રીતે કરી નિઃશુલ્ક ઊર્જા મેળવી શકાય તેની જાણકારી આપી હતી.

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં તા. ૧૮-૧૨-૨૦૧૮ના રોજ નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા ધો. ૮ની વિદ્યાર્થિનીઓ માટે 'ચીર સ્થાયી ઊર્જા જાગૃતિ' કાર્યક્રમ યોજાયો, જેમાં નિસર્ગ સાયન્સ સેન્ટરના કો-ઑર્ડિનેટર શ્રી હાર્દિકભાઈએ ઊર્જાની બચત અને તેની જાળવણી વિશે રસપ્રદ માહિતી પૂરી પાડવા ઉપરાંત ઊર્જા ક્વીઝનું આયોજન કર્યું હતું.

### ખડક ચઢાણ

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલની ૨૭ વિદ્યાર્થિનીઓએ, એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળાના ૨૦ વિદ્યાર્થીઓ અને શ્રી જે. બી. પ્રાથમિક શાળાના ૪૫ વિદ્યાર્થીઓએ ૨૦-૨૩ ડિસેમ્બર દરમિયાન માઉન્ટ આબુ ખાતે આયોજિત ટ્રેકિંગમાં ભાગ લીધો હતો. જેમાં ખડક ચઢાણ અને જીપલાઈનિંગ કરાવવા ઉપરાંત જંગલમાં વિવિધ વનસ્પતિ, પ્રાણીઓ તથા પક્ષીઓથી માહિતગાર કરવાની સાથે રાત્રે કેમ્પ ફાયરનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત વિદ્યાર્થીઓએ નખીલેક, સનસેટ પોઇન્ટ, દેલવાડાનાં દહેરાં વગેરે પ્રવાસન સ્થળોની મુલાકાત લીધી હતી.

### ગણિત-વિજ્ઞાન અને કલાપ્રદર્શન

● શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં તા. ૩૦-૧-૧૯ના રોજ ગણિત-વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ શિક્ષકો અને વાલીશ્રીઓના સંયુક્ત માર્ગદર્શન હેઠળ વિવિધ પ્રોજેક્ટ્સનું નિર્માણ કરી ૧૦૬ જેટલી વિજ્ઞાન કૃતિઓ, ૬૫ જેટલા કેન્વાસ ઉપર તથા સાદાં ચિત્રો અને ૨૦૭ જેટલા કલા-કારીગરીના નમૂના રજૂ કર્યા હતા. કૅમ્પસની શાળાનાં આચાર્યશ્રીઓ તથા વાલીશ્રીઓએ આ પ્રદર્શન નિહાળી રાજીપો વ્યક્ત કર્યો હતો.

### ચિત્રસ્પર્ધા

● આસોય એક્સ્પ્લોરર્સ દ્વારા રાજ્ય સ્તરની પ્રાકૃતિક ચિત્ર સ્પર્ધાનું આયોજન ઑગસ્ટ-સપ્ટેમ્બર, ૨૦૧૮માં કરવામાં આવતાં શ્રી જે. બી. પ્રાથમિક શાળાના કલા-શિક્ષક શ્રી જયકુમાર હિમાંશુ પંડિતે રજૂ કરેલ ચિત્ર 'Sea For Life' (કાચબા)ને અભિનંદન ઇનામ પેટે રૂ. ૧૦૦૦/-નું રોકડ પુરસ્કાર તેમજ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં.

● શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળામાં તા. ૫-૧૨-૨૦૧૮ના રોજ ધોરણ ૨ અને ૩ના વિદ્યાર્થીઓ માટે ITC દ્વારા ચિત્રસ્પર્ધાનું આયોજન કરવામાં આવતાં ૨૬૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ પ્રસંગે ITC દ્વારા ડ્રોઇંગ પેપર સાથે કલર્સની કિટ ભેટમાં આપીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. બાળકોને કલા તરફ આકર્ષવા ચિત્ર શિક્ષક શ્રી રાજુભાઈ પટેલે પ્રેરણા પૂરી પાડી હતી.

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલની ૨૦ વિદ્યાર્થિનીઓએ તા. ૨૪-૦૧-૨૦૧૯ના રોજ વન સંશોધન કેન્દ્ર ખાતે ભારતીય કોસ્ટ ગાર્ડ દ્વારા આયોજિત ૪૨મી ચિત્રસ્પર્ધામાં ભાગ લેતાં કેટેગરી-૧માં અમીન દેવલ પંકજભાઈ (ધો. ૮/એ) તથા કેટેગરી-૨માં પરમાર ધ્રુવી ગૌરાંગભાઈ (ધો. ૬/એ) વિજેતા થયાં તેમ જ વાઘેલા રાજવી નરેન્દ્રભાઈ (ધો. ૫/બી)ને આશ્વાસન ઇનામ પ્રાપ્ત થયું. આ ઉપરાંત નિસર્ગ કોમ્યુનિટી સેન્ટર દ્વારા તા. ૨૪-૦૧-૨૦૧૯ના રોજ 'ઊર્જા ઉત્સવ-૨૦૧૯'માં 'ચિત્ર ઊર્જા સંરક્ષણ વિભાગમાં કુ. જાંગીડ પાયલ રમેશભાઈએ પ્રથમ નંબર પ્રાપ્ત કરી શિલ્ડ તથા પ્રમાણપત્ર મેળવ્યાં.

### તણાવ

● શાળાની WDC દ્વારા શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ. મા. ધો. ૧૦, ૧૨ની વિદ્યાર્થિનીઓ માનસિક તાણમુક્ત રહી પરીક્ષા આપી શકે તે માટે શેઠ ખીમજી વિશ્રામ સંસ્કાર ભવનમાં Stress Management Programmeનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શ્રી ગૌરવભાઈ જોષી, પારગીબહેન તથા મૌલિનભાઈ પંડ્યાએ સમજણ આપી હતી.

### નાટ્ય પ્રવૃત્તિ

● તા. ૨૧, ૨૨ નવેમ્બરના રોજ ગુજરાત કાઉન્સિલ ઑફ સાયન્સ એન્ડ ટૅક્નૉલોજી દ્વારા સાયન્સ સિટિ ખાતે આયોજિત રાજ્ય સ્તરની વિજ્ઞાન નાટ્યસ્પર્ધામાં શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાયમરી સ્કૂલની ધોરણ-૮ની વિદ્યાર્થિનીઓએ સ્વચ્છતા, આરોગ્ય અને તંદુરસ્તી વિષય અંતર્ગત 'પહેલું સુખ તે જાતે નર્યા' સાયન્સ ડ્રામા રજૂ કર્યું. સુપરવાઈઝર શ્રી ભગવતીબહેને નાટકની સ્ક્રિપ્ટનું લેખનકાર્ય કર્યું હતું, જ્યારે શિક્ષિકા શ્રી પ્રવીણાબહેન પટેલે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

● એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળાના ધોરણ ૫થી ૮ના વિદ્યાર્થીઓ દ્વારા નાથીબા હૉલમાં પોરસ, ભગવાન ઈશુ, એલેકઝેન્ડર, વગેરે પ્રતિભાઓના જીવન આધારિત વેશો રજૂ કરવામાં આવ્યા હતા.

**નાતાલ**

● શ્રી વી. એમ. પટેલ કુમાર અને શ્રીમતી એચ. વી. પટેલ કન્યા બાલમંદિર, શ્રી જે. બી. પ્રાથમિક શાળા અને શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાયમરી સ્કૂલમાં તા. ૨૪-૧૨-૧૮ના રોજ શાન્તા ક્લોઝ, ઈશુ ખ્રિસ્ત, મધર મેરી વગેરેની વેશભૂષા દ્વારા ખૂબ જ હર્ષોલ્લાસ સાથે નાતાલ પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

**પરીક્ષા**

● શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ. મા. શાળામાં ધોરણ ૧૦-૧૨ની પ્રથમ પરીક્ષામાં ૧થી ૫ ક્રમે ઉત્તીર્ણ થનાર દરેક વર્ગની પાંચ-પાંચ વિદ્યાર્થિનીઓની સ્ટાર બેચ અને પ્રથમ પરીક્ષામાં નાપાસ થનાર વિદ્યાર્થિનીઓની વીકબેચ તા. ૧થી ૧૦-૧-૧૯ સુધી ચલાવવામાં આવી. શિક્ષકો દ્વારા દરરોજ અલગથી ટાઇમટેબલ મુજબ સ્ટાર અને વીક વિદ્યાર્થિનીઓને કોચિંગ અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું.

**પૂ. છગનભા રમતોત્સવ**

● સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી અને ગાંધીનગર સંચાલિત પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે પ્રતિવર્ષ પૂ. છગનભા રમતોત્સવનું કડીમાં આયોજન કરવામાં આવે છે. તા. ૨૨ ડિસેમ્બર, ૨૦૧૮ના રોજ આયોજિત આ રમતોત્સવમાં : શેઠ સી. એમ. હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધાઓ પૈકી માધ્યમિક વિભાગમાં ૧૦૦ મી. દોડમાં દર્શન પટેલ – બીજો, લાંબી કૂદમાં રજનીશ સાગડિયા – બીજો, કરાટેમાં વિરલ ભાવસાર – ત્રીજો, ટેબલ ટેનિસમાં માહિન ગાંધર્વ – પ્રથમ, રાઇફલ શૂટિંગમાં પવનકુમાર ચૌધરી – ત્રીજો, સ્કેટિંગમાં કરન રાઠોડ – બીજો, નિબંધસ્પર્ધામાં કુશલ પટેલે – ત્રીજો નંબર મેળવ્યો, જ્યારે ઉચ્ચતર વિભાગમાં ધો. ૧૧ તથા ૧૨માં વક્તૃત્વ સ્પર્ધામાં ક્રિના પટેલ – બીજો, બેડમિન્ટનમાં જીલ પટેલ – બીજો, રાઇફલ શૂટિંગમાં પ્રિયલ ચૌધરી – ત્રીજો, ૧૦૦ મી. દોડમાં રુચિતા ચૌધરી – ત્રીજો નંબર મેળવ્યો. આ ઉપરાંત ગાંધીનગર કૅમ્પસમાં માધ્યમિક વિભાગ (જુનિયર વિભાગ) ભાઈઓમાં ઇન્ડોર ગેમ્સમાં પ્રથમ નંબરે વિજેતા થતાં શીલ્ડ મેળવ્યો; શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલની વિદ્યાર્થિનીઓએ કબડ્ડી અને લાંબી કૂદમાં પ્રથમ, ૧૦૦ મીટર દોડમાં બીજો અને સ્કેટિંગમાં ત્રીજો નંબર પ્રાપ્ત કર્યો; શ્રી જે. બી. પ્રાથમિક શાળાના હઠીલા સાહિલ પારુભાઈએ ૧૦૦ મીટર દોડમાં તૃતીય, કરાટે સ્પર્ધામાં ઝાલા યુવરાજ કિરીટસિંહે તૃતીય, સ્કેટિંગમાં રાણા પૃથ્વીરાજ દીપકભાઈએ તૃતીય અને વક્તૃત્વ સ્પર્ધામાં ચૌધરી આદિત્ય શિવરામભાઈએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું; એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ સ્કેટિંગ, કબડ્ડી, કરાટે, દોડ, ગોળા ફેંક, કેરમ, બેડમિન્ટન વગેરે રમતોમાં પ્રથમ નંબર મેળવ્યો; શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળાની વિદ્યાર્થિનીઓએ વક્તૃત્વ સ્પર્ધા : પટેલ પ્રેક્ષા (ધો. ૯/ડી) – બીજો, ૧૦૦ મીટર દોડ : પટેલ વૈદેહી (ધો. ૧૦/એ) – બીજો, ગોળાફેંક : ગામેતી ખુશિયા, (ધો. ૯/ડી) – ત્રીજો, ટેબલ ટેનિસ : સોલંકી પ્રાચી (ધો. ૯/અ) – ત્રીજો, જ્યારે ઉ. મા. વિભાગમાં કબડ્ડી : પ્રથમ, સ્કેટિંગ : ગોસ્વામી ઈસુ (ધો. ૧૧/ડી) – પ્રથમ, ટેબલ ટેનિસ : પટેલ પ્રિન્સી (ધો. ૧૧/અ), બેડમિન્ટન : ઝાલા જાગૃતિ (ધો. ૧૧/અ) અને કેરમ : ખેત હેતલ (ધો. ૧૧/ડી) વિજેતા થયાં.

**પૂજ્ય દાસકાકા સ્મૃતિ રમતોત્સવ**

● શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળામાં પૂજ્ય દાસકાકા સ્મૃતિ શિયાળુ રમતોત્સવનું આયોજન તા. ૧૯-૧૨-૨૦૧૮ના રોજ કરવામાં આવ્યું હતું, જેમાં મુખ્ય મહેમાન તરીકે ભારત ખેલ પ્રાધિકરણના શ્રી હિતેશભાઈ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શિક્ષિકા શ્રી મનીષાબહેન તથા સુપરવાઈઝરશ્રી દ્વારા રમતોનું જીવનમાં મહત્ત્વ તથા શારીરિક સૌષ્ઠવ કેળવવા શિયાળામાં રમતોના ફાયદાઓ વિશે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ રમતોત્સવમાં જુદીજુદી રમતો જેવી કે દોડ, કોથળા દોડ, ગોળાફેંક, લીંબુ ચમચી, ઘડા દોડ, લાકડી બેલેન્સ, સંગીત ખુરશી, બ્રોડજમ્પ, બૉલ ઍન્ડ બકેટ, સ્ટેન્ડિંગ બ્રોડ જમ્પ, લાંબી કૂદ, દડા ફેંક, ફુગ્ગા ફોડ જેવી સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. સ્પર્ધાઓના અંતે વ્યાયામવીર તરીકે કટારા તૃષિક અરવિંદભાઈ (ધો. ૭/એ) અને વીરબાળા તરીકે બામણિયા અંચિતા મુકેશભાઈ (ધો. ૮/સી)ને જાહેર કરવામાં આવ્યાં હતાં.

● શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં સ્વ. પૂજ્ય દાસકાકા શિયાળુ રમતોત્સવ અને બાલમહોત્સવનું તા. ૧૭-૧૮ ડિસેમ્બરના દિવસોમાં આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રીમતી કૌશલ્યાબહેન પરીખે પૂજ્ય દાસકાકાની પ્રતિમાને પુષ્પગુચ્છ અર્પણ કરી આતસજ્યોત પ્રગટાવી રમતોત્સવને ખુલ્લો મૂક્યો હતો. આ મહોત્સવમાં વિદ્યાર્થીઓએ પરેડ, લેઝીમ દાવ, માસ પી. ટી., ટેબલ દાવ, યોગ નિદર્શન કરી કૌશલ્યો રજૂ કર્યાં હતાં. રમતોત્સવમાં દોડ, જંપદોડ, સ્લો સાઇકલ, ગોળાફેંક, સંગીતખુરશી, મટકી ફોડ, વગેરે તથા બાલમહોત્સવ અંતર્ગત વક્તૃત્વ, ચિત્રસ્પર્ધા, ગીત,

એકપાત્રીય અભિનય, ડાન્સ, નિબંધ લેખન, સુલેખન વગેરે સ્પર્ધાઓમાં ૭૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં તા. ૧૩-૧૨-૨૦૧૮ના રોજ પૂજ્ય દાસકાકા રમતોત્સવનું આયોજન કરવામાં આવતાં ઉદ્‌ઘાટક તરીકે શ્રી વીરસિંહ ચૌહાણ, (ઇન્ચાર્જ ડાયરેક્ટર, ભારતીય ખેલ પ્રાધિકરણ, પશ્ચિમ વિભાગ) તથા મહેમાનશ્રી તરીકે દિનેશભાઈ બડમલીયા (બેન્ડમિન્ટના ચીફ કોચ) ઉપસ્થિત રહ્યા હતા. શ્રી વીરસિંહ ચૌહાણે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જીવનમાં રમતના મહત્ત્વ વિશે શીખ આપી શરીર નીરોગી કેવી રીતે રાખી શકાય તેની વાત કરી હતી.

● શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ. મા. શાળામાં તા. ૨૮ અને ૨૯ ડિસેમ્બર, ૨૦૧૮ દરમિયાન પૂ. દાસકાકા યુવક મહોત્સવ અને પૂ. છગનભા રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ગ્રામભારતી અમરાપુરના પૂર્વ પ્રિ. શ્રી રમણભાઈ ચૌધરી, ઉદ્‌ઘાટક તરીકે કૅમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમાભાઈ પટેલ અને અતિથિવિશેષ પદે શેઠ સી. એમ. હાઈસ્કૂલનાં પ્રિ. શ્રીમતી ચેતનાબહેન, એમ. બી. પટેલ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલના પ્રિ. અર્પિતભાઈ, એસ. જી. પટેલ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલનાં પ્રિ. શ્રીમતી મિલિબહેન તેમજ એસ. કે. પટેલ બાલમંદિરનાં પ્રિ. શ્રીમતી દીપાલીબહેન જોષી ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે NCC, NSS, સ્કાઉટ ગાઈડ, સ્પોર્ટસ અને વિજ્ઞાન ક્લબની ૨૫૦ વિદ્યાર્થિનીઓએ ડ્રીલિંગ રજૂ કર્યા બાદ નૅશનલ કક્ષાની વિદ્યાર્થિનીઓ કુ. હસ્તિ માકાણી અને કુ. નિશા રાઠોડે આમંત્રિત મહેમાનશ્રીઓને મશાલ હસ્તાંતરિત કરતાં આ મશાલ દ્વારા મહેમાનશ્રીઓએ અન્ય એક મોટી મશાલને પ્રજ્વલિત કરી આ મહોત્સવને ખુલ્લો મૂક્યો હતો. આચાર્ય શ્રી ગીતેષભાઈ પટેલે મહેમાનશ્રીઓનો પરિચય અને સ્વાગતવિધિ કરી હતી. શ્રી રમણભાઈ ચૌધરીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં વિદ્યાર્થિનીઓને શિક્ષણની સાથેસાથે વિવિધ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓમાં સહભાગી બનવાની શીખ આપી હતી. યુવક મહોત્સવ અંતર્ગત સોલો ડાન્સ, ગીત, રસોઈ શો, મહેંદી, કેશગૂંફન અને મેકઅપ જેવી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. પૂ. છગનભા રમતોત્સવ અંતર્ગત ગોળાફેંક, ૧૦૦ મીટર દોડ, મટકા દોડ, લીંબુ ચમચી અને સ્લો સાઈકલિંગ જેવી રમતો આયોજિત કરવામાં આવી હતી. આ બંને મહોત્સવમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થિનીઓને પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર તથા પ્રમાણપત્રો એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

### પુસ્તક વિતરણ

● સદ્‌વાચન પરિવાર, ગાંધીનગર દ્વારા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓને અંગ્રેજી શબ્દકોશ અને સદ્‌વાચનનાં પુસ્તકો આપી સન્માનિત કરવાનું કાર્ય છેલ્લાં દસ વર્ષથી ચાલે છે. આ અન્વયે આ સંસ્થાના પ્રમુખ શ્રી શિવશંકર દવે (નિવૃત્ત નાયબ સચિવ) એ પોતાના ૮૧મા જન્મદિવસ પ્રસંગે સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિર સેક્ટર-૭ના ૫૦ વિદ્યાર્થીઓને અંગ્રેજી શબ્દકોશનું વિતરણ કર્યું હતું. સદ્‌વાચન પરિવારના મંત્રીશ્રી અને સાહિત્ય સભાના ઉપાધ્યક્ષ શ્રી સંજય થોરાટે બોધવાર્તા કહી હતી. આ પ્રસંગે કૅમ્પસ ડાયરેક્ટર શ્રી સોમાભાઈ પટેલ, શ્રીમતી કૌશલ્યાબહેન, આચાર્યશ્રી વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

### પ્રકૃતિ શિક્ષણ શિબિર

● શ્રી જે. બી. પ્રાથમિક શાળાના ધોરણ ૭ અને ૮ના ૫૦ વિદ્યાર્થીઓ, શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાયમરી સ્કૂલની ધો. ૭-૮ની ૪૮ વિદ્યાર્થિનીઓ અને શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળાના ધો. ૮ના ૫૦ વિદ્યાર્થીઓએ ડિસેમ્બરના દિવસોમાં ગીર ફાઉન્ડેશન, ઇન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન દ્વારા આયોજિત પ્રકૃતિ શિક્ષણ શિબિરમાં ભાગ લીધો હતો, જેમાં પ્રાણીઓ, પક્ષીઓ, જીવજંતુઓ, વન ઔષધિની ઓળખ વગેરે સંદર્ભે સમજ આપવામાં આવી હતી. વધુમાં, યોગ દ્વારા અભ્યાસમાં એકાગ્રતા કેળવી પરિણામ સારું લાવવાના ઉપાયો બતાવવામાં આવ્યા હતા, તેમ જ સુટેવો દ્વારા સંસ્કાર સિંચન, પૌષ્ટિક ખોરાક, શાકભાજી ખાવાં વગેરે વિશે ઉપયોગી માહિતી આપવામાં આવી હતી.

● એસ. જી. ઇંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલના ધો. ૮ના ૫૦ વિદ્યાર્થીઓએ ગીર ફાઉન્ડેશન દ્વારા આયોજિત શિબિરમાં જોડાયા હતા, જેમાં વિદ્યાર્થીઓને કેવી રીતે પાણી બચાવવું, ઔષધિઓ, વિવિધ વૃક્ષો વગેરે વિશે માહિતી આપવામાં આવી હતી.

### બાલવિજ્ઞાન

● રાષ્ટ્રીય બાલવિજ્ઞાન કૉંગ્રેસના ઉપક્રમે યોજાયેલ રાજ્ય કક્ષાની સ્પર્ધામાં શ્રીમતી આર. જી. પટેલ કન્યા શાળાની વિદ્યાર્થિનીઓ આચાર્ય શ્રેયા વી. અને ઝાલા જાગૃતિબા ડી. દ્વારા 'અંધશ્રદ્ધા અને દંતકથાઓનો અભ્યાસ અને નિવારણ' વિષય પર સંશોધન નિબંધ રજૂ કરવામાં આવ્યો હતો. આ માટે ચોક્કસ વૈજ્ઞાનિક માપદંડ પ્રમાણે પ્રશ્નાવલી બનાવવામાં આવી અને પસંદ કરેલ વ્યક્તિઓના અભિપ્રાયોના આધારે સંશોધનના હેતુઓ નક્કી કરીને પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ

માર્ગદર્શક શિક્ષકશ્રી દિનેશભાઈ પટેલની મદદથી કરવામાં આવ્યું હતું. જેની પ્રસ્તુતિ ૨-૩ ડિસેમ્બરના દિવસોમાં ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે કરવામાં આવતાં આ પ્રોજેક્ટની પસંદગી રાષ્ટ્રીયકક્ષાની સ્પર્ધા માટે કરવામાં આવી. અભિનંદન.

### બાલોત્સવ

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં તા. ૧૪ ડિસેમ્બરના રોજ બાલોત્સવની ઉજવણી અંતર્ગત અભિનય, ગીત, વક્તૃત્વ, શ્રુત લેખન, યાદશક્તિ ચકાસણી, વેસ્ટમાંથી બેસ્ટ બનાવવું, શીઘ્ર વક્તૃત્વ, અંતાક્ષરી વગેરે સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

● શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળામાં તા. ૧૮-૧૨-૨૦૧૮ના રોજ નાથીબા કૉલેજના હૉલમાં ‘બાલોત્સવ’ની રંગારંગ ઉજવણી કરવામાં આવી, જેમાં ૪૬ વિદ્યાર્થીઓએ એક પાત્રિય અભિનય, નૃત્ય, ગીત, ફૅશન શો, જેવી સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો.

### માર્ગ સલામતી

● શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળાના ધો. ૭ અને ૮ના વિદ્યાર્થીઓ માટે સેક્ટર-૨૨, ગાંધીનગર પોલીસ સ્ટેશનની મુલાકાતનું આયોજન તા. ૬ ડિસેમ્બરના રોજ કરવામાં આવતાં પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી ડી. ડી. ઝાલા, શ્રી મયૂરસિંહ ચાવડા તથા તેમના સહ કર્મચારીઓ શ્રી દિલીપસિંહ ચાવડા અને શ્રી ધર્મેન્દ્રસિંહ દ્વારા ટ્રાફિકના નિયમો, માર્ગદર્શન અને ટ્રાફિક જાગૃતિ વિશે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી.

### રમતગમત

● તા. ૨૯-૧૨-૧૮ના રોજ મહાત્મા ગાંધી વિદ્યાલય સેક્ટર-૧૬ના પ્રાંગણમાં એસ. જી. અને એસ. વી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળાનો રમતોત્સવ આયોજિત કરવામાં આવતાં વિવિધ સ્પર્ધાઓના વિજેતા વિદ્યાર્થીઓને મેડલ અને સર્ટિફિકેટ આપીને સન્માનિત કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે કૅમ્પસ ડાયરેક્ટર, વિવિધ શાળાઓના આચાર્યશ્રીઓ તેમજ અન્ય મહેમાનશ્રીઓએ હાજરી આપી હતી.

● શ્રી જે. બી. પ્રાથમિક શાળા (ધો. ૮)ના વિદ્યાર્થી ચંડીસર ક્રિષ્ના પરબતસિંહે સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઑફ ઇન્ડિયા દ્વારા તા. ૨૦થી ૨૮-૧૨-૧૮ દરમિયાન છત્તીસગઢ ખાતે આયોજિત રોલબોલ સ્કેટિંગ સ્પર્ધામાં સુંદર પ્રદર્શન કરી ચતુર્થ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. અગાઉ આ વિદ્યાર્થીએ પૂના ખાતે યોજાયેલ આ સ્પર્ધામાં તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

● એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં રમતગમતમાં રુચિ કેળવાય તે હેતુથી રમતગમત વિશે શાળાના સુપરવાઈઝર શ્રી સુખરામ તેમજ પી. ટી. શિક્ષક શ્રી આશિષભાઈએ પી.પી.ટી.ના માધ્યમથી રમતગમતનું જીવનમાં મહત્ત્વ સંદર્ભે માર્ગદર્શન આપ્યું હતું. આ શાળાની ધોરણ ૨/બીની વિદ્યાર્થિની મેસરિયા મિસ્ત્રીએ ભૂતાન ખાતે યોજાયેલ ટેકવોંડો સ્પર્ધામાં રાષ્ટ્રીય સ્તરે પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો. અભિનંદન.

### રસોઈ કળા

● જ્યોતિ મહિલા મંડળ, ગાંધીનગર દ્વારા રસોઈ શો તેમજ લઘુનાટિકાનું આયોજન તા. ૨૩-૧૨-૨૦૧૮ના રોજ કરવામાં આવ્યું હતું, જેમાં ૭૯ સ્પર્ધકો (બહેનો અને ભાઈઓ)એ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ. મા. શાળાના વિજ્ઞાન શિક્ષક શ્રી રમણભાઈ પટેલે ભાગ લઈ બીટગાજરનો હલવો તેમજ સ્પાઉટ એન્ડ સ્પાઈસ ભેળ બનાવી તેની રેસીપી તેમજ તેમાં રહેલા ન્યુટ્રીશન વેલ્થની રજૂઆત કરતાં આ સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવી રૂ. ૩૦૦૦ની કિંમતનું ઇનામ પ્રાપ્ત કર્યું. અભિનંદન.

### રાષ્ટ્રીય સેવા યોજના

● શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ. મા. શાળાની એન.એસ.એસ.ની ૬૦ સ્વયં-સેવિકા અને ૫ શિક્ષકો દ્વારા સાબરકાંઠા જિલ્લાના શ્રેષ્ઠગામ પુંસરીની મુલાકાત તા. ૩૧ ડિસેમ્બરના રોજ લેવામાં આવી. ઉલ્લેખનીય છે કે આ ગામની મુલાકાત ૬૦ દેશોના ૧૩૮ પ્રતિનિધિઓ દ્વારા લેવામાં આવી છે. આ પ્રસંગે સરપંચ શ્રીમતી નંદાબહેન પટેલ અને પૂર્વ સરપંચ શ્રી હિમાંશુ પટેલે વીડિયો કોન્ફરન્સ કરી ગામ વિકાસ માટે કરેલાં કાર્યોની માહિતી આપી હતી. આ ઉપરાંત વૃક્ષમંદિર, રોઝડ તથા વૃદ્ધાશ્રમ, મગોડીની મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાતનું આયોજન એન.એસ.એસ. કો-ઓર્ડિનેટર શ્રી રમેશભાઈ પટેલે કર્યું.

### વાલીસભા

● શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં ધો. ૧ અને ૨ના વિદ્યાર્થીઓનાં વાલીશ્રીઓની બેઠકનું આયોજન તા. ૨૮ ડિસેમ્બરના રોજ કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં વાલીશ્રીઓએ હાજરી આપી હતી. વાર્તાલાપમાં વિદ્યાર્થીઓના વાચન, લેખન અને ગણનના અભ્યાસમાં ઝડપથી સુધારો થાય તે માટે ચર્ચા કરવામાં આવી હતી. શિક્ષકોએ તમામ વિષયમાં કેવી તૈયારી કરવી, પરીક્ષાલક્ષી શિસ્ત, નિયમિતતા અને સારા સંસ્કારનું ઘડતર થાય તે

અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત આ જ રીતે તા. ૧૨ જાન્યુઆરીના રોજ ધો. ૩-૪નાં વાલીઓની સભાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

● શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ. મા. શાળાના ધો. ૧૦-૧૨ની વિદ્યાર્થિનીઓના વાલીશ્રીઓની સભાનું આયોજન ૧ અને ૮ ડિસેમ્બરના દિવસો દરમિયાન કરવામાં આવ્યું હતું, જેમાં ૧૨૦ જેટલા વાલીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. પ્રથમ તબક્કામાં ધો. ૧૦ અને ૧૨ સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહમાં પ્રથમ પરીક્ષામાં વિવિધ વિષયોમાં અપેક્ષાકૃત ઓછા ગુણ મેળવનારી કે ઓછી અધ્યયન ક્ષમતા ધરાવતી વિદ્યાર્થિનીઓના વાલીશ્રીઓની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં આચાર્ય શ્રી ગીતેષભાઈ પટેલ, સુપરવાઈઝર શ્રીમતી ગીતાબહેન પટેલ તથા શિક્ષકશ્રીઓએ વાલીશ્રીઓને તેમના સંતાનોના પરિણામમાં કેવી રીતે વધારો કરી શકાય અને આગામી શાળાકીય અને બોર્ડની પરીક્ષાઓમાં સફળતા હાંસલ કરવા માટે જરૂરી સલાહ-સૂચન અને માર્ગદર્શન આપ્યું હતું. બીજા તબક્કાની બેઠકમાં ધો. ૧૦ અને ૧૨ સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચ અધ્યયન ક્ષમતા ધરાવતી અને પ્રત્યેક વિષયમાં ઉત્કૃષ્ટ પરિણામ હાંસલ કરતી પ્રતિભાશાળી વિદ્યાર્થિનીઓના વાલીશ્રીઓને નિમંત્રિત કરવામાં આવ્યાં હતાં, જેમાં શાળાનાં આચાર્યશ્રી વગેરેએ પોતાના સંતાનના ઉચ્ચતમ પરિણામ માટે કટિબદ્ધ બનવા અને તનાવમુક્ત વાતાવરણમાં તેનો અભ્યાસ આગળ વધે તે માટે સહકાર આપવા સમજણ આપવામાં આવી હતી. આ ઉપરાંત સત્રાંત પરીક્ષાની ઉત્તરવહીઓના નિદર્શન માટે તમામ વર્ગોના વાલીશ્રીઓની બેઠકનું આયોજન કરવામાં આવતાં ૭૫૨ વાલીશ્રીઓ હાજર રહ્યા હતા.

● એસ. જી. અને એસ. વી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં તા. ૨-૨-૨૦૧૯ના રોજ જ્ઞાન મંથન તેમજ વાલીમિટિંગ યોજાઈ, જેમાં વિદ્યાર્થીઓએ ૨૩૫ વિષયો પર વાલીઓ સમક્ષ પોતાનું જ્ઞાન રજૂ કર્યું હતું.

### દાદા-દાદી સત્કાર સમારોહ

● એસ. જી. એસ. વી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ધોરણ ૧થી ૪નાં બાળકોનાં દાદા-દાદી સત્કાર સમારોહનું આયોજન તા. ૩૧ જાન્યુઆરીના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોએ ડાન્સ રજૂ કર્યા હતા, તેમ જ સંગીત ખુરશી, આંધળો પાટો જેવી રમતો પણ દાદીને રમાડી હતી ત્યારબાદ દાદા-દાદીએ પોતાના પૌત્ર સાથે સેલ્ફી પડાવીને ડાન્સ પણ કર્યો હતો. આ કાર્યક્રમ દાદા દાદીઓ માટે વિસ્મરણીય બની ગયો હતો.

### વાર્ષિકોત્સવ

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલનો વાર્ષિકોત્સવ અને તેજસ્વી તારલાઓનો અભિવાદન સમારંભ મંડળના પ્રમુખ શ્રી ડૉ. કનુભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને તા. ૨૨-૦૧-૨૦૧૯ના રોજ શેઠ શ્રી ખીમજી વિસરામ હૉલમાં યોજાઈ ગયો. મહેમાનશ્રીઓ તરીકે શ્રી ડી. ડી. પટેલ (ચેરમૅનશ્રી, ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડ), સંસ્થાના દાતાશ્રીઓ જયંતીભાઈ પટેલ, રાજુભાઈ પટેલ તથા ભૂતપૂર્વ વિદ્યાર્થિની ડૉ. દિવ્યાબહેન બરંડા (નાયબ સેક્શન અધિકારીશ્રી, નર્મદા અને જળસંપત્તિ વિભાગ) ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે ''મૂલ્યધારા'' થીમ આધારિત નૃત્ય નાટિકાઓ રજૂ કરવામાં આવી હતી, તેમ જ મહેમાનશ્રીઓના વરદ્દહસ્તે મેરિટ સ્કૉલરશિપના ચેક અને સહ અભ્યાસિક પ્રવૃત્તિઓમાં રાજ્ય કે રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી પામેલ વિદ્યાર્થિનીઓને સર્ટિફિકેટ્સ એનાયત કરવામાં આવ્યાં હતાં. ડૉ. કનુભાઈ પટેલે વિદ્યાર્થિનીઓ શિક્ષણક્ષેત્રે ખૂબ પ્રગતિ કરે અને ઉચ્ચ શિખરો સર કરે તેવી શુભેચ્છાઓ આપી હતી. શ્રી ડી. ડી. પટેલે આ સંસ્થાના પ્રગતિના પાયામાં દાતાશ્રીઓ, મંડળના હોદ્દેદારશ્રીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની મહેનત તથા સંસ્થા પ્રત્યેની નિષ્ઠાની કદર કરી હતી, તેમ જ તેમણે આર્થિક સધ્ધરતા ન ધરાવનાર કોઈ પણ જ્ઞાતિની વિદ્યાર્થિનીને ઉચ્ચ શિક્ષણના અભ્યાસ માટે ફી સહાય આપવાની કરવાની જાહેરાત કરી હતી. શ્રી દિવ્યાબહેન બરંડાએ પોતાની પ્રગતિનો શ્રેય માતૃસંસ્થા શ્રીમતી એમ. બી. પટેલ કન્યા માધ્યમિક શાળાને આપી પોતાનાં સંસ્મરણો જણાવી વિદ્યાર્થિનીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

### વિજ્ઞાન પ્રદર્શન

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં તા. ૨૨-૧૨-૧૮ના રોજ અભ્યાસક્રમને કેન્દ્રમાં રાખીને વૈજ્ઞાનિક સિદ્ધાંતો આધારિત લગભગ ૧૧૫ જેટલાં મોડલ શાળાના વિજ્ઞાન શિક્ષકો તથા વાલીશ્રીઓના સહકારથી વિદ્યાર્થીઓએ તૈયાર કરી 'ડૉ. વિક્રમ સારાભાઈ વિજ્ઞાન પ્રદર્શન ૨૦૧૮'નું આયોજન કરવામાં આવતાં શ્રી અનિલભાઈ પટેલ (મૅનેજિંગ ટ્રસ્ટીશ્રી, નિસર્ગ સાયન્સ સેન્ટર) દ્વારા ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું. કૅમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમાભાઈ પટેલ મહેમાનપદે ઉપસ્થિત રહ્યા હતા. શ્રી અનિલભાઈ પટેલે પ્રદર્શનમાં રજૂ કરેલાં મોડલોનું

અવલોકન કરી સલાહસૂચનો આપ્યાં હતાં.

**વિદાય શુભેચ્છા સમારોહ**

● શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ. મા. શાળાનાં આચાર્યા સુધાબહેન જે. પટેલ અને ઑફિસ સુપરિટેન્ડેન્ટ શ્રીમતી તૃપ્તિબહેન દવે વય મર્યાદાના કારણે તા. ૩૧-૧૦-૨૦૧૮ના રોજ સેવા નિવૃત્ત થનાર હોવાથી તા. ૧૯-૧૦-૧૮ના રોજ શેઠ ખિમજી વિશ્રામ હૉલમાં વિદાય શુભેચ્છા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જેમાં મુખ્ય મહેમાન તરીકે કૅમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમાભાઈ પટેલ અને હૉસ્ટેલ સુપ્રિટેન્ડેન્ટ શ્રીમતી કૌશલ્યાબહેન ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમના પ્રારંભમાં શ્રી ગિતેશભાઈ પટેલે સૌને આવકારી મહેમાનશ્રીઓનો પરિચય કરાવ્યો હતો તેમજ આચાર્યા સુધાબહેનના કાર્યકાળ દ્વારા શાળાની પ્રગતિની ઝાંખી કરાવી હતી. આ પ્રસંગે શ્રી રમણભાઈ પટેલ, શ્રી આર. જી. પટેલ અને શ્રી વિમલભાઈએ પ્રસંગોચિત ઉદ્‌બોધનો કર્યાં હતાં. શ્રીમતી ગીતાબહેન અને શ્રીમતી કામિનીબહેન દ્વારા સન્માનપત્રોનું વાચન કરવામાં આવ્યું હતું તથા શાળા પરિવાર તરફથી આ બંનેને શાલ અને સન્માનપત્ર અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. વિદ્યાર્થિનીઓએ પણ પુષ્પગુચ્છ આપીને વિદાય ગીતો રજૂ કર્યાં હતાં. મુખ્ય મહેમાનશ્રીઓએ પ્રસંગોચિત ઉદ્‌બોધનોમાં શ્રીમતી સુધાબહેનના પ્રદાન તેમજ તેમનાં આચાર્યત્વ શિક્ષકત્વની સરાહના કરી હતી.

**વૈદિક ગણિત**

● તા. ૨૨-૧૨-૨૦૧૮ના રોજ ઇન્ટરનેશનલ મેથ્સ ડે નિમિત્તે વૈદિક ગણિતની પરીક્ષા લેવામાં આવતાં શ્રી જે. બી. પ્રાથમિક શાળાના ૧૨૫૦ અને એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા ધો. ૬થી ૮ના ૯૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

**શૈક્ષણિક મુલાકાત**

● શ્રી જે. બી. પ્રાથમિક શાળાના ધો. ૫ અને ૬ના વિદ્યાર્થીઓ માટે બે દિવસનો સૌરાષ્ટ્રનો પ્રવાસ યોજવામાં આવ્યો હતો, જેમાં ૧૦૪ વિદ્યાર્થીઓ જોડાયા હતા. પ્રવાસ દરમિયાન પ્રવાસન સ્થળો સોમનાથ, તુલસીશ્યામના ગરમ પાણીના ઝરા, દીવની દીવાદાંડી, ગુફાઓ, જૂનાગઢનાં ઐતિહાસિક સ્થળો, ગીરનાર પર્વત, અશોકનો શિલાલેખ, ભવનાથ મહાદેવ, દામોદર કુંડ, નરસિંહ મહેતાનો ચોરો, ઉપરકોટનો કિલ્લો, સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય, કાગવડ ખોડલધામ, ચોટીલા વગેરેની વિદ્યાર્થીઓએ મુલાકાત લઈ પ્રાકૃતિક સૌંદર્યની સાથેસાથે શૈક્ષણિક તેમજ ધાર્મિક માહિતી મેળવી હતી.

● સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ગર્લ્સ હૉસ્ટેલ, સેક્ટર-૨૩ની ૧૩૫૦ વિદ્યાર્થિનીઓને તા. ૨૫થી તા. ૩૧-૧૨-૧૮ દરમિયાન અક્ષરધામ સ્વામિનારાયણ મંદિરની મુલાકાતે લઈ જવામાં આવી હતી.

● શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ. મા. શાળા દ્વારા પાંચ દિવસના મહાબળેશ્વર – લોનાવાલા – ઈમેજીગાના પ્રવાસનું આયોજન કરતાં ૧૫૬ વિદ્યાર્થિનીઓ જોડાઈ હતી. આ પ્રવાસમાં વિદ્યાર્થિનીઓની સાથે શિક્ષકો શ્રી રમેશભાઈ પટેલ અને શ્રી રમણભાઈ પટેલ જોડાયા હતા.

**સ્ટ્રીટ ફૂડ ફેસ્ટિવલ-૨૦૧૯**

● સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત સેક્ટર-૨૩, સ્થિત ગર્લ્સ હૉસ્ટેલની વિદ્યાર્થિનીઓ દ્વારા તા. ૨૦-૦૧-૨૦૧૯ના રોજ 'સ્ટ્રીટ ફૂડ ફેસ્ટિવલ-૨૦૧૯'નું આયોજન કરવામાં આવતાં વિદ્યાર્થિનીઓએ આરોગ્યપ્રદ વિવિધ વાનગીઓ જેવી કે ચરોતરનું ખીચું, મહેસાણાના તુવેર ટોઠા, અમદાવાદની પાણીપૂરી, કચ્છની કચ્છી દાબેલી, કાઠિયાવાડી વઘારેલો રોટલો અને મનપસંદ ટોસ્ટ પીઝા વગેરે સ્વાદિષ્ટ વાનગીઓ તૈયાર કરી હતી. આ પ્રસંગે કૅમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમાભાઈ પટેલ, શ્રી કૌશલ્યાબહેન પરીખ, ડૉ. વીણાબહેન પટેલ, શ્રી દશરથભાઈ, શ્રી પ્રહ્‌લાદભાઈ, શ્રી નરસિંહભાઈ વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.


સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત : કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું દ્વિમાસિક વૃત્તપત્ર

**વર્ષ : ૯, અંક : ૧, જાન્યુઆરી-ફેબ્રુઆરી, ૨૦૧૯, સળંગ અંક : ૪૯**

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

પ્રકાશક : **કુલસચિવ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન : ૦૭૯-૨૩૨૪ ૪૬૯૦**

ટાઈપસેટિંગ અને મુદ્રક : **શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬ ૪૨૭૯**

## સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા કડી અને ગાંધીનગરમાં આયોજિત શૌર્યયાત્રાનાં દ્રશ્યો.



















**Sarva Vishwavidyalaya Vṛtta : Bimonthly News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar**
**Year 9, Issue No. 1 January-February 2019**
**Editor : Manibhai Prajapati**
**Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,**
**L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382016**
**Printed by : Sharda Mudranalay, 201, Tilakraj, Panchwati 1st lane, Ambawadi, Ahmedabad-6**



ઈન્ટરનેશનલ ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ અન્વયે કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલ તથા ૭ અધ્યાપકો અને ગુજરાતની અન્ય ૧૧ યુનિવર્સિટીઓના અધ્યાપકોએ યુકેની મુલાકાત લઈ પરત થયા બાદ તા. ૯ ડિસેમ્બર, ૨૦૧૮ ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત લીધી હતી તે પ્રસંગની તસવીર.

